

વાયનાડમાં ભૂસ્ખલનથી 256થી વધુના મોત : 300થી વધુ ગુમ

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



બ્રિટનમાં યોગ ક્લાસ પર હુમલો, 3 બાળકોના મોતઃ મસ્જિદ પર પથ્થરમારો

PAGE NO. 18

FRIDAY, 02 AUGUST, 2024 Vol. 22, No. 30 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### કેદારનાથ યાત્રા રુટ પર ભીંબલીમાં 20-25 મીટરનો રસ્તો ધોવાયો, તીર્થયાત્રીઓને બચાવવા હેલિકોપ્ટરની મદદ લેવી પડી

# ઉત્તરાખંડ-હિમાચલમાં વરસાદનો કહેર : 15ના મોત, 50 લાપતા

## હરિદ્વારમાં મકાન ધરાશાયી થતાં ચારના મોત અને 10 ઘાયલ થયા, કેદારનાથ યાત્રા સ્થગિત, હિમાચલમાં અનેક મકાનો તણાયા

**રુદ્રપ્રયાગ**

ઉત્તરાખંડમાં ભારેથી અતિભારે વરસાદને કારણે 12 લોકોના મોત થવાની સાથે લગભગ છ લોકો ઘાયલ થયા છે. ભારે વરસાદને પગલે રુદ્રપ્રયાગ પ્રશાસને તીર્થયાત્રીઓને કેદારનાથ યાત્રા સ્થગિત કરવાની ભલામણ પણ કરી હતી. બીજી તરફ હિમાચલ પ્રદેશના 3 જિલ્લામાં આભ ફાટવાથી ભારે તબાહી સર્જાઈ છે. ગુરુવારે સવારે વાદળ ફાટવાને કારણે શિમલાના રામપુર, કુલ્લુના નિર્મંદ અને મંડીમાં પાણીની સાથે કાટમાળ પણ આવી ગયો હતો. 50થી વધુ લોકો ગુમ છે અને 3 લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. NDRF-SDRFનું રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે. રાજ્યના મુખ્યપ્રધાન સુખવિંદર સિંહ સુખુએ શિમલાના રામપુરમાં રેસ્ક્યૂ ઓપરેશનની સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

31 જુલાઈએ સાડા નવ વાગ્યા દરમિયાન ગૌરીકૂંડ-કેદારનાથના ફૂટપાથ પર ભીંબલીમાં 20-25 મીટરનો રસ્તો ધોવાઈ ગયો હતો. ઉપરાંત પહાડી પરથી મોટા પથ્થરો નીચે આવી ગયા હતા. આવી પરિસ્થિતિમાં 450 તીર્થયાત્રીઓને ગઢવાલ મંડળ વિકાસ નિગમના ગેસ્ટ હાઉસ અને પોલીસ ચોકીમાં રાખવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં 200 તીર્થયાત્રીને હેલિકોપ્ટરની મદદથી ઉગારાયા હતા. જયારે બાકીના તીર્થયાત્રીઓને વૈકલ્પિક પગપાળાના રસ્તે બહાર કાઢીને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યાં હતા.



પરિસ્થિતિ ગંભીર જણાતા રુદ્રપ્રયાગ જિલ્લા પ્રશાસન દ્વારા કેદારનાથ દર્શન કરવા માટે આવેલા યાત્રીને હાલ જ્યાં હોય ત્યાં સુરક્ષિત જગ્યા રહેવા અને કેદારનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી હોવાનું જણાવ્યું હતુ. આ ઉપરાંત, સોનપ્રયાગના મોટરમાર્ગ અને પગપાત્રા રુટનો રસ્તો ખરાબ હાલતમાં છે.

સોનપ્રયાગમાં મંદાકિની નદીના જળસ્તરમાં વધારો થતાં નજીક વિસ્તારોને સતર્ક રહેવા સુચનો કરાયા હતા. ઉપરાંત, નજીકના પાર્કિંગ વિસ્તાર પણ ખાલી કરાવવામાં આવ્યો છે. હરિદ્વાર જિલ્લાના રૂડકી વિસ્તારના ભારપુર ગામમાં ભારે વરસાદને કારણે મકાન ધરાશાયી થતાં ચાર લોકોના મોત અને 10 લોકો ઘાયલ થયા હતા. જેમાંથી આઠની હાલત ગંભીર હોવાના અહેવાલો છે.

હિમાચલમાં ભારે વરસાદને કારણે મનાલી કુલ્લુ લેહ હાઈવે બ્લોક થઈ ગયો હતો. પાર્વતી નદીના જળસ્તરમાં વધારો થયો હતો. ઉપરાંત મલાણામાં પાવર પ્રોજેક્ટ-1નો ડેમ તૂટી ગયો હતો. મંડી જિલ્લામાં તમામ શાળાઓ, કોલેજો અને કોચિંગ સેન્ટરો બંધ કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે. હિમાચલના મંડી જિલ્લાના રાજવન ગામમાં મોડી રાત્રે વાદળ ફાટવાને કારણે તબાહી મચી ગઈ હતી. પાણીના જોરદાર પ્રવાહથી અનેક ઘરો ઘરાશાયી થયા છે. આ ઘટનામાં એકનું મોત થયું છે. જ્યારે 10થી વધુ લોકો ગુમ થયાના અહેવાલ છે.

ઉલ્લેખનીય છે કે, કેદારનાથમાં ભયાનક ભૂસ્ખલનની ઘટના બાદ હવે કુલ્લુમાં પણ આભ ફાટવાં અને ભયાનક ભૂસ્ખલન થયાની ઘટના સામે આવી હતી. જેના લીધે વિનાશના દૃશ્યો સર્જાયા છે. સૌથી વધુ નુકસાન અહીં નિરમંડ ઉપમંડલના બાગીપુલ વિસ્તાર થયું હતું. અહીં લગભગ 9 જેટલાં મકાન ભૂસ્ખલનની લપેટમાં આવી ગયા હતા. જેના લીધે એક આખો પરિવાર એટલે કે ચાર લોકો મકાન સહિત ભૂસ્ખલનમાં વહી ગયા હતા.






















# બ્રામ્પ્ટનના ગુજરાતી સિનિયર ગ્રુપ દ્વારા ‘કેનેડા ડે’ અને ગુરૂપૂર્ણિમાની ઉજવણી

## ‘Oh Canada’ અને ‘જન ગણ મન’ ગીતનું સમુહમાં ગાન કરાયુ, શહીદોને શ્રદ્ધાંજલી અપાઈ



**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનની મીટીંગ, ૨૮ Julyના રોજ ગોરમેડો લાયબ્રેરી ખાતે યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત ‘ॐ तत् श्री नारायण’ પ્રાર્થનાથી થયા બાદ ‘Oh Canada’ અને ‘જન ગણ મન’ બંને રાષ્ટ્રીય ગીતોનું સમૂહ ગાન કરવામાં આવ્યું હતુ. દક્ષાબેન રાજાએ કમિટી મેમ્બર્સ, કીચન કમિટી તથા સૌ સભ્ય ભાઈ બહેનોને પ્રેમથી આવકાર્યા બાદ ૨૬ જુલાઈના રોજ ‘કારગીલ વિજય દિવસ’ નિમિત્તે દક્ષાબેન રાજાએ ‘ये मेरे वतनके लोगों ’ ગીત ગાઈ અમર શહીદોને શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી. સંસ્થાના ભૂતપૂર્વ સભ્ય સ્વ. વિરેનભાઈ શાહને તથા સુમનભાઈ-કુસુમબેન પટેલના પુત્રવધૂ સ્વ. મીકી પટેલને શ્રદ્ધાંજલિ આપી હતી. ગરવી ગુજરાતના પ્રમુખ વિક્મભાઈ પટેલનું સ્વાસ્થ્ય નિરામય રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરાઈ હતી. ત્યારબાદ સુનિતાબેન ઠાકરે remix songs ‘बिंदिया चमकेगी અને इतना प्यारा’ પર સુંદર કસરત કરાવી હતી. રસિકભાઈ રાજાએ જૂન - જુલાઈ મહિનામાં આવેલા ડોનેશનની જાહેરાત કરી હતી. મનુભાઈ- સરોજબેન પટેલે મંડળની સેવા કરવા બદલ દક્ષાબેન-રસિકભાઈ રાજા, શિલાબેન-બીપીનભાઈ નેગાંધી, અનીલભાઈ-દીપિકાબેન જેઠવા, અરૂણભાઈ-ગીતાબેન મહેતા અને જ્યોતિબેન શાહને સર્ટીફીકેટ્સ આપી સન્માન કર્યું હતુ. કાર્યક્રમની શરુઆતમાં કૌશિકાબેન જોષીએ ગુરૂપૂર્ણિમાના સંદર્ભમાં સુંદર ડાન્સ દ્વારા ગુરૂવંદના કરાઈ હતી. મિનલબેન મિસ્ત્રીએ સંત કબીરના ગુરૂ શ્રી રામાનુજાચાર્ય વિષે માહિતી આપી, સુંદર ભજન રજૂ કર્યું હતુ. પદમાબેન-અમીતાબેન એન્ડ ગ્રુપે મિશ્ર રાસ+હુડો, (સૌરાષ્ટ્રના પ્રસિધ્ધ falk dance ) gracefully રજૂ કરી સૌને ખૂબ આનંદિત કર્યા હતા. કુંદનબેન ગોંસાઈએ મંડળના સંદર્ભમાં પોતાનું વક્તવ્ય આપ્યું હતુ. હિતેશભાઈ એન્ડ ગ્રુપે funny actions સાથે ‘કોમેડી ફેક્ટરીનો સનેડો’ રજૂ કરી સૌને ખૂબ આનંદિત કર્યા હતા. ચારુબેન એન્ડ ગ્રુપે રથયાત્રાના ગીત પર સુંદર ડાન્સ દ્વારા ભગવાન જગન્નાથજીને નમસ્કાર કર્યા હતા. ત્યારબાદ નિલાબેન શાહ અને દીપિકાબેન પાઠકે brain exercise game ‘Simon Says’ રમાડી હતી. અંતે આગામી 25મી ઓગષ્ટે નંદ ઘેર આનંદ ભયોની થઈમ પર યોજનારા જન્માષ્ટમી અને રક્ષાબંધનના કાર્યક્રમની જાહેરાત કરાઈ હતી.

# હાઈવે નં.16 મર્યાદીત ધોરણે કોમર્શિયલ ટ્રાફિક માટે ખુલશે

**અલ્બર્ટા**

જેસ્પરમાં જંગલમાં આગ સળગી રહી છે, ત્યારે રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી પસાર થતો મહત્ત્વનો હાઈવે માર્ગ કોમર્શિયલ ટ્રાફિક માટે મર્યાદિત ધોરણે ફરી ખુલી રહ્યો છે. પાર્ક્સ કેનેડાએ બુધવારે રાત્રે એક કલાકના સમયગાળા માટે હાઈવે 16 પર 11,794 કિલોગ્રામથી વધુ વજન ધરાવતા કોમર્શિયલ વાહનોને પ્રવેશની મંજૂરી આપી હતી. કોમર્શિયલ ઍક્સેસ માટે વધારાનો સમય ઉપલબ્ધ હશે. જો કે ફેડરલ એજન્સી નોંધની ઍક્સેસ આગની પેટર્ન અને ઓપરેશનલ જરૂરિયાતોને આધારે નોટિસ વિના બદલી શકે છે. જાહેર સલામતી અને ઈમર્જન્સી સેવાઓના પ્રધાન માઈક એલિસે બુધવારે બપોરે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, હાઈવે નંબર 16 એ દિવસે કોમર્શિયલ ટ્રાફિક માટે ખુલશે. આલ્બર્ટાની સરકાર સમજે છે કે આ એક મહત્વપૂર્ણ ઈકોનોમિક કોરિડોર છે અને પાર્કમાંથી ફરી મોટી ટ્રકો અને ટ્રેક્ટર-ટ્રેલર પસાર થાય તે અમારી પ્રાથમિકતા છે. આલ્બર્ટા સરકારે, પ્રીમિયર અને કેબિનેટ મંત્રીઓ સહિત, હાઈવેને કોમર્શિયલ વાહન ટ્રાફિક માટે ખુલ્લો રાખવાના મહત્વ પર દબાણ કર્યું છે, એમ એલિસે જણાવ્યું હતું.

# કેનેડિયન વરિષ્ઠોને મળતી લાભની રકમમાં વધારો થશે

**ઓન્ટેરિયો**

કેનેડિયન વરિષ્ઠો માટે મળતી લાભની રકમમાં થોડો વધારો થઈ રહ્યો છે. સોમવારના રોજ બહાર પડનારા ઓલ્ડ એજ સિક્યોરિટીના અહેવાલ મુજબ લાભોની જુલાઈની રકમ, ફુગાવાને કારણે પાછલા વર્ષની સરખામણીમાં 2.8 ટકા વધી રહી છે. સરકારના જણાવ્યા અનુસાર જુલાઈથી સપ્ટેમ્બરના સમયગાળા માટે OAS લાભો 0.7 ટકા વધી રહ્યા છે. જુલાઈ 2022માં 75 અને તેથી વધુ વયના વરિષ્ઠ લોકો માટે OAS પેન્શનમાં કાયમી ધોરણે 10 ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. આ માસિક કરપાત્ર ચુકવણીઓ છે, જે 65 વર્ષ કે તેથી વધુ વયના કેનેડિયનોને આપવામાં આવે છે. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) દ્વારા માપવામાં આવતા જીવન ખર્ચમાં વધારો દર્શાવવા દર વર્ષે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબરમાં રકમની સમીક્ષા કરવામાં આવે છે. OAS પેન્શનની રકમ વ્યક્તિની ઉંમર, તેઓ પુખ્ત વયે કેનેડામાં કેટલા સમયથી રહે છે અને તેમની આવક પર આધારિત છે. જુલાઈ 29ના રોજ 65થી 74 વર્ષની વયના પાત્ર વરિષ્ઠોએ $ 718.33 સુધીની મહત્તમ માસિક રકમ આપવાની હતી.













# કેનેડામાં કારનું ટાયર ફાટતાં અકસ્માતમાં ભારતીય મૂળની યુવતી સહિત 3ના મૃત્યુ

## મૃતક મહિલાની સગાઈ થોડા દિવસ પહેલાં પંજાબના પટિયાલામાં થઈ હતી

**પટિયાલા**

સામનાની 23 વર્ષની યુવતી રશમદીપ કૌરે કેનેડામાં કાર અકસ્માતમાં દુઃખદ રીતે પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ અકસ્માત કેનેડાના માઉન્ટેન શહેરમાં થયો હતો, જ્યારે રશમદીપ તેના મિત્ર હરમન અને હરમનના ભાઈ નવજોત સાથે ટેક્સીમાં મુસાફરી કરી રહી હતી, જેઓ બંને લુધિયાણા જિલ્લાના એક ગામના વતની હતા. ત્રણેય તેમના કાયમી રહેઠાણના દસ્તાવેજો સબમિટ કર્યા પછી પાછા ફરી રહ્યા હતા, જ્યારે ટેક્સીનું ટાયર કથિત રીતે ફાટ્યું હતું, જેના કારણે વાહન પર કાબૂ ગુમાવ્યો હતો અને ત્રણેયના મોત નિપજ્યા હતા. જ્યારે ડ્રાઈવર ભયાનક અકસ્માતમાં બચી ગયો હતો. રશમદીપ ચાર વર્ષ પહેલાં અભ્યાસ કરવા માટે કેનેડા ગઈ હતી અને હાલમાં વર્ક પરમિટ પર ત્યાં રહેતી હતી. રશમદીપે હાલમાં જ ચાર મહિના પહેલા પટિયાલામાં સગાઈ કરી હતી. રશમદીપના માતા-પિતા બંને સરકારી શાળામાં શિક્ષક છે. તેની માતા સામનાની સરકારી કન્યાશાળામાં ભણાવે છે, જ્યારે તેના પિતા ભૂપિન્દરસિંહ હરિયાણાના મેહમૂદપુરની સરકારી શાળામાં શિક્ષક છે. તેના માતા-પિતા ઉપરાંત રશમદીપનો 20 વર્ષનો નાનો ભાઈ છે, જે પરિવાર સાથે સામનામાં રહે છે. રશમદીપના કાકા ચમકૌરસિંહે અકસ્માતની વિગતો શેર કરી હતી.

# ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ નેબરહુડ એસો. દ્વારા સ્ટ્રીટ BBQ પાર્ટી યોજાઈ






## એકતા અને સહિયારાની ભાવનાને ગાઢ બનાવવા માટે મેયર બ્રાઉને ઈવેન્ટની આવશ્યકતા પર ભાર મૂક્યો

**બ્રામ્પ્ટન**

ફ્લાવર સિટી ફ્રેન્ડ્સ ક્લબ નેબરહુડ એસો. દ્વારા સ્ટ્રીટ BBQ પાર્ટી યોજાઈ હતી. જેમાં લેકલેન્ડ વિલેજ પાર્ક ખાતે 200થી વધુ સભ્યોએ ભાગ લીધો હતો. બ્રામ્પ્ટન સિટીએ BBQ પાર્ટીને ઉદારતાથી ટેકો આપ્યો અને ભંડોળ પૂરું પાડ્યું હતુ. મુખ્ય અતિથિ મેયર પેટ્રિક બ્રાઉને કાર્યક્રમનું ઉદઘાટન કરી ભાઈચારો, એકતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે આવા મેળાવડાના મહત્વ ઉપર ભાર મૂક્યો હતો.સાથે જ મેયર પેટ્રિક બ્રાઉને જણાવ્યું હતું કે, “મજબૂત સમુદાયો બનાવવા માટે આ પ્રકારની ઘટનાઓ નિર્ણાયક છે. તે આપણને એકબીજાની નજીક લાવે છે, એકતા અને સહિયારા હેતુની ભાવના સમાજ માટે લાભદાયી છે. ઈવેન્ટના આયોજકો પૈકી મેજર જગમોહન કાબુલીએ મહેમાનો માટે રસોઈ બનાવવાની જવાબદારી સંભાળી હતી. કમલ બાબરે કાર્યક્રમમાં સહભાગી થવા બદલ આનંદલની લાગણી વ્યક્ત કરી હતી.

જયારે પ્રાદેશિક કાઉન્સિલર રોવેના સાન્તોસે, તેમની સમર્પિત સ્વયંસેવકોની ટીમ સાથે ઈવેન્ટની સફળતાને સુનિશ્ચિત કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી. કાઉન્સિલર સાન્તોસે ટિપ્પણી કરી હતી કે, “અમારા સ્વયંસેવકોએ આ ઈવેન્ટને ભવ્ય સફળ બનાવવા માટે અથાક મહેનત કરી હતી.

# દુરહામ રંગતરંગ ગ્રુપ દ્વારા ગ્રીન વુડ પાર્કમાં પિકનિક : વડીલોએ જૂના સંસ્મરણો વાગોળ્યા

## બાળકો, યુવાનો અને મહિલાઓએ રમતોનો આનંદ માણ્યો, અંતાક્ષરીમાં ગીતોની રમઝટ

**દુરહામ :** કેનેડામાં ચારથી પાંચ મહિનાના શિયાળામાં નાનો દિવસ, મોટી રાત્રી અને ઠુંઠવતી ઠંડીમાં મહત્તમ લોકો ઘરમાં પુરાઈ રહેવાનું મુનાસિબ માને છે. આકાશમાં સહેજ સહેજ ડોકિયાં કરતા સૂર્યદેવ દેખાવા માંડે એટલે બધામાં થોડી ઊર્જાનો સંચાર થાય. આવા વાતાવરણમાં આનંદ માણવા Durham region રંગતરંગ ગ્રુપના સભ્યો દ્વારા 28મી જુલાઈએ Greenwood પાર્કમાં પિકનિકનું આયોજન કરાયું હતુ. ત્રણ પેઢીના સંગમ સમા આ કાર્યક્રમમાં વડીલોને મોટા ઝાડના છાંયડામાં બેસાડાતા સૌ જુના સંસ્મરણો વાગોળવા માંડ્યા હતા. જ્યારે નાસ્તો કર્યા બાદ યુવાનો, મહિલાઓ અને બાળકોની રમતોનો દોર ચાલુ થયો હતો. જે બાદ અંતાક્ષરીની હરીફાઈ વેળા પણ અવનવા ગીતોની રમઝટ જામી હતી.










તંત્રી સ્થાનેથી

# વાયનાડમાં ભૂસ્ખલન-તારાજી : વૃક્ષોનું નિકંદન અને બેફામ બાંધકામ કારણભૂત

કેરળના વાયનાડમાં ચારેક દિવસ પહેલાં ભૂસ્ખલનથી ભારે તબાહી સર્જાઈ છે. અત્યાર સુધીમાં આ ઘટનામા 256 લોકોના મોત થઈ ચૂક્યા છે. જ્યારે 200થી વધુ લોકો લાપતા છે. જો કે, બિનસત્તાવાર રીતે આ આંકડો અનેક ઘણો હોવાનું મનાય છે. સામાન્ય રીતે ભારતમાં પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનની ઘટનાઓ નોંધાતી હોય છે. પરંતુ આ વખતે કેરળ જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં ઘટના બનતાં સૌકોઈ આશ્ચર્યમાં મુકાઈ ગયુ છે. આજથી પાંચ વર્ષ પહેલાં ૨૦૧૯માં વાયનાડનાં મુંડક્કાઈ, ચુરામાલા, અટ્ટમાલા અને નૂલપુઝા એ ૪ ગામોમાં ભૂસ્ખલન થયું હતુ. તેમાં ૧૭ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે પાંચ લોકો તો આજદિન સુધી મળ્યા નથી. એ વખતે પણ ૫૨ મકાનો ધરાશાયી થયાં હતાં. આ ઘટના બાદ પણ તંત્ર કે સરકારે ગંભીરતા ન દાખવી, પરિણામે આ વખતે ૫૦૦થી વધારે મકાન ધરાશાયી થયાં છે.



તંત્રી - સ્વદેશ

હકીકતમાં વાયનાડમાં પખવાડિયાથી સતત ભારે વરસાદ થતાં લોકો ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. એવામાં મંગળવારે વહેલી સવારે અચાનક જ પહાડીઓ ઉપરથી પથ્થરો પડવાના અવાજો આવ્યા. આ પહેલાં સોમવારે બપોરે 1.30 વાગ્યે અવાજ થયો અને લોકોની બૂમો સંભળાઈ હતી. આ સાંભળી આસપાસ રહેતા લોકોમાં થોડો ઉચાટ વર્તાયો, પરંતુ પછી ભારે વરસાદ હોવાથી સામાન્ય ભૂસ્ખલન હશે અને જેઓ મદદ માટે બૂમો પાડતા હતા તેઓ સુરક્ષિત રહેશે તેમ માનીને આસપાસના રહિશો પણ સૂઈ ગયા. પરંતુ સવારે 3.30 વાગ્યાની આસપાસ ફરીથી જોરદાર અવાજ આવ્યો અને બધુ વહી ગયુ. આ ઘટના બાદ સવારે 7 વાગ્યે આસપાસના લોકો તે સ્થળે પહોંચ્યા, જ્યાંથી મદદ માટે ચીસો પડી હતી. આ સમયે કાદવ, પાણી અને કાટમાળ વહી રહ્યા હતા. થોડી જ વારમાં લીલોછમ વિસ્તાર નદીમાં ફેરવાઈ ગયો હતો અને આજુબાજુના મોટાભાગના ઘરો પણ ગાયબ હતા.

પછી તપાસ થઈ તો ૪ કલાકમાં જ ત્રણ મોટા ભૂસ્ખલન થયા હોવાનું બહાર આવ્યું હતુ. ઘટના એટલી વિનાશકારી છે કે, ચોથા દિવસે પણ બચાવ દળોને નાશ પામેલા ઘરો અને ઈમારતોમાં શોધખોળ દરમિયાન કાદવવાળી માટી અને વરસાદ જેવી પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો હતો. હાલમાં આર્મી, નેવી, એનડીઆરએફ, પોલીસ, ફાયર અને રેસ્ક્યુ સહિત ૧૬૦૦થી વધુ બચાવકર્મીઓ ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારમાં છે. તેમના સિવાય ત્યાં વિસ્તારથી પરિચિત સ્થાનિકો અને અન્ય કાર્યકરો કામગીરીમાં મદદ કરી રહ્યા છે. હજી પણ અસંખ્ય લોકો લાપતા હોવાનું માનવામાં આવી રહ્યું છે.

નિષ્ણાતોના મતે, કેરળમાં આડેધડ બાંધકામો કરીને જમીનના સ્તરને નુકસાન કરાયું છે, તેના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. ભૂસ્ખલનનો સામનો કરનાર વાયનાડ કેરળનો એકમાત્ર જિલ્લો નથી. કેરળના મોટાભાગના જિલ્લાઓમાં લાંબા સમયથી આ સમસ્યા છે. જો કે, અત્યાર સુધી ત્યાં મોટા પ્રમાણમાં જાનહાનિ થઈ નથી. કેરળમાં આટલી તબાહી થઈ તેનું કારણ એ છે કે, કેરળમાં વાયનાડ માટી, પથ્થરો અને તેના ઉપર ઊગેલાં વૃક્ષોનો ઊંચો અને ટેકરાવાળો વિસ્તાર છે. રાજ્યમાં આ એકમાત્ર ઉચ્ચપ્રદેશ છે. વાયનાડની માટી લેટેરાઈટ માટી છે. એટલે કે, ખૂબ જ નબળી કક્ષાની છે. આ માટી વરસાદના સમયે પાણીનો બોજ સહી નથી શકતી. પાણી પડે એટલે તેનું ધોવાણ થવા માંડે. આવા સંજોગોમાં જમીનનો નીચલો સ્તર મજબૂત ન હોય તો ભૂસ્ખલનના સંજોગો ઉભા થઈ જાય છે.

વાયનાડમાં છેલ્લાં કેટલાંક વરસોથી વરસાદ પણ વધારે પડે છે. ૨૦૧૯માં વાયનાડમાં કેટલાક વિસ્તારમાં ૪૦૦૦ મિલીમીટર વરસાદ થયો હતો. ૪૦૦૦ મિલીમીટર વરસાદ એટલે ૧૬૦ ઈંચ વરસાદ થયો. ગુજરાતમાં સરેરાશ ૩૫ ઈંચ વરસાદ પડે છે. વાયનાડમાં તો એક દાયકાનો સરેરાશ વરસાદ પણ ૨૨૦૦ મિલિમીટર એટલે કે, ૮૮ ઈંચ છે. ભારે વરસાદને કારણે વાયનાડમાં સતત ધોવાણ થઈ રહ્યું છે. મંગળવારે વિનાશક દુર્ઘટના પણ જમીનના ધોવાણને કારણે જ ઘટી હતી. વાયનાડ જેવી ઘટના દેશમાં પણ ગમે ત્યાં બની શકે છે.

જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના તાજેતરના અભ્યાસ પ્રમાણે કેરળનો લગભગ ૪૩ ટકા વિસ્તાર ભૂસ્ખલનનો શિકાર બની શકે તેમ છે. તેનું કારણ પણ સમજવા જેવું છે. કેરળમાં છેલ્લાં ૧૦૦થી વધુ વર્ષોથી ચાનું વાવેતર થાય છે. પણ છેલ્લાં કેટલાક સમયથી જંગલોને આડેધડ કાપવામાં આવી રહ્યા છે. વાતાવરણમાં ફેરફાર થવાને કારણે વરસાદની પેટર્ન પણ બદલાઈ ગઈ છે. વધારે વરસાદ પડે એટલે માટી ધોવાય છે. તેથી ઢાળવાળા વિસ્તારોમાં ભૂસ્ખલન વધી રહ્યું છે. કેરળના અનેક જિલ્લા પશ્ચિમ ઘાટના ઊચ્ચપ્રદેશના ઢોળાવ ઉપર આવેલા છે. જ્યાં ખીણો અને ટેકરીઓ છે. આ વિસ્તારોમાં ગમે ત્યારે ભૂસ્ખલનનો કેર વર્તાવાનો ખતરો છે. જમીનમાં ફેરફારને કારણે ઘટના વધી છે.

કેરળમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના નામે આડેધડ બાંધકામને કારણે આફતો વધતી જાય છે. ખેતી થતી હોય ત્યારે જમીનમાં ભેજ રહેતો હોવાથી માટી બંધાયેલી રહે છે. પણ બાંધકામ કરાય ત્યારે માટી બંધાયેલી રહેતી નથી. તેથી ઝડપથી નીચે જવા માંડે છે અને ભૂસ્ખલન થઈ જાય છે. કેરળમાં એ જ થઈ રહ્યું છે. વાસ્તવમાં ભારતના મોટા ભાગના પહાડી વિસ્તારોમાં આ રીતે જ આડેધડ બાંધકામો થઈ રહ્યાં છે. ઉત્તરાખંડમાં તેનાં ખરાબ પરિણામો આવી ચુક્યા છે. હવે કેરળમાં પણ એ જ સ્થિતિ સર્જાઈ રહી છે. વાયનાડમાં બીજો એક ખતરો બાણાસુર સાગર બંધના કારણે છે. બાણાસુર સાગર બંધ ભારતમાં માટીનો બનેલો સૌથી મોટો અને એશિયામાં બીજો સૌથી મોટો બંધ છે.

માટી અને પથ્થરોના વિશાળ ગોળાઓનો બનેલો આ બંધ વાયનાડના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં કરલાડ સરોવરની નજીક આવેલો છે. બાણાસુર સાગર ડેમની ઊંચાઈ ૩૮.૫ મીટર એટલે કે ૧૨૬ ફૂટ અને લંબાઈ ૬૮૫ મીટર એટલે કે ૨,૨૪૭ ફૂટ છે. આ ડેમને કંઈ થાય તો મોટાપાયે તબાહી થઈ શકે. કેરળની તબાહી આખા દેશનાં લોકો માટે એક મોટી ચેતવણી છે. આ પ્રકારની સ્થિતિ બીજે ના સર્જાય એટલા માટે સરકારે જાગવું જોઈએ અને જમીનનું જતન કરવું જોઈએ. કેરળની સરકારે ઘોડા છૂટ્યા પછી તબેલાને તાળા મારતા હોય તેમ રાજ્યની તમામ ગ્રેનાઈટ ક્વોરીને કામચલાઉ ધોરણે બંધ રાખવા માટે કહી દીધું છે, પણ તેનાથી ફરક પડે તેવી શક્યતા ઓછી છે.

manoj1968@yahoo. ca






# સુરતમાં 'મુન્નાભાઈ MBBS'નો રાફડો ફાટ્યો એકસાથે 16 બોગસ ડૉક્ટર ઝડપાતા ખળભળાટ

**સુરત**

સુરત સિટી પોલીસના એસઓજી દ્વારા પાંડેસરા અને ડીંડોલી વિસ્તારમાં દરોડા પાડી 16 બોગસ તબીબને ઝડપી પાડ્યા હતા. ઈન્જેક્શન, સીરપ અને દવા મળી કુલ 2.35 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

એસઓજીની ટીમ દ્વારા બુધવારે (31મી જુલાઈ) પાંડેસરા અને ડીંડોલી વિસ્તારમાં 17 ઠેકાણે બોગસ તબીબની હાંટડીઓ ધમધમી રહી હોવાની બાતમી મળી હતી. જેથી તબીબની ડિગ્રી વગર કે પછી બોગસ ડિગ્રીના આધારે ક્લિનીક કે દવાખાના શરૂ કરી લોકના સ્વાસ્થ્યની સાથે ચેડા કરનાર તબીબોની શોધખોળ માટે અલગ-અલગ ટીમ બનાવીને દરોડા પાડયા હતા. આ દમિયાન પોલીસ અને હેલ્થ અધિકારીની ટીમને એક-બે નહીં. પરંતુ 16 જેટલા બોગસ તબીબ મળી આવ્યા હતા. પોલીસે ક્લિનીક અને દવાખાનામાં સર્ચ દરમિયાન ઈન્જેક્શનક, સીરપ અને જુદી-જુદી દવા મળીને કુલ 2.35 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા બોગસ તબીબોની પૂછપરછમાં તેઓ અગાઉ ક્લિનીક, દવાખાના અથવા તો હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરતા હતા.

બે બોગસ ડોકટરો માર્ચ મહિનામાં પણ પકડાયા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર, ડીંડોલીના હરિનગરમાં મધુમીતા ક્લિનીક ચલાવતા ઉત્તમ બિમલ ચક્રવતી અને શીવનગર સોસાયટીમાં સાંઇ ક્લિનીક ચલાવતા સંજય રામક્રિપાલ મોર્યાને ઝડપી પાડયા હતા. મધુમતા કિલનીકમાંથી 7 હજાર રૂપિયાથી વધુ અને સાંઈ ક્લિનીકમાંથી 83 હજાર રૂપિયાથી વધુની દવા, ઈન્જેકશનનો જથ્થો કબજે કર્યો હતો.

# લેન્ડ ગ્રેબીંગ એક્ટના અમલ બાદ સુરતમાં ચાર વર્ષમાં 132 ફરિયાદ

## 72 લેન્ડ ગ્રેબરોએ કબજો છોડયો, 26 સામે ફોજદારી

**સુરત**

લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ છેલ્લા ત્રણ મહિનામાં આવેલી ૨૪૪ અરજીઓમાંથી ૨૬માં ફોજદારી ગુનો દાખલ કરવાની સાથે જ લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ થતા જ સુરત જિલ્લામાં ૭૨ લેન્ડ ગ્રેબરોએ જમીન, ફલેટ, દુકાન, પ્લોટ, મકાનનો કબ્જો છોડી દીધો હતો. છેલ્લા ત્રણ મહિનામાં સુરત જિલ્લામાં અંદાજે રૂા.૧૫૨ કરોડની સંપતિ મુળ માલિકને પરત આપવામાં આવશે. કાયદો અમલમાં આવ્યા બાદ અત્યાર સુધીમાં ૧૩૨ પો. ફરિયાદ, ફરિયાદ થતા ૧૧૪ માં કબ્જો છોડી દીધો હતો.

જમીન, મકાન, દુકાન, ફલેટ કે પ્લોટ પચાવી પાડયાની ઉઠતી ફરિયાદોમાં લેન્ડગ્રેબરો સામે કાર્યવાહી કરવા માટે રાજય સરકારે સને-૨૦૨૦ માં લેન્ડગ્રેબીગ એકટ પસાર કર્યો હતો. આ એકટ હેઠળ ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજાની જોગવાઇ છે. આ સાથે એક કમિટી બનાવાઇ છે. આ લેન્ડ ગ્રેબીંગ એકટ સમિતિ દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં કેસોના કરાયેલા નિકાલને લઈને અધિકારીઓએ પ્રેસ કોન્ફરન્સ બોલાવીને માહિતી આપી હતી કે આ કમિટી સમક્ષ છેલ્લા ત્રણ મહિનામાં ૨૪૪ અરજીઓ આવી હતી.

# અમેરિકાની ચૂંટણીમાં યોગી પટેલ રિપબ્લિકન પાર્ટીમાંથી ઝંપલાવાશે

**સુરત**

અમેરિકામાં આગામી નવેમ્બરમાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાવાની છે ત્યારે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર યોગી પટેલે અમેરિકામાં ચૂંટણીમાં ઝંપલાવ્યા બાદ તેઓએ વિકાસ માટે પોતે આખો મેપ જણાવ્યો હતો. જેમાં વિવિધ વર્ગો અને પાંસાઓને ધ્યાનમાં લીધા હતા.

ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન દ્વારા હાથ ધરવામાં આવેલી 20 મોટી ડિરેગ્યુલેટરી ક્રિયાઓથી અમેરિકન ગ્રાહકો અને વ્યવસાયોને દર વર્ષે 220 ડોલર બિલિયનથી વધુની બચત થવાની અપેક્ષા છે.

અમેરિકાના લોસએન્જલસ ખાતે છેલ્લા 20 વર્ષથી રહેતા યોગી પટેલ મૂળ સુરતના છે અને કેમિકલ એન્જિયર પણ તેઓ વિદેશમાં રહીને જ ભણીને બન્યા છે. રિઅલ એસ્ટેટથી માંડીને હોટેલ એન્ડ મોટેલ ઈન્ડસ્ટ્રીઝમાં તેમણે પોતાનું નામ કમાયુ છે તો કોમર્શિયલ બિલ્ડીંગ એક્ટિવીટીમાં પણ તેમનું નામ મોટુ માનવામાં આવે છે. હાલમાં જ તેમને આર્ટેસિયા ખાતેથી કાઉન્સીલમેન તરીકેના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. એમ તો યોગી પટેલ છેલ્લા ઘણા સમયથી સામાજિક સેવા સાથે પણ સંકળાયેલા છે અને વિવિધ હોદ્દાઓ પર માનદ સેવા પુરી પાડી રહ્યા છે.

# સુરતમાં ભાજપના પૂર્વ કોર્પોરેટર અને જમાઈ વિરુદ્ધ રૂ.68.78 લાખની ઠગાઈની ફરિયાદ

## રાજેન્દ્રકુમાર અગ્રવાલ અને જમાઈ મોહિતે પ્રતિભા ફેબ્રિક્સને જોબવર્કનું પેમેન્ટ કર્યું નહીં

**સુરત**

સુરતના ઉધના હરિનગરમાં રહેતા 57 વર્ષીય સત્યદેવભાઈ મનોરામ મિશ્રા પાંડેસરા જીઆઈડીસી સ્થિત પ્રતિભા ફેબ્રિક્સ લી. માં સેલ્સ માર્કેટીંગ મેનેજર તરીકે નોકરી કરે છે.જાન્યુઆરી 2018 માં સુરત મહાનગરપાલિકામાં અગાઉ ડુંભાલ વિસ્તારમાં કોર્પોરેટર રહેલા રાજેન્દ્રકુમાર બાબુલાલ અગ્રવાલ તેમના જમાઈ મોહિત અશોકભાઈ ખૈતાન સાથે સત્યદેવભાઈને મળવા ઓફિસે આવ્યા હતા. પોતે કાપડનો વેપાર કરે છે અને તેમની ગેરહાજરીમાં તેમની પેઢીમાં મેનેજર તરીકે તેમના જમાઈ મોહિત ખૈતાન વહીવટ સંભાળે છે તેમ કહી તમારે ત્યાં ગ્રે કાપડ ઉપર ડાઈંગ અને પ્રિન્ટીંગનું જોબવર્ક કરાવી સમયસર પેમેન્ટ કરવાની બાંહેધરી આપતા સત્યદેવભાઈએ તેમની સાથે વેપાર શરૂ કર્યો હતો.

સસરા-જમાઈએ શરૂઆતમાં ગ્રે કાપડ ઉપર ડાઈંગ અને પ્રિન્ટીંગનું જોબવર્ક કરાવી સમયસર પેમેન્ટ કરી વિશ્વાસ કેળવ્યો હતો.જોકે, 31 મે થી 19 ઓકટોબર 2022 દરમિયાન તેમણે કરાવેલા જોબવર્કના કુલ પેમેન્ટ રૂ.68,77,612 નું પેમેન્ટ નહીં કરતા સત્યદેવભાઈએ પ્રતિભા ફેબ્રિક્સના ડિરેક્ટર મહેન્દ્રભાઈ શર્માને જાણ કરતા તેમણે રાજેન્દ્રકુમાર અગ્રવાલ અને તેમના જમાઈ સાથે મિટિંગ કરી હતી. મિટિંગમાં બાહેંધરી આપનાર સસરા-જમાઈએ માત્ર 1,18,401 નું પેમેન્ટ કરી રૂ. 68,77,612 બાકી રાખ્યા હતા.ત્યાર બાદ બંને વાયદા કરતા હતા અને પોતાની ત્રણેય દુકાનો બંધ કરી દીધી હતી


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો
-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી
-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# ગાંધીનગરમાં ભાજપ નેતાના પુત્ર પ્રિન્સ મિસ્ત્રીએ દેવું ચૂકવવા 76 વાહન ભાડે લઈ ગીરવે મૂક્યા

## ગાડીઓનો ઉપયોગ ગુનામાં થયાની શકયતાને આધારે પોલીસે તપાસ શરૂ કરી

**ગાંધીનગર**

ગાંધીનગર- લોકસભાની ચૂંટણી દરમિયાન કમલમમાં ગાડીઓની જરૂર હોવાનું કહીને અનેક લોકો પાસેથી ગાડીઓ ભાડે લઈને ભાજપના બક્ષીપંચના નેતાના પુત્ર પ્રિન્સ મિસ્ત્રીએ મોટાપ્રમાણમાં છેતરપિંડી આચરી હતી. જે અંગે ગુનો નોંધવામાં આવતા ક્રાઈમબ્રાંચે તેની ધરપકડ કરીને પુછપરછ કરી હતી. જેમાં તેણે અત્યાર સુધી ૭૬ જેટલી ગાડીઓ ભાડે લઈને અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણામાં ગીરવે મુકી હતી. જે પૈકી પોલીસે ૩૫ કાર જપ્ત કરી હતી. પ્રાથમિક પુછપરછમાં જાણવા મળ્યું હતું કે તેને હોર્ડીંગના બિઝનેસમાં થયેલું દેવું ચુકવવા માટે ભાજપના નામે ગાડીઓ ભાડે અપાવવાનું કૌભાંડ આચર્યું હતું.લોકસભાની ચૂંટણીમાં ભાજપને કમલમમાં તેમજ અન્ય જિલ્લાઓમાં કામ માટે ભાડાની ગાડીઓનો કોન્ટ્રાક્ટ મળ્યો હોવાનું કહીને ભાજપના બક્ષીપંચના નેતા કનુભાઈ મિસ્ત્રીના પુત્ર પ્રિન્સ મિસ્ત્રીએ અનેક લોકો પાસેથી ગાડીઓ ભાડે લઈને બારોબાર ગીરવે મુકવાના કેસમાં ક્રાઈમબ્રાંચે આરોપીની પુછપરછ કરી હતી. જેમાં તેણે અત્યાર સુધીમાં તેણે અમદાવાદમાંથી ૭૬ ગાડીઓ ભાડે મેળવીને અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણામાં બારોબાર ગીરવે મુકી હોવાની વિગતો જાણવા મળી હતી.

જે અનુસંધાનમાં પોલીસે ૩૫ ગાડીઓ જપ્ત કરી હતી. જ્યારે અન્ય ગાડીઓ જમા લેવા માટે પોલીસે વિવિધ ટીમને કામગીરી સોંપી છે.

# જર્મનીના તળાવમાંથી મૂળ ચાણસ્માના યુવકની લાશ મળી, ગામમાં ગમગીની

**ચાણસ્મા**

જર્મનીમાં અભ્યાસ અર્થે ગયેલા પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના સેવાળા ગામના યુવકનું જર્મનીમાં રહસ્યમય રીતે મોત નીપજ્યું છે. જેમાં યુવકનો મૃતદેહ તળાવમાંથી મળી આવ્યો હતો. દિકરાના મોતના સમાચાર સાંભળતા પરિવાર હિબકી ઉઠ્યું હતું. જર્મનીમાં યુવકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કર્યા પછી વિદેશ મંત્રાલયના સહકારથી મૃતદેહને વતન લાવવાની કાર્યવાહી કરવામાં આવી છે. બીજી તરફ, રક્ષાબંધન પહેલા બહેને એકનો એક ભાઈ ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

સેવાળા ગામનો ચિરાગ પટેલ પાંચ વર્ષ પહેલા ઓટોમોબાઈલના અભ્યાસ અર્થે જર્મની ગયો હતો. બીજી તરફ, પાંચ દિવસ પહેલા જર્મનીના એક તળાવમાંથી રહસ્યમય રીતે ચિરાગનો મૃતદેહ મળી આવ્યો હતો. આ પછી સ્થાનિક પોલીસ દ્વારા ચિરાગના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરીને આગળની તપાસ હાથ ધરી છે. તેવામાં ચિરાગના પાર્થિવ મૃતદેહને વતનમાં મોકલવા માટે સરકારના વિદેશ મંત્રાલય દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. ચિરાગનો પરિવાર હાલ સુરત ખાતે રહે છે. દિકરાનું મોત નીપજ્યું હોવાની જાણકારી મળતા પરિવાર ચોંકી ઉઠ્યાં છે. જર્મનીમાં દિકરાનું રહસ્યમય રીતે મોત થતાં પરિવારમાં શોક છવાયો છે.

# વડોદરા જિલ્લા પંચાયતની સભામાં ભાજપ-કોંગ્રેસના સભ્યો બાખડ્યા

## તૂ ચૂપ બેસ, શટઅપ, થાય તે કરી લેજે તેવા વાક્યો ગુંજ્યા

**વડોદરા**

વડોદરા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં અધિકારીઓવતી ભાજપના કેટલાક સભ્યો જવાબ આપતા હોવાથી કોંગ્રેસ અને ભાજપના સભ્યો વચ્ચે તુતુમૈમૈ થઈ હતી. અધિકારીઓનો બચાવ કરતા ભાજપના કેટલાક સભ્યોએ સરકારે કરેલા કામોની પણ રજૂઆત કરવા માટે અધિકારીઓને ટકોર કરતાં કોંગ્રેસના વિપક્ષી નેતા મુબારક પટેલ અને જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન કમલેશ પટેલ વચ્ચે શાબ્દિક તડાફડી થઈ હતી. જેમાં વડુના કોંગી સદસ્ય અર્જુનસિંહ પઢિયાર,ડો.પ્યારે રાઠોડ તેમજ ભાજપના રાજેન્દ્ર પટેલ,નિલેશ પુરાણી સહિતના સભ્યો પણ જોડાતાં માહોલ તંગ બન્યો હતો. એક તબક્કે તુ ચૂપ બેસ, યુ શટઅપ, તુ મને કહેવાવાળો કોણ..જા થાય તે કરી લેજે..કૌભાંડીઓને બચાવો છો..અમે તમને સાંભળવા નથી આવ્યા..જેવા ઉચ્ચારણો થતાં ડીડીઓએ દરમિયાનગિરી કરવી પડી હતી અને સભાનું ડેકોરમ નહિં જળવાય તો સભા મુલતવી રાખવી પડશે તેવી ચીમકી આપતાં સભ્યો શાંત પડયા હતા.

# મીરજાપુર લેન્ડ ગ્રેબિંગ કેસમાં 4ની ધરપકડ 10 પૈકી હજુ 6 શખ્સો પોલીસ પકડથી દૂર

**કઠલાલ**

મીરજાપુર સીમમાં આવેલી ખાતા નં.૫૮ સર્વે નં. ૨૮-૨ વાળી જમીન કશનબેન અભાભાઈના નામે હતી. તેણીનું ડિસેમ્બર-૧૯૯૩ના રોજ અવસાન થયું હતું. તેવામાં અભેસિંહ મંગાજી રાઠોડે કશનબેન તેના માતા હોવાનો ખોટો દાખલો રજૂ કરી તા. ૨૧ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ તલાટી સમક્ષ સોગંદનામુ રજૂ કરી તેના આધારે કશનબેનના સીધી લીટીના વારસદાર તરીકે પુંજીબેન મંગાજી રાઠોડ (રહે. સરાલી, કઠલાલ), લક્ષ્મીબેન મંગાજી રાઠોડ (રહે. વિરાટનગર, અમદાવાદ), અભેસિંહ મંગાજી રાઠોડ, પ્રભાતસિંહ મંગાજી રાઠોડ, ચંદુભાઈ મંગાજી રાઠોડ (ત્રણેય રહે. રવદાવત, કઠલાલ) અને પશીબેન મંગાજી રાઠોડના નામ દર્શાવી ખોટુ પેઢીનામું દર્શાવ્યું હતું. આ ખોટા પેઢીનામામાં રમેશભાઈ સોમાભાઈ ખાંટ (રહે. રવદાવત), અમરસિંહ ડાહ્યાજી રાઠોડ (રહે. કઠલાલ) અને પ્રતાપભાઈ શકરાજી રાઠોડ (રહે. રવદાવત)એ સાક્ષી તરીકે સહી કરી હતી. જેના આધારે છ શખ્સોએ આ જમીન મહાદેવભાઈ રામુભાઈ ભરવાડ (રહે. ઓઢવ, અમદાવાદ)ને વેચી નાખી હતી. જેમાં સાક્ષી તરીકે પ્રકાશભાઈ અભેસિંહ રાઠોડ અને રમેશભાઈ સોમાભાઈ ખાંટ (બંને રહે. રવદાવત)એ સહી કરી હતી.

આ અંગે રામાભાઈ જુગાજી ડાભીએ કઠલાલ પોલીસ મથકે ૧૦ શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે કઠલાલ પોલીસે રાઠોડ પ્રકાશભાઈ અભેસિંહ, ચંદુભાઈ મંગાજી રાઠોડ, અભેસિંહ મંગાજી રાઠોડ, પ્રભાતસિંહ મંગાજી રાઠોડને તા.૨૬ જુલાઈના રોજ ઝડપી પાડયા હતા. જ્યારે હજૂ છ શખ્સો પોલીસ પકડથી દુર છે. પોલીસે ચારેય શખ્સોની પુછપરછના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરા નજીક પોર ખાતે 1000 ઉદ્યોગોમાં 8 વર્ષથી રોજ અઢીથી ત્રણ કલાકનો વીજ કાપ

## દેશના આર્થિક વિકાસમાં મહત્તમ ફાળો આપતા લઘુ ઉદ્યોગોને આર્થિક ફટકો પડ્યો

**વડોદરા**

દેશના આર્થિક વિકાસમાં જેમનો મહત્તમ ફાળો છે એવા લઘુ અને મધ્યમ ઉદ્યોગો(એમએસએમઈ)ની ગુજરાતમાં અવગણના કરવામાં આવે છે, જેનું ઉદાહરણ વડોદરા નજીક પોર નેશનલ હાઈવે ઉપર આવેલા ૧,૦૦૦ થી વધુ ઉદ્યોગો છે. આ વિસ્તારમાં છેલ્લા ૮ વર્ષથી મધ્ય ગુજરાત વીજ કંપની રીતસર ત્રાસ ગુજારી રહી છે. દિવસમાં ચાર થી પાંચ વખત લાઈટો ડૂલ થઈ જતી હોવાથી આ વિસ્તારના ઉદ્યોગોને વર્ષે કરોડો રૃપિયાનું નુકસાન જઈ રહ્યું છે. ઉદ્યોગ સંચાલકો રજૂઆતો કરી કરીને થાક્યા, પણ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.

વીજ કંપનીના જાંબુવા સબ ડિવિઝન હેઠળ આવતા આ વિસ્તારમાં જાંબુવાથી પોર સુધીમાં ૧૦થી વધુ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક આવેલા છે,જેમાં એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિકલ અને પ્લાસ્ટિકને લગતા૧,૦૦૦થી વધુ લઘુ અને મધ્યમ ઉદ્યોગો દેશના આર્થિક વિકાસમાં ફાળો આપી રહ્યા છે, પરંતુ આ ઉદ્યોગોનો આર્થિક વિકાસ એમજીવીસીએલને ખટકી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. કેમ કે આ વિસ્તારમાં વર્ષ ૨૦૧૬થી લાઈટોની સમસ્યા ઉદ્યોગોને નડી રહી છે. ૨૦૦થી વધુ ઉદ્યોગ સંચાલકોએ કરેલી રજૂઆત પ્રમાણે ૮ વર્ષથી આ વિસ્તારમાં રોજ ચારથી પાંચ વખત લાઈટો જાય છે. દર વખતે સરેરાશ અડધો કલાક લાઈટો ડૂલ રહે છે.

# મહિસાગર જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રીને 1 માસની કેદની સજા ફટકારાઈ

**વિરપુર**

મહિસાગર જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી જીગર પંડયાએ જેતે સમયે ભાજપના જ કોર્પોરેટર (હાલ પૂર્વ કોર્પોરેટર)ને પોલીસ મથકે જાનથી મારીનાખવાની ધમકી આપી માર માર્યો હતો. જે કેસમાં જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી જીગર પંડયાને લુણાવાડા ટ્રાયલ કોર્ટે એક મહિનાની સજા અને ૧ હજાર રૂપિયાનો દંડ ફટકારતા મહીસાગર જિલ્લા ભાજપ વર્તુળમાં સોપો પડી ગયો છે. લુણાવાડા નગરપાલિકાના કોર્પોરેટર જીજ્ઞેશકુમાર મોતીલાલ પંડયા તેમના મિત્રને જીગર ભરતભાઈ પંડયા વિરુદ્ધ ફરિયાદ આપવાની હોવાથી લુણાવાડા પોલીસ મથકે સાથે ગયા હતા. તે દરમ્યાન પોલીસ સ્ટેશનમાં પોલીસ અને અન્ય મિત્રોની હાજરીમાં જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી જીગર પંડયા આવી ચઢ્યા હતા અને અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવા લાગ્યા હતા. જે કેસ લુણાવાડા ટ્રાયલ કોર્ટમાં ચાલતા જીગર પંડયાને કોર્ટે ૧ મહિનાની સજા તેમજ ૧ હજાર રૂપિયાનો દંડ અને દંડ ન ભરે તો ૧૦ દિવસની સાદી કેદની સજા ફટકારવામાં આવી છે.

# ગ્રેટ વોલ તરીકે ઓળખાતા પૂર્વ ક્રિકેટર અંશુમાનનું વડોદરા ખાતે નિધન

**વડોદરા**

ભારતીય ક્રિકેટ ટીમમાં "ગ્રેટ વોલ" તરીકે ઓળખાતા લેજેન્ડરી ક્રિકેટર અંશુમાન ગાયકવાડ નું આજે મોડી રાત્રે 72 વર્ષની વયે વડોદરા ખાતે નિધન થયું છે. અંશુમાન ગાયકવાડ લાંબા સમયથી બ્લડ કેન્સરની બીમારીથી પીડાતા હતા તેઓ સારવાર માટે લંડન પણ ગયા હતા અને ત્યાંથી બે મહિના પહેલા તેઓ વડોદરા આવ્યા હતા અહીં એક ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. દરમિયાન આજે બુધવારે મોડી સાંજે તેઓએ છેલ્લા શ્વાસ લીધા હતા. અંશુમાન ગાયકવાડના પિતા દત્તાજીરાવ ગાયકવાડ પણ ઈન્ડિયન ક્રિકેટ ટીમ તરફથી રમ્યા હતા અંશુમાન ગાયકવાડ 40 ઈન્ટરનેશનલ ટેસ્ટ મેચ અને 15 ઈન્ટરનેશનલ વન-ડે રમ્યા હતા.

# અંબાજીમાં અસામાજિક તત્ત્વોના આતંકના વિરોધમાં સજ્જડ બંધ

**અંબાજી**

યાત્રાધામ અંબાજીમાં અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી અસામાજિક તત્ત્વોનો ત્રાસ વધી ગયો છે. મોબાઈલ ચોરી, ચેઈન સ્નેચિંગ અને પથ્થરમારાના બનાવો દિવસે ને દિવસે વધવા પામ્યા છે. આજકાલ પથ્થરમારો, ચાકુબાજી, લૂંટફાટની ઘટનાઓ સામાન્ય થઈ ગઈ છે. તાજેતરમાં જ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના મોટાભાઈ જીતુભાઈ પટેલના મેડિકલ સ્ટોરમાં અસામાજિક તત્ત્વો પથ્થરમારો કરીને ભાગી ગયા હતા. જેને લઈને બે આરોપીની ધરપકડ પણ કરવામાં આવી હતી. શક્તિપીઠ અંબાજીમાં વધતા જતા અસામાજિક તત્ત્વોના આતંકના લીધે વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે અને વેપારીઓએ બંધનું એલાન આપ્યું હતું સતત શ્રદ્ધાળુઓ ધસારો રહેતો હોવાથી અંબાજીની બજારમાં ભારે ભીડ જોવા મળતી હોય છે પરંતુ મંગળવારે વેપારી દ્વારા બંધનું એલાન આપવામાં આવતાં બજારોમાં શાંતિ રહી હતી.

વેપારીઓએ મોટી સંખ્યામાં એકઠા થઈને પોલીસ મથકે પહોંચ્યા હતા અને આવેદનપત્ર આપ્યું હતું. અંબાજી પોલીસે પણ સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે આશ્વાસન આપ્યું હતું.

# પાટણ-સિદ્ધપુર હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં ત્રણના મોત, બે ગંભીર

**વડોદરા**

પાટણ-સિદ્ધપુર હાઈવે પર થયેલા ગમખ્વાર અકસ્માતમાં ત્રણના મોત અને બેની હાલત ગંભીર છે. કારમાં બેઠેલા ત્રણના મોત થયા હતા અને બેની હાલત ગંભીર છે. મહેસાણાનો પરિવાર રણુજાથી મહેસાણા જતો હતો ત્યારે મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. વાડા ગામ નજીક નદીના બ્રીજ પર સર્જાયા અકસ્માત સર્જાયો હતો. કાર બ્રીજના ડીવાઈડર સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. મહેસાણાના સુથાર પરિવારને અકસ્માત નડયો હતો. આ અકસ્માતમાં વિનુભાઈ ચીમનલાલ સુથાર, ગીતાબેન વિનુભાઈ સુથાર અને સંજયભાઈ ચંદુલાલ સુથારના મોત થયા હતા. જયારે બીજા બે ગંભીર રીતે ઈજા પામ્યા હતા. અકસ્માતની જાણ થતાં ૧૦૮ ઘટનાસ્થળે ધસી ગઈ હતી.

# સુરતમાં ફરવા મુદ્દે ઝઘડો થતાં પત્નીએ ફિનાઇલ પીધું, પતિએ નદીમાં ઝંપલાવ્યું

## રૂસ્તમપુરામાં રાણા દંપતી વચ્ચે તકરાર બાદ પત્ની હોસ્પિટલમાં સારવાર હેઠળ : પતિના મોતને પગલે પરિવારમાં ગમગીની વ્યાપી

**સુરત**

રૂસ્તમપુરામાં ઈચ્છાદોશીનીવાડી પાસે સાંઈદર્શન એપાર્ટમેન્ટમાં રહેતી ૩૩ વર્ષીય કપિલાબેન જીતેશભાઈ રાણા રવિવારે રાત્રે ઘરમાં ફીનાઈલ ગટગટાવી ગઈ હતી. જેથી તેને સંબંધીઓ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે આ અંગે તેના પતિ જીતેશને જાણ થતાં ટેન્શનમાં આવી ગયો હોવાથી તરત બાઈક લઈને નાનપુરા ખાતે નાવડી ઓવર ખાતે પહોંચી ગયો હતો. બાદમાં ત્યાં બાઈક અને મોબાઈલ સાઈડમાં મૂકી તાપી નદીમાં છલાંગ મારી દીધી હતી. તે સમયે ત્યાં હાજર લોકોમાં એકત્ર થઈ ગયા હતા. ફાયર બ્રિગેડે શોધખોળ કરી પણ પત્તો મળ્યો નહોતો.

દરમિયાન આજે વહેલી સવારે નાવડી ઓવારા ખાતેથી તેનો મૃતદેહ ફાયર લાશ્કરો બહાર કાઢી પોલીસને સોંપ્યો હતો. બાદમાં પોલીસે મૃતદેહને નવી સિવિલ ખાતે ખસેડાયો હતો. પોલીસે કહ્યુ કે, જીતેશ અને તેની પત્ની કપીલા ગઈ કાલે રવિવારની રજા હોવાથી શહેરમાં રૂઢનાથ મહાદેવ મંદિર સહિતની જગ્યા ફરવા જવાનું નક્કી કર્યુ હતું. પણ વરસાદ હોવાથી પતિએ અન્ય દિવસે ફરવા જવાનું કહ્યુ હતું. આ મુદ્દે દંપતિ વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં માંઠુ લાગી આવતા કપીલાએ ફિનાઈલ પી લીધું હતું. બાદમાં પતિને જાણ થતા અચાનક ટેન્શનમાં આવીને નાવડી ઓવાર પર જઈને નદીમાં કુદીને આત્મહત્યા કરી હતી. જયારે જીતેશને સંતાનમાં બે પુત્રીમાં એક ૧૫ વર્ષની અને બીજી ૧૨ વર્ષની છે. તે જરીખાતામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. જયારે જીતેશ બહેનનો એકનો એક લાડકવાયો ભાઈ હતો. તેના મોતના લીધે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

# સમાજ ટોચ પર બેસાડે તો ઉતારી પણ શકે : જયેશ રાદડિયાનો હુંકાર

**સુરત**

સુરતમાં વિઠ્ઠલ રાદડિયાની પુણ્યતિથિના કાર્યક્રમમાં ભાજપના ધારાસભ્ય અને પાટિદાર આગેવાન જયેશ રાદડિયાએ સમાજમાં રાજકિય અને મજબૂત આગેવાનીને લઈને હુંકાર કરી હતી. રાદડિયાએ કહ્યું હતું કે, 'માયકાંગલા હોય એની સમાજમાં જરૂર નથી, પોતે તો ડૂબશે પણ સાથે-સાથે સમાજને પણ ડૂબાડશે. આવા લોકોની સમાજને આજે પણ જરૂર નથી કે કાલે પણ નથી. જાહેર મંચ પર કહેવા માટે ટેવાયેલો છું.

જો કોઈ રાજકિય કે સમાજના મજબૂત આગેવાન બને ત્યારે તેમની મંચ પર સ્પીચ આપતી વખતે મારે નીચે બેસીને પણ ફોટો પડાવવાની કાયમી માટેની તૈયારી છે.' રાદડિયાએ કહ્યું કે, 'સમય આવે ત્યારે જવાબ આપવાની અમારી તૈયારી છે. આ એજ સમાજ છે જે રાજકિય રીતે ટોચ પર બેસાડવાની સાથે કેટલાકને નીચે પણ બેસાડી શકવાની તાકાત ધરાવે છે. આ બધા વચ્ચે સમાજ મજબૂત થાય એ માટે પ્રયત્ન કરવા જોઈએ.

# વડોદરાઃ સાસરિયાએ મારતા યુવતીએ પોલીસ સ્ટેશનમાં જ રાત વિતાવવી પડી

## પ્રેમલગ્ન કર્યાના આઠ માસમાં જ પ્રેમ ઉતરી ગયો

**વડોદરા**

વડોદરા નજીક વરણામા ગામના યુવક સાથે જુનાગઢની યુવતીએ પ્રેમલગ્ન કર્યા બાદ પતિ, સાસુ અને સસરાએ ત્રાસ ગુજારવાનું શરૃ કરી ઘરમાંથી કાઢી મૂકવાનું દબાણ કરતાં મામલો આખરે પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

જુનાગઢના બીલખારોડ પર આંબેડકરનગરમાં રહેતા હર્ષાબેને વરણામામાં રહેતા પતિ સચિન, સસરા પંકજભાઈ અને સાસુ રમીલાબેન સામે એટ્રોસિટિ સહિતની કલમો સાથે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ-૨૦૨૦માં હું વડોદરાની ખાનગી કોલેજમાં અભ્યાસ કરતી હતી ત્યારે સચિન મને અવારનવાર મેસેજ મોકલતો હતો. બાદમાં અમારી વચ્ચે પ્રેમસંબંધ થયો હતો અને લગ્ન કરી હું સાસરીમાં વરણામા આવી હતી.

શરૃઆતના આઠ મહિના સારી રીતે પસાર થયા બાદ સાસુ અને સસરાએ તારા મા-બાપે એક રૃપિયાની પણ વસ્તુ આપી નથી કે દાગીના આપ્યા નથી તેમ કહી ત્રાસ ગુજારવાનું શરૃ કર્યું હતું. તેઓ મારા પતિને ઉશ્કેરતા તેઓ પણ મને ત્રાસ આપતા હતાં. વર્ષ-૨૦૨૨માં જુનાગઢ મહિલા પોલીસ સ્ટેશનમાં મેં ફરિયાદ કર્યા બાદ કોર્ટમાં સમાધાન થયું હતું અને હું પરત સાસરીમાં આવી હતી. જો કે માત્ર એક સપ્તાહમાં જ પતિએ મારી પાસે છૂટાછેડાની માંગણી કરી હતી, મારા સાસુ મને જમવાનું આપતા ન હતા અને જમવાની વસ્તુઓ સંતાડી દેતાં હતાં. કેટલીક વખત હું ભૂખી રહેતી હતી.

થોડા દિવસો પહેલાં મને પતિ, સાસુ અને સસરાએ ઢોર માર મારતાં મેં સારવાર લીધી હતી અને પછી વરણામા પોલીસ સ્ટેશનમાં ગઈ ત્યારે જમાદારે મારા પતિને ફોન કરતાં પતિએ કહ્યું કે અમારે તેને જોઈતી નથી, અમે લેવા નહી આવીએ. બાદમાં આખી રાત હું પોલીસ સ્ટેશનમાં જ રોકાઈ હતી. બીજા દિવસે અભયમ અને વકીલની મદદથી હું ઘેર ગઈ ત્યારે પણ મને ઢોર માર મારતાં મારા હાથે ફેક્ચર થઈ ગયું હતું. હાલ હું પિયરમાં રહું છું.


Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

| Brampton (West) | Scarborough | we are back to Great Punjab |
|---|---|---|
| 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM | 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM | 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM |

Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4. 416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# જૂનાગઢમાં શુધ્ધ પાણી માટે ભાજપના જ નગરસેવકે ફરી ધરણા ઉપર બેસવું પડયું

## 1500 કરોડના કામ છતાં કેમિકલ અને રેતીની મદદથી પાણીને શુધ્ધ કરવું પડે છે

**જૂનાગઢ**

જૂનાગઢ શહેરમાં કરોડોના ખર્ચે ફિલ્ટર પ્લાન્ટ બનાવવામાં આવ્યાની અને તે કાર્યરત હોવાની ગુલબાંગો વચ્ચે ખુદ સત્તાધારી ભાજપના જ નગરસેવકે ચોખ્ખા પાણી માટે મનપાની કચેરીમાં ધરણા પર બેસવાની ફરજ પડી છે. વોર્ડ નં-10ના ભાજપના નગરસેવક હિતેષ ઉદાણીએ અનેકવાર શુધ્ધ પાણી મુદ્દે રજુઆત કરી હોવા છતાં તેમના વિસ્તારમાં દુષિત પાણી વિતરણ થઈ રહ્યું છે. અનેકવાર રજુઆત બાદ પરિણામ ન મળતા ભાજપ શાસિત મનપાની સામે આજે તેઓએ કમિશનરની ચેમ્બર બહાર ધરણા શરૂ કરી દીધા હતા. બાદમાં પાણી પુરવઠાના અધિકારી તથા ડેપ્યુટી કમિશનરે તેમને ખાત્રી આપી હતી કે, શુધ્ધ પાણી વિતરણ માટે હાલના સમયમાં ફેરફાર કરવો પડે તેમ છે. કેમ કે, પાણી સ્ટોરેજમાં આવી ગયા બાદ તેમાં કેમિકલ સહિતની પ્રક્રિયાઓ કર્યા બાદ કલાકો સુધી પાણીને ટાંકામાં રાખ્યા પછી શુધ્ધ થાય છે. જેના લીધે વિતરણ વ્યવસ્થાના સમયમાં ફેરફાર કરવા જરૂરી છે. બાદમાં ધરણા કરી રહેલા નગરસેવકે તેમના વિસ્તાર માંગનાથ સહિતના એરીયામાં ભુગર્ભ ગટરના કારણે રસ્તાઓ તોડી નાખ્યા છે ત્યાં પેચવર્ક કરવામાં આવ્યું નથી. આ સહિતના અનેક મુદ્દે અધિકારીઓએ તાત્કાલીક કામગીરી કરવાની ખાત્રી આપતા મામલો થાળે પડયો હતો. હાલ જૂનાગઢ શહેરમાં અનેક વિસ્તારોમાં દુષિત પાણી વિતરણ થઈ રહ્યું છે.

# રાજકોટમાં અગ્નિકાંડમાં દાઝીને કડક કરાયેલા નિયમો હળવા કરવા હિલચાલ

**રાજકોટ**

રાજકોટના નાનામવા રોડ પર સયાજી હોટલ પાછળ ટીઆરપી ગેમઝોનમાં સત્તાધીશો અને સંચાલકોની સંયુક્ત બેદરકારીથી ગુજરાતનો સૌથી દર્દનાક બનાવ બન્યો જેમાં 27 નાગરિકો જીવતા ભડથું થઈ ગયા હતા. આ સાપરાધ મનુષ્યવધના ગુનાના પગલે રાજકોટ સહિત રાજ્યભરમાં કડક ઝૂંબેશ હાથ ધરીને મિલ્કતોનું સીલીંગ હાથ ધરાયું હતું જેમાં હવે છૂટછાટોની તજવીજ હાથ ધરાઈ રહી છે. અગાઉ સ્કુલ-હોસ્પિટલોને શિક્ષણ અને સારવારની વાત આગળ ધરીને છૂટછાટો અપાયા બાદ ત્રણ સપ્તાહ પછી મેળાની રજાની મૌસમ શરૂ થઈ રહી છે ત્યારે એમ્યુઝમેન્ટ પાર્ક,ગેમઝોન,ફનઝોન, મોલ,બાકી રહેલી હોટલ-રેસ્ટોરન્ટ, કોમ્પલેક્સો વગેરે ખોલવા નિયમો હળવા કરવાની તજવીજ શરૂ થઈ રહ્યાના એંધાણ મળ્યા છે. રાજકોટ મહાપાલિકા સૂત્રો અનુસાર સરકારની ગાઈડલાઈન મૂજબ ૯ મીટર એટલે કે 29.52 ફૂટ સુધીની ઉંચાઈ અથવા તો 500 ચો.મી. થી ઓછું ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ ઉપર ઉભેલી શૈક્ષણિક સંસ્થાઓને ફાયર એન.ઓ.સી.ની પ્રક્રિયામાંથી મુક્તિ અપાઈ છે. ઉલ્લેખનીય છે કે ૯ મીટર એટલે બે માળની મિલ્કત અને તેની ઉપર સીડી રૂમ આવી શકે એવડું બાંધકામ હોય છે.

# લિલિયા રેન્જમાં ટ્રેનની અડફેટે સિંહના મોત બાદ કાર્યવાહી : ફોરેસ્ટર સસ્પેન્ડ

**અમરેલી**

અમરેલીના લિલિયા રેન્જમાં ગત 24 જુલાઈના રેલવે ટ્રેક પર પેસેન્જર ટ્રેનની અડફેટે આવી જવાથી સિંહનું મોત થયું હતું. સાવજના મોતથી ગિરવાસીઓ સહિત લોકોમાં ખૂબ જ રોષ વ્યાપ્યો હતો. આ ઘટનાને પગલે તંત્રએ કામગીરી કરીને ફરજમાં બેદરકારી દાખવીને વન વિભાગ દ્વારા ફોરેસ્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

અમરેલીના લિલિયા-દામનગર રેલવે ટ્રેક પર મહુવા-સુરત પેસેન્જર ટ્રેનની અડફેટે આવી જવાથી નર સિંહનો મોત થયું હતું. આ ઘટના ગત 24 જુલાઈની છે. આ ઘટના બાદ નાયબ વન સરંક્ષક સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસ આદરી હતી. તેમણે રેલવે ટ્રેક ઉપર અલગ અલગ ટ્રેકર્સ, રોજમદાર, ફોરેસ્ટર સહિત કર્મચારીઓની ફરજ અંગે તપાસ કરવામાં આવી હતી અને સાથે જ તમામની કામગીરી અંગે પૂછપરછ કરવામાં આવી હતી. મોનીટરીંગની કામગીરી અંગે પૂછપરછ કરવામાં આવતા ફોરેસ્ટર મહેશ જે.ખાવડીયા દ્વારા સંતોષકારક જવાબ આપી શકતા ન હતા. રેલવે ટ્રેક આસપાસ વન્યપ્રાણીની હાજરી હોવા છતાં ફોરેસ્ટર દ્વારા સ્ટેશન માસ્તરને કોશન ઓર્ડર આપેલ ન હતો.

# ઘોઘાના પીપરાલા ગામમાં વાડીમાં બકરા ચરાવવા બાબતે ઝઘડો થતા પિતા-પુત્ર દ્વારા આધેડની હત્યા

## આધેડ નીચે પડી ગયા પછી પણ તલવારના ઉપરાછાપરી અનેક ઘા ઝીંકાયા

**ભાવનગર**

પીપરલા ગામમાં આવેલ ટાણા રોડ, વાડી વિસ્તારમાં રહેતા વેલજીભાઈ વશરામભાઈ બારૈયા (ઉ.વ.પપ)ના કુટુંબી નાનુ બચુભાઈ બારૈયા અને તેનો દીકરો મેહુલ નાનુભાઈ બારૈયા તેમની જમીનમાં બકરા ચરાવતા હોય તેમજ અગાઉ નીલગીરીનું ઝાડ કાપી નાખેલ હોય તે બાબતે ઠપકો આપ્યો હતો. આમ છતાં, બંને પિતા-પુત્રો અવારનવાર ગાળો બોલતા હોય બંને પરિવાર વચ્ચે મન દુઃખ ચાલ્યું આવતું હતું.

દરમિયાનમાં વેલજીભાઈ વશરામભાઈ બારૈયા (ઉ.વ.પપ) ગઈ કાલ તા.૨૮ને રવિવારે સાંજના સાતેક વાગ્યાની આસપાસના સમયે માલઢોરનું દૂધ લઈને ગામની ડેરીએ દૂધ ભરવા માટે બાઈક લઈને ગયા હતા. થોડીવાર પછી તેમના પુત્ર રાહુલભાઈ વેલજીભાઈ બારૈયા મોટર સાયકલ લઈને ગામમાં પાન-માવો ખાવા જવા માટે નિકળ્યા હતા. તે વખતે આશરે નાનુ બચુભાઈ બારૈયા તથા તેનો દિકરો મેહુલ નાનુભાઈ બારૈયા બન્ને શખ્સ તેના પિતા વેલજીભાઈ સાથે ગાળાગાળી કરતા હતા અને મેહુલના હાથમાં તલવાર હતી. જેના વડે તેણે વેલજીભાઈને માથામાં એક-બે ઘા મારી દીધા હતા. મેહુલે બે-ત્રણ તલવારના ઘા માથામાં મારતા વેલજીભાઈને માથામાંથી ખૂબ જ લોહી નિકળવા લાગેલ અને વેલજીભાઈ પડી ગયા હતા. તે વખતે પુત્ર રાહુલભાઈ દેકારો કરી પિતા વેલજીભાઈને બચાવવા દોડયા હતા ત્યારે મેહુલે નીચે પડેલા પિતા વેલજીભાઈને આડેધડ તલવારના ઘા માથામાં મારી માથુ છુંદી નાખ્યું હતું.

# જામનગરમાં બે વૃધ્ધ મિત્રોએ ઝેરી દવા પી લેવા પાછળ વ્યાજખોરોનું દબાણ કારણભૂત

## ધંધામાં કોરોના કાળ દરમિયાન ખોટ જતાં બે વ્યાજખોરો પાસેથી નાણા વ્યાજે લીધા હતા

**જામનગર**

જામનગરમાં શરૂ સેક્શન રોડ ગોલ્ડન સીટી વિસ્તારમાં સરલાબેન આવાસ પાસે પાર્ક કરેલી એક કારમાં અશોક વિપુલભાઈ ધોકિયા અને પરબતભાઈ ગોજીયા નામના બે મોટી ઉંમરના મિત્રો, કે જેઓએ કોઈ અકળ કારણોસર ઝેરી દવા પી લેતાં બંનેને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બંને બુઝુર્ગ બેભાન હોવાથી નિવેદનો નોંધવા માટેની રાહ જોવાઈ રહી છે. જે દરમિયાન એક બુઝુર્ગના પુત્ર સાથેની વાતચીત અને નિવેદનમાં પોલીસને એવું જાણવા મળ્યું હતું, કે બંને મિત્રો કે જેઓએ ભાગીદારીમાં એક ફેક્ટરી ઊભી કરી હતી, અને કોરોના કાળ દરમિયાન તે ફેક્ટરીમાં ખોટ જતાં જામનગરના જ બે વ્યક્તિઓ પાસેથી આશરે એકાદ કરોડ રૂપિયા વ્યાજે લીધા હતા, જેનું મોટી વ્યાજની રકમ ચૂકવતા હતા, સાથો સાથ તેઓની જમીનના દસ્તાવેજ પણ વ્યાજખોરોએ કરાવી લીધા હોવાનું જાણવા મળી રહ્યું છે. તેઓના ત્રાસ-દબાણના કારણે બંનેએ આ પગલું ભરી લીધું હોવાનું એક બુઝુર્ગના પુત્રનું કહેવું છે. જેના આધારે પોલીસ સમગ્ર મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી રહી છે, અને બંને બુઝુર્ગ ભાનમાં આવી જાય, ત્યારબાદ તેઓના નિવેદનના આધારે જે કોઈ કસૂરવાર હશે, તો તેઓ સામે ફરિયાદ નોંધવામાં આવશે.

# જુનાગઢને મુખ્યમંત્રી દ્વારા 397 કરોડના 91 વિકાસ કાર્યોની ભેટ

**જુનાગઢ**

રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સ માધ્યમથી જૂનાગઢવાસીઓને રૂ. 397 કરોડના 91 વિકાસ કાર્યોની ભેટ આપી હતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે તાજેતરમાં મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના માળખાકીય વિકાસના કામો માટે રૂ. 2111 કરોડના ચેક અર્પણ કરવામાં આવ્યા છે તેમાં જૂનાગઢ મહાનગરપાલિકાને રૂ. 34.40 કરોડ ફાળવ્યા છે. ગયા વર્ષે ભારે વરસાદમાં જૂનાગઢ શહેરને ઘણું નુકસાન થયું હતું પરંતુ આ વર્ષે રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને વોંકળા સફાઈની કામગીરી માટેપાલિકાની પ્રસંશા કરી હતી. કૃષિ રાજ્ય મંત્રી રાઘવજીભાઈ પટેલે કહ્યુ કે, સીસી રોડ, ડ્રેનેજ લાઈન, સ્વિમિંગ પુલ, જી આઈ એસ બેઈઝ મેપિંગ સહિતના વિવિધ વિકાસ કાર્યોનું રૂ. 397.78 કરોડના ખર્ચે ઈ લોકાર્પણ અને ઈ ખાતમુહુર્ત કરવામાં આવ્યું છે. શહેરી વિકાસના આ કાર્યો થકી રોજગારીનું સર્જન, કરવેરાની આવકમાં ઉમેરો, શહેરી અને આર્થિક વિકાસ થશે. શહેરમાં નરસિંહ મહેતા સરોવર અને વિલિંગ્ડન ડેમના વિકાસ માટેના વિકાસકાર્યો તેમજ શહેરને ૨૫ ઈ-બસ ફાળવાશે

# બોટાદના પૂર્વ કોર્પોરેટર રસ્તા પર લથડિયા ખાતા ઝડપાયા

**બોટાદ**

બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન બોટાદ સહકારના રેલ્વે વસાહત પાસે એક ઈસમ જાહેરમાં રોડ ઉપર લથડીયા ખાતો જોવો મળ્યો હતો. આ શખ્સને રોકી ચેક કરતાં તેણે કેફી પીણું પીધેલાની તીવ્ર વાસ આવતા ઈસમ પાસે દારૂ પીવા અંગેનુ પાસ પરમીટ માંગતા તેણે પોતાની પાસે નહી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે વધુ તપાસ કરતાં આ વ્યક્તિ કોંગ્રેસ પક્ષના સક્રિય કાર્યકર અને કોંગ્રેસના નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર પ્રવિણભાઈ ઠાકરશીભાઈ ડેરવાળીયા હોવાનું ખૂલ્યું હતું. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર પ્રવીણભાઈ ડેરવાળીયા રહે-બોટાદ ખારામાં સહકારના પુલની બાજુમાં પછાત વર્ગ સોસાયટી, તા.જી. બોટાદ હોવાનું ખુલ્યું હતું. જેમના વિરૂધ્ધ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો.

# કચ્છમાં 100 કરોડથી વધુની કિંમતનું એક્સપોર્ટ કરાતું મેડિકલ ડ્રગ્સ પકડાયું

## આફ્રિકાના દેશોમાં દવાઓની આડમાં મોકલાતા ડ્રગ્સનો પર્દાફાશ

**કચ્છ**

કચ્છના મુન્દ્રા પોર્ટ પરથી કેટલીય વખત અલગ અલગ પ્રકારના ડ્રગ્સના કન્સાઈન્મેન્ટ મળી ચૂકયા છે. પરંતુ દવાના રૂપમાં મળેલુ આ પહેલુ કન્સાઈન્મેન્ટ હશે, કસ્ટમ વિભાગને માહિતી મળતા તે બે દિવસથી આની પાછળ હતું , કસ્ટમને મળેલી વિગત મળતી મુજબ આ કન્ટેઈનરને આફ્રિકામાં મોકલવામાં આવવાનું હતુ. તેથી આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવતા માલુમ પડયું હતું કે આ ડ્રગ્સ કાંડનો છેડો અમદાવાદ સુધી પહોંચેલો છે. તેથી હવે અમદાવાદમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

મુન્દ્રા પોર્ટ પરથી આફ્રિકાના દેશોમાં દવાઓની આડમાં મોકલાતા ડ્રગ્સનો પર્દાફાશ થતા તેનો રેલો અમદાવાદ પહોંચ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ કસ્ટમ દ્વારા અમદાવાદમાં સર્ચ કરતાં એક વેર હાઉસ માંથી ૫૦ હજાર વધુ ટ્રોમાડોલ ટેબ્લેટ્સ મળી હતી. અગાઉ ૨૯ જુલાઈના રોજ કસ્ટમ વિભાગે મુન્દ્રા પોર્ટ પરથી આફ્રિકન દેશોમાં એક્સપોર્ટ માટે જઈ રહેલા બે કન્ટેનરને અટકાવ્યા હતા.

# જામનગરમાં અત્યાર સુધીમાં કોલેરાનાં 27 પોઝિટિવ કેસ: 3 દર્દી હોસ્પિટલમાં દાખલ

**જામનગર**

જામનગરમાં કોલેરાના કોઈ પોઝીટીવ કેસ આવેલ નથી. આજ દિવસ સુધી કોલેરાનાં કુલ 27 પોઝીટીવ કેસ નોંધાયા છે. તેમાંથી પુરુષ- 12 અને સ્ત્રી- 15 છે. હાલ જી.જી હોસ્પીટલ સારવાર હેઠળ-3 દાખલ છે અને હોસ્પીટલમાંથી કુલ દર્દી- 23 દર્દીઓને રજા આપવામાં આવી છે. અને 1 દર્દીને ઓ.પી.ડી. સારવાર આપવામાં આવી હતી. આરોગ્ય કેન્દ્ર મેડીકલ ટીમ દ્વારા વિસ્તારોમાં સઘન સર્વેલન્સ કરવામાં આવ્યું છે, તેમાં મેડીકલ ટીમ 20, ઘરની સંખ્યા- 1231, વસ્તી- 5194, ORS પેકેટનું વિતરણ- 108, ક્લોરીન ટેબલેટ વિતરણ- 8210, ઝાડાનાં કેસ-3, રેસીડયુઅલ ક્લોરીન ટેસ્ટ કર્યાની સંખ્યા- 36, તેમાંથી ટેસ્ટ પોઝીટીવ- 36, ટેસ્ટ નેગેટીવ- 0 કરવામાં આવેલ છે.

# સ્વદેશ



## શાહરુખ આંખની સારવાર માટે અમેરિકા ગયો

મુંબઇ : શાહરુખ ખાનને આંખના ઈલાજની જરુર પડી હોવાની બોલીવૂડમાં ગરમાગરમ ચર્ચાઓ છે. જોકે, આ બાબતે વિરોધાભાસી દાવા થઈ રહ્યા છે. એક દાવા અનુસાર શાહરુખને મુંબઈમાં જોઈતો ઈલાજ ન મળ્યો એટલે તે અમેરિકા રવાના થયો છે. જોકે, અન્ય દાવા અનુસાર શાહરુખ આ મહિને જ અમેરિકામાં આંખોની સારવાર કરાવી ચૂક્યો છે. આ મુદ્દે શાહરુખ તરફથી કોઈ સત્તાવાર વિગતો જાહેર કરાઈ નથી. વાસ્તવમાં શાહરુખની એક આંખની સારવાર મુંબઈમાં થઈ હતી. બીજી આંખે વધુ ઈલાજની જરુર લાગતાં તે આ મહિને જ અગાઉ અમેરિકા જઈ આવ્યો છે. હવે તેની બંને આંખોમાં કોઈ પ્રોબ્લેમ નથી.

## ક્રિતીને ગ્રીસમાં બોયફ્રેન્ડ સાથે સિગારેટો ફૂંકતી જોઈ ચાહકોને આંચકો



મુંબઇ : ગ્રીસમાં બોયફ્રેન્ડ કબીર બહિયા સાથે ફરવા ગયેલી ક્રિતી સેનને ત્યાં સિગારેટો ફૂકી હોવાનો વીડિયો વાયરલ થયો છે. ક્રિતીને સ્મોકિંગ કરતી જોઈ તેના ચાહકો નારાજ થઈ ગયા છે અને ટીકાની ઝડીઓ વરસાવી રહ્યા છે. ક્રિતી તેનો બર્થ ડે મનાવવા માટે બોયફ્રેન્ડ કબીર બહિયા સાથે ગ્રીસમાં ગઈ છે. તેની બહેન નુપૂર પણ તેની સાથે છે. આ વેકેશનની વિવિધ તસવીરો તથા વીડિયો વાયરલ થયા છે. તેમાંથી એકમાં ક્રિતી બિન્ધાસ્ત સિગરેટ ફૂંકતી જોવા મળી છે. આ વીડિયો જોઈ ચાહકોએ ક્રિતી પાસેથી આવી અપેક્ષા ન હતી તેમ કહી રોષ ઠાલવ્યો છે. કેટલાક લોકોએ લખ્યું છે કે ક્રિતીની ઈમેજ એક સીધીસાદી સંસ્કારી છોકરી તરીકેની હતી પરંતુ તે માત્ર ભારતમાં જ આવી ઈમેજ સાચવે છે.



## મારી પાસે લાઈક્સ ખરીદવાના પૈસા નથી : જ્હાન્વી કપૂર

મુંબઈ: જાહ્નવી કપૂરના દાવા અનુસાર પોતાની પાસે સોશિયલ મીડિયા પર લાઈક્સ ખરીદવાના પૈસા નથી. પોતે પૈસા ખર્ચીને પીઆર કરાવતી નથી. જાહ્નવીએ તાજેતરમાં એક સંવાદમાં કહ્યું હતું કે સોશિયલ મીડિયા પર કોઈ અમસ્તાં પણ વખાણ કરે તો લોકો એવી કોમેન્ટ કરે છે કે આ બધું પેઈડ હશે. પરંતુ, મારી પાસે એવું કોઈ બજેટ જ નથી. લોકોની પ્રશંસા, લાઈક્સ ખરીદવા માટે મારી પાસે નાણાં નથી. મારી પાસે એ રીતે પીઆર કરાવવાનું કોઈ બજેટ જ નથી. જાહ્નવીએ સ્વીકાર્યું હતું કે કોઈ વ્યક્તિ જરા પ્રસિદ્ધ હોય કોઈ વિશેષ સ્થાને હોય એટલે તે ટ્રોલિંગનો આસાન શિકાર બની જાય છે. જોકે, હું તેને બહુ મારાં માથાં પર સવાર થવા દેતી નથી. ટ્રોલિંગ થઈ રહ્યું હોવાની ફરિયાદ કોઈ સામાન્ય માણસ કરતો નથી. આ તો એક વ્યક્તિ વિશેષ હોવાને લીધે સર્જાતી સમસ્યા છે.

## સામંથા રૂથ પ્રભુ પરણેલા ડાયરેક્ટર રાજને ડેટ કરી રહી હોવાની ચર્ચા



મુંબઈ : સામંથા રૂથ પ્રભુ પરણેલા દિગ્દર્શકને ડેટ કરી રહી હોવાની ચર્ચા છે. સામંતાને લઈને અફવા ચગી છે કે, તેના જીવનમાં ફરી પ્રેમે સંચાર કર્યો છે, અને તે દિગ્દર્શક રાજ અને ડેકીની જોડીમાંથી રાજ નિદિમોરુને ડેટ કરી રહી છે. જે પરણેલો છે અને હાલ પત્નીથી છૂટો રહે છે. સામંથા પર એક પરિણિત યુગલનું ઘર તોડવાના આરોપ લોકો મૂકી રહ્યા છે. સામંથા રૂથ પ્રભુજાણીતા દિગ્દર્શક રાજ સાથે રિલેશનશિપમાં છે. વાયરલ થયેલી એક પોસ્ટમાં શેર કરવામાં આવ્યું છે કે, સામંથા રૂથ પ્રભુને લઈને જે અફવા ચાલીરહી તે સાચી છે. સામંથા અને રાજ પ્રેમમાં છે. રાજ હવે તેની પત્ની સાથે રહેતો નથી. સામંથાએ ૨૦૧૭માં નાગા ચૈતન્ય સાથે લગ્ન કર્યા હતા અને ચાર વરસ પછી તેમણે છૂટાછેડા લઈ લીધા હતા. હવે તે દિગ્દર્શક રાજ સાથે ડેટ કરી રહી હોવાની ચર્ચા છે.












Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


### તેહરાનમાં લોખંડી બંદોબસ્ત વચ્ચે ઓપરેશન કરી ઈઝરાયલે ઈરાનનું નાક કાપ્યું

# હમાસના હાનિયેહનો ખાતમો : ઈઝરાયલ શંકાના ઘેરામાં

ગાઝા પટ્ટી પર છેલ્લાં 10 માસથી હમાસ અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલાં લોહીયાળ સંઘર્ષમાં અત્યાર સુધી હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે. એક તરફ કેટલાક ઈસ્લામિક દેશો હમાસને સમર્થન કરી રહ્યા છે. ત્યાં બીજી બાજુ ઈઝરાયલ આ લડતને મક્કમતાથી આગળ ધપાવી રહ્યું છે. ધાર્મિક ગજગ્રાહ અને ભૂતકાળના ઈતિહાસમાં થયેલી ઘટનાઓને કારણે શરૂ થયેલા આ યુદ્ધને અટકાવવા દુનિયાના અનેક દેશોએ અત્યાર સુધી પ્રયાસો કર્યા છે. પરંતુ ઝાઝી સફળતા મળી નથી.

પેલેસ્ટાઈનની ગાઝા પટ્ટી પર કબજો કરીને બેઠેલા 'હમાસ'એ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયલ ઉપર હુમલો કર્યો, ત્યારે અધમતાની બધી સીમાઓ વટાવી દીધી હતી. હમાસે ઈઝરાયલ ઉપર ધડાધડ પાંચ હજારથી વધારે રોકેટ છોડયાં હતા. ઈઝરાયલનું લશ્કર આ હુમલા સમયે ઉંઘતું ઝડપાયું હતુ. ઈઝરાયલે તો ત્યાં સુધી આક્ષેપ કર્યો હતો કે, હમાસના ૩000 આતંકીઓએ ઈઝરાયલમાં ઘૂસીને ૧૨૦૦ જેટલાં લોકોની હત્યા કરી નાંખી હતી. હમાસે પાંચ કલાક સુધી ઈઝરાયલમાં કત્લેઆમ ચલાવી. આતંકવાદીઓએ ઈઝરાયલના સૈનિકો જ નહીં, પણ નિર્દોષ નાગરિકો અને વિદેશીઓને પણ ઘાતકી રીતે મોતને ઘાટ ઉતાર્યા હતા. હમાસના આતંકીઓ જતાં જતાં સંખ્યાબંધ છોકરીઓને પણ ઉપાડી ગયા અને બળાત્કાર ગુજાર્યા હતા.

ઈઝરાયલનો બીજો એક ગંભીર આક્ષેપ એવો હતો કે, હમાસના આતંકવાદીઓએ ઈઝરાયલની મહિલા સૈનિકો સાથે ભારે અત્યાચાર ગુજારેલો. આતંકીઓએ એક જર્મન યુવતીની હત્યા કરીને તેને નગ્ન કરીને જીપ ઉપર બાંધીને ફેરવી હતી. આ ઘટના પછી ઈઝરાયલ ઉપર થયેલા એટેકનો બદલો લેવા વડાપ્રધાન નેતાન્યહુએ કસમ ખાધી હતી. બુધવારે તેહરાનમાં થયેલા હવાઈ હુમલામાં હમાસના વધુ એક ખેરખાં ગણાતા ઈસ્માઈલ હાનિયેહને મોતને ઘાટ ઉતારાયો છે. હવે આ હુમલા પાછળ પણ સીધો જ ઈઝરાયલનો હાથ હોવાની આશંકા છે.

કહેવાય છે કે, ગયા વરસે ઈઝરાયલ ઉપર હુમલો કરવામાં કટ્ટરવાદી સંગઠન હરકત અલ-મુક્કાવમા અલ-ઈસ્લામિયા (હમાસ)ના ચીફ ઈસ્માઈલ હાનિયેહનો પણ હાથ હતો તેમ ઈઝરાયલ માનતુ હતુ. તેથી ઈરાનમાં હાનિયેહને પતાવીને ઈઝરાયલે તેના મર્દાના મિજાજનો પરિચય પણ આપ્યો છે.



મહત્વની બાબત તો એ છે કે, ઈઝરાયલના એજન્ટોએ ૧૦૦ ટકા મુસ્લિમ વસતી ધરાવતા અને અત્યંત કટ્ટરવાદી મુસ્લિમ રાષ્ટ્ર ઈરાનની રાજધાની તેહરાનમાં ઘૂસીને આ ઓપરેશનને અંજામ આપ્યો છે. હાનિયેહને ઉડાવીને ઈઝરાયલે હમાસના ટોચના નેતાઓને ઉડાવવાની હેટ્રિક પૂરી કરી છે. આ પહેલાં ઈઝરાયલે હમાસના ડેપ્યુટી પોલિટિકલ ચીફ સાલેહ મુહમ્મદ સુલેમાન અલ-અરૌરીને આ રીતે જ ઉડાવી દીધો હતો. ઈઝરાયલે વેસ્ટ બેંકના અરૂરામાં તેના ઘરને ઉડાવીને ઓપરેશનને અંજામ આપેલો. અલ-અરૌરી લેબેનોનમાં રહેતો હતો, તેથી બચી ગયો, પણ ૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ઈઝરાયલનાં વિમાનોએ લેબેનોનમાં ઘૂસીને બોમ્બમારો કરીને સાલેહને પણ તેની મંજિલે પહોંચાડી દીધો હતો. સાલેહ ઈરાનના આતંકવાદી કાસેમ સુલેમાનીની હત્યાની વરસીના કાર્યક્રમમા ગયો અને આ જ સમયે ઈઝરાયલે તકનો લાભ ઉઠાવ્યો હતો.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

હમાસના બે અગ્રણી કમાન્ડરના ખાતમા બાદ હાનિયેહ પર ઈઝરાયલ સતત વોચ રાખી રહ્યું હતુ. દરમિયાન હાનિયેહ ઈરાનના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયનના શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેવા માટે તેહરાન ગયો હતો. હાનિયેહ ખાસ મહેમાન હોવાથી તેને કમાન્ડો સાથેની લોખંડી સુરક્ષા પ્રદાન કરવામાં આવી હતી. સાથે જ તેને રોકાણ માટે અલગ મકાનમાં ખાસ વ્યવસ્થા કરાઈ હતી. હવે, આટલી અભેદ સલામતી વ્યવસ્થા છતાં પણ ઈઝરાયલનાં પ્લેન ઈરાનની સરહદમાં ઘૂસ્યાં અને છેક તહેરાન પહોંચીને બોમ્બમારો કરીને હાનિયેહ જે મકાનમાં રોકાયો હતો, તે મકાનને જ ઉડાવી દીધું. અગાઉ ઈઝરાયલે 'હમાસ'ના હુમલાના ગણતરીના દિવસોમાં જ હાનિયેહના પરિવારના ૧૪ સભ્યોને મોતને ઘાટ ઉતાર્યા હતા. જોકે, હાનિયેહ તે સમયે નસીબનો બળીયો હોવાથી બચી ગયો હતો. એપ્રિલમાં ઈઝરાયલે કરેલા હુમલામાં તેના ત્રણ પુત્રો પણ મોતને ભેટ્યા હતા. 'હમાસ'ના હુમલા વખતે ઈઝરાયલ ઉંઘતું ઝડપાયું હતું.

ઈઝરાયલે તેની સ્ટાઈલમાં પરચો બતાવીને તે પોતે હજી પણ એટલું જ શક્તિશાળી છે અને બદલો લેવા કઈ હદે જઈ શકે છે તે વાત દુનિયાને સમજાવી દીધી છે. ઈઝરાયલ સામેના 'હમાસ'ના જંગમાં ઈરાન તન, મન, ધનથી મદદ કરી રહ્યું છે. ઈરાનની સહાયથી એક તરફ 'હમાસ' અને બીજી તરફ 'હિઝબુલ્લાહ' એમ બે-બે ખતરનાક સંગઠનો ઈઝરાયલ સામે મોરચો માંડીને બેઠા છે. ઈરાન લેબેનોન સહિતના દેશોને પણ મેદાનમાં ઉતારી ચૂક્યું છે. આથી ઈઝરાયલે ઈરાનમાં ઘૂસીને હાનિયેહની હત્યા કરીને ઈરાનની વ્યૂહરચનાનો નક્કર જવાબ આપ્યો છે.

હાનિયેહ 'હમાસ'નો રાજકીય વડો હતો. ઈઝરાયલે હાનિયેહને ઉડાવી દઈને 'હમાસ'ની કમર તોડી નાંખી છે. દુનિયાભરના મુસ્લિમ દેશોના વડાઓ સાથે સીધો સંપર્ક ધરાવતો હાનિયેહ મુસ્લિમ રાષ્ટ્રો પાસેથી જંગી ફંડ લઈ આવતો હતો. હાનિયેહના કારણે જ શિયા ઈરાન સુન્નીઓના સંગઠન 'હમાસ'ને મદદ કરતું હોવાનું પણ મનાય છે. ઈરાન એકલું જ દર વરસે હમાસને ૫૦ કરોડ ડોલરની મદદ કરતુ હોવાનો દાવો ઈઝરાયલ કરતુ રહ્યું છે.

હાનિયેહ ઉત્તર ગાઝા સ્ટ્રીપના રેફ્યુજી કેમ્પમાં ઉછર્યો પણ ઈઝરાયેલ સામે આક્રમક વલણના કારણે યુવાનોમાં અત્યંત લોકપ્રિય બની ગયો હતો. ઈઝરાયલ સામેની લડતમાં એક સમયે યાસ અરાફતનો દબદબો હતો. યાસર અરાફતે ફતાહ સહિતનાં સંગઠનોને ભેગાં કરીને પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન (પીએલઓ) બનાવીને ઈઝરાયલ સામે જંગ છેડ્યો હતો. વર્ષો સુધી સશસ્ત્ર લડત ચલાવ્યા પછી પણ સફળતા ન મળતા અરાફતે ૧૯૮૦ના દાયકામાં ઈઝરાયલ સાથે સમાધાન માટે મંત્રણા શરૂ કરી હતી.

આથી કટ્ટરવાદી મુસ્લિમો અરાફતથી નારાજ થયા અને તેમણે ૧૯૮૭માં હમાસની સ્થાપના કરી હતી. અરાફતે ૧૯૯૩માં ઈઝરાયલ સાથે સંધિ કરી પછી હમાસ આક્રમક બન્યું અને આતંકી હુમલા વધાર્યા હતા. હાનિયેહ આ હુમલાઓમાં કેન્દ્રસ્થાને હતો. આ કારણે હાનિયેહનો પ્રભાવ વધ્યો પછી તેણે ગાઝા સ્ટ્રીપમાં વર્ચસ્વ જમાવી દીધું હતુ.

હાનિયેહ ગાઝા સ્ટ્રીપનો બેતાજ બાદશાહ કહેવાતો. હાનિયેહના પુત્રો અને જમાઈઓ મોટા પાયે ખંડણી ઉઘરાવવા સહિતના ગેરકાયદે ધંધા કરે છે. ઈજીપ્ત સહિતના દેશોમાં એ બધા પકડાયા પણ છે પણ હાનિયેહની વગના કારણે તેમને કશું થતું નથી. ઈજીપ્તથી ગાઝા પટ્ટીમાં આવતા તમામ માલ-સામાન ઉપર હાનિયેહનો પરિવાર ૨૦ ટકા ટેક્સ ઉઘરાવતો હોવાનું કહેવાય છે. હાનિયેહ પહેલાં ગાઝા સ્ટ્રીપમાં રહેતો હતો. પણ ૨૦૧૬થી પત્ની તથા પરિવાર સાથે ગાઝા સ્ટ્રીપ છોડીને કતાર જતો રહ્યો હતો. રસપ્રદ વાત એ છે કે, હાનિયેહની ત્રણ બહેનો ખોલિદિયા, લૈલા અને સબાહ ઈઝરાયલની નાગરિક છે. આ ત્રણેય બહેનોનાં સંતાનો ઈઝરાયલ ડીફેન્સ ફોર્સમાં કામ કરી ચૂક્યાં છે.

**હમાસના ટોચના 7 પૈકી 3 નેતાઓના મોત થઈ ચૂક્યા છે. તમામ ઘટનામાં ઈઝરાયેલનો જ હાથ હોવાની પ્રબળ આશંકા છે. કારણ કે, હમાસના આતંકીઓએ આચરેલી બરબરતાનો બદલો લેવાની કસમ ઈઝરયલે જ ખાધી હતી**

# હિન્દુ સભા મંદિરમાં અશ્વિનકુમાર પાઠકના મુખે સુંદરકાંડ પાઠ

## નવલ અને રાશી બજાજ આયોજિત કાર્યક્રમમાં અજય ત્યાગીના ભજનોએ સાંજને વધુ મધુર બનાવી : હજારો લોકો સહભાગી થયા

**બ્રામ્પટન**





સુંદરકાંડના વિશ્વ વિખ્યાત ભક્ત ગુરુજી અશ્વિન કુમાર પાઠકજી જુલાઈ મહિનામાં કેનેડાની મુલાકાતે આવ્યા હતા, તેઓ 1લી જુલાઈએ કેનેડા ડેના દિવસે રાશી અને નવલ બજાજ દ્વારા આયોજિત હિન્દુ સભા મંદિરમાં સુંદરકાંડ પાઠ કરવા બ્રામ્પટનમાં હતા. તેઓ સમગ્ર વિશ્વમાં છેલ્લા 8431 દિવસથી દરરોજ સુંદરકાંડ પાઠ કરી રહ્યા છે અને કેનેડા ડે 1લી જુલાઈ, 2023ના રોજ તેમણે 8589મી વખત સુંદરકાંડ પાઠ કર્યો હતો. 1લી જુલાઈના રોજ સુંદરકાંડ પથ, બ્રામ્પટનમાં સમગ્ર જીટીએમાંથી હજારો લોકોએ હાજરી આપી હતી. ઘણા ધાર્મિક અંતર્જ્ઞાન વડાઓ, અન્ય મંદિરોના પૂજારીઓ, સંસ્થાના વડાઓ, રાજકારણીઓ અને સમુદાયના નેતાઓએ પણ હાજરી આપી હતી. આ પ્રસંગે યજમાન નવલ બજાજે પણ જણાવ્યું હતું કે, આપણે સૌ ધન્ય છીએ કે આપણે વિશ્વના સૌથી સુંદર દેશમાં રહીએ છીએ અને આપણા શહેરમાં સુંદર સુંદરકાંડ પાઠ થઈ રહ્યો છે. રોગચાળાના લગભગ એક વર્ષ પછી આપણે સામાન્ય સ્થિતિ તરફ પાછા આવીએ છીએ.

તેમણે પ્રમુખ મધુ સુદન લામાજી, અધ્યક્ષ રાકેશ ગોએન્કાજી, તમામ મેનેજમેન્ટ અને ટ્રસ્ટી બોર્ડના સભ્યો સહિત સમગ્ર મંદિર સમિતિનો પણ આભાર માન્યો હતો. શાસ્ત્રીજી અને અન્ય પૂજારીઓ ફૂલકુમારજી, મંદિરના વાસુદેવજી તથા ભજન ગાવા માટે અજય ત્યાગી, પથ પહેલાં તબલા વગાડતા મનોજજી અને ધરમ વીરજીનો આભાર માન્યો હતો. અજય ત્યાગીજી દ્વારા ગાયેલા ભજનો દ્વારા સાંજને મધુર બનાવી દેવામાં આવી હતી.

# GSSM મિસિસાગાની પિકનિક સાથે મનોરંજક કાર્યક્રમ, વોકેથોનની જાહેરાત



## ગુજરાતી કોમેડી નાટક પરફેક્ટ હસબન્ડની માજા પ્રેન્ટિસ થિયેટરમાં પ્રસ્તુતિ થઇ

**મિસિસાગા**

જીએસએસએમ દ્વારા સુર સાધના મ્યુઝિક લવર્સ તરફથી ગુજરાતી કોમેડી નાટક પરફેક્ટ હસબન્ડ શનિવારે 20-7-2024ના રોજ બે શોમાં રજૂ થયુ હતુ. માજા પ્રેન્ટિસ થિયેટર (બર્નહામથોર્પે લાઈબ્રેરી))ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મેમ્બર્સને માટે વિનામૂલ્યે નાટક જોવાની સગવડ કરવામાં આવી હતી. જે બાદ એન્યુઅલ પિકનિક 21મી જુલાઈએ lake front Promenade Park મા યોજવામાં આવી હતી. સમાજના પ્રમુખ કલાબેને સ્વાગતવિધિ કર્યા બાદ આઠમી સપ્ટેમ્બરના વોકેથોનની માહિતી રજૂ કરાઈ હતી. કલાબેને જણાવ્યું હતુ કે, ઓક્ટોબરમાં ઉષાબેન કોટ, ઈલાબેન દેવાણી દિવાળી કાર્યક્રમની પ્રેક્ટિસ કરાવશે. નવેમ્બરમાં AGM યોજવામાં આવશે. જેમણે EC સભ્યમાં મેમ્બર થવું હોય તેમણે પોતાનું નામ અને ફોર્મ શ્રી રમણીકભાઈ શાહને 21મી સપ્ટે. સુધીમાં મોકલાવા પડશે.

સભ્યોના મનોરંજન માટે પૂર્ણિમાબેન પટેલે રાસ તથા સનેડો કરાવ્યો હતો. જયારે રમાબેન શાહે ગોટીની પણ રમત રમાડી હતી. જે બાદ બધા પોતપોતાના ગ્રુપમાં ફરવા નીકળી ગયા હતા. સાંજે ઇડલી, ,મેંદુ વડા, ચટણી, સંભાર પીરસવામાં આવ્યા હતા. સમાજના પ્રેસિડેન્ટ કલાબેને ઉડીપી રેસ્ટોરન્ટના વિજયભાઈ નો આભાર માન્યો હતો. પિકનિકમાં જીએસએસએમના સભ્યોએ પ્રકૃતિનો આનંદ માણ્યો અને ખૂબ જ સ્વાદિષ્ટ જમણ કર્યું હતુ.

# કોવિડ અને અન્ય વાયરસ ચકાસવા માટે ગંદાપાણીનું થતું પરીક્ષણ અટકાવી દેવાયું

**ઓન્ટેરિયો**

ઑન્ટેરિયોમાં COVID-19 વેસ્ટવોટર સર્વેલન્સ પ્રોગ્રામ પૂરો થઈ રહ્યો છે. કોવિડ-19 ઑન્ટેરિયો સાયન્સ ટેબલના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક નિયામક ડૉ. ફહાદ રઝાકે કહ્યું હતુ કે, પરિક્ષણ અટકાવવા માટેનો પ્રાંતનો નિર્ણય નિરાશાજનક છે. ગંદાપાણીનું પરીક્ષણ COVID-19 અને અન્ય વાયરસ ક્યારે વધી રહ્યું છે, તેનો પ્રારંભિક સંકેત આપે છે. સમગ્ર ઑન્ટેરિયોમાં ડઝનેક સમુદાયોમાં ગંદાપાણીની દેખરેખ માત્ર COVIDમાટે જ નહીં, પરંતુ H5N1 એવિયન ફ્લૂના સંભવિત આગમન સહિતના સંભવિત જોખમોનું નિરીક્ષણ કરવા માટે પણ ઉપયોગી હતું.

ઑન્ટેરિયોના પર્યાવરણ મંત્રાલયે મંગળવારે એક ઈ-મેઈલમાં જણાવ્યું હતું કે કેનેડાની પબ્લિક હેલ્થ એજન્સી પ્રાંતમાં તેની ગંદાપાણીની દેખરેખ સાઈટ્સનું વિસ્તરણ કરતી હોવાથી તે તેના કાર્યક્રમને પૂરો કરી રહી છે. પરંતુ કેનેડાની પબ્લિક હેલ્થ એજન્સીના પ્રવક્તા કહે છે કે, તે ટોરોન્ટોમાં તેની ચાર હાલની સાઈટ્સ ઉપરાંત ચાર ઑન્ટેરિયો શહેરોમાં પરીક્ષણ કરવાની યોજના ધરાવે છે, જે પ્રાંતીય પ્રોગ્રામની નકલ કરશે નહીં.









# રિચમોન્ડ હિલ ખાતે નૃત્ય કલા મંદિરના વિદ્યાર્થીઓની સિદ્ધિઓની વર્ષગાંઠ ઉજવાઈ











**રિચમોન્ડ હીલ**

ચિમન્ડ હિલ સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટ્સ, રિચમોન્ડ હિલ ખાતે 28મી જુલાઈ, 2024ના રોજ નૃત્ય કલા મંદિરના વિદ્યાર્થીઓની સિદ્ધિઓની 23મી વર્ષગાંઠ ઉજવાઈ હતી. નૃત્યોત્સવ દરમિયાન 175થી વધુ વિદ્યાર્થીઓએ તેમની નૃત્ય પ્રતિભા દર્શાવી હતી. કલાકારોએ અદભૂત રજૂઆત કરતા પ્રેક્ષકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. પ્રદર્શનના હાઈલાઈટ્સમાં મુખ્યત્વે રામાયણ-રામ લીલા, દેવી, ભગવાન શિવ અને હનુમાનનું વર્ણન કરતી પૌરાણિક થીમ્સ પર ઘડવામાં આવેલા બેલેનો સમાવેશ થતો હતો. પર્ફોર્મન્સમાં ભગવાન રામના જીવનના વિવિધ તબક્કાઓ અને તેમણે કેવી રીતે સમગ્ર બ્રહ્માંડને તેમના વશીકરણ અને કૃપાથી મંત્રમુગ્ધ કર્યા છે તેનું નિરૂપણ કરાયું હતું. આ કાર્યક્રમમાં સંજીવ સંકલાણી (ટોરોન્ટોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ ખાતે ચાન્સરીના વડા), નાગસરથ પાંડુરંગી (ઈન્ટરનેશનલ બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર, દક્ષિણ એશિયા સેનેકા પોલીટેકનિક), પ્રવિણભાઈ ગાંધી (સનાતન મંદિર સાંસ્કૃતિક કેન્દ્રના વર્તમાન પ્રમુખ, સનાતન મંદિર) અને શર્મિષ્ઠા જોશી (ડાયરેક્ટર અને કેનેડિયન હિન્દુ કલ્ચરલ સેન્ટરના વર્તમાન પ્રમુખ) હાજર રહ્યા હતા.

# બે મિલિયન કેનેડિયનોને ઓટોમેટિક ટેક્સ ફાઈલિંગ સેવાની CRAની ઓફર

## ફોન, ડિજિટલ અને પેપર, ફોન અથવા ડિજિટલ સેવાનો ઉપયોગ કરતી વ્યક્તિઓને સરળ પ્રશ્ન પુછાશે




**ટોરોન્ટો**

રાષ્ટ્રીય પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે વધુ હજારો કેનેડિયનો માટે સ્વચાલિત ટેક્સ ફાઈલિંગ સેવાઓ ખુલી છે. કેનેડા રેવન્યુ એજન્સીએ મંગળવારે એક સમાચાર પ્રકાશનમાં જણાવ્યું હતું કે 500,000થી વધુ પાત્ર કેનેડિયનોને એજન્સીની સિમ્પલફાઈલ સેવાઓનો ઉપયોગ કરીને ફોન દ્વારા, ઓનલાઈન અથવા મેઈલ દ્વારા તેમના 2023 ટેક્સ રિટર્ન ફાઈલ કરવા જુલાઈમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય પાયલોટ પ્રોગ્રામ જે 2024ના ફેડરલ બજેટમાં સમાવવામાં આવ્યો હતો, તે ઓછી આવક ધરાવતા કેનેડિયનોને મદદ કરવાનો છે કે જેમણે ક્યારેય ટેક્સ રિટર્ન ફાઈલ કર્યું નથી અથવા જેમના ફાઈલિંગ ઈતિહાસમાં અંતર છે. આ સેવાનો ઉપયોગ કરીને ટેક્સ રિટર્ન 10 મિનિટમાં ફાઈલ કરી શકાય છે, એવો CRA દાવો કરે છે. માર્ચમાં, CRAએ જણાવ્યું હતું કે તેણે તેની સિમ્પલફાઈલ બાય ફોન સિસ્ટમનો વિસ્તાર કર્યો છે, એક પ્રોગ્રામમાં એજન્ટો કૉલના અંત સુધીમાં રિફંડ અંદાજ સાથે ફોન પર સરળ પ્રશ્નો પૂછે છે. આ વર્ષે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા બે મિલિયન કેનેડિયનોને ઓટોમેટિક ટેક્સ ફાઈલિંગ સેવા ઓફર કરવામાં આવી છે. રાષ્ટ્રીય પાયલોટ પ્રોજેક્ટ માટે લાયક કેનેડિયનો માટે ઓટોમેટિક ટેક્સ ફાઈલિંગના ત્રણ અલગ અલગ વિકલ્પો ઉપલબ્ધ છે. જેમાં ફોન, ડિજિટલ અને પેપર, ફોન અથવા ડિજિટલ સેવાનો ઉપયોગ કરતી વ્યક્તિઓ માટે સરળ પ્રશ્નોની શ્રેણી પૂછવામાં આવશે અને તેમની વ્યક્તિગત માહિતીની પુષ્ટિ કરવાની જરૂર પડશે.

ટેક્સ ફાઈલ કરનારાઓ માટે અને જેમણે વ્યક્તિગત ઓળખ નંબર બનાવ્યો છે, તેઓ માટે કોઈપણ રિફંડ કૉલના અંતે ઉપલબ્ધ થશે. જો કોઈ પિન બનાવ્યો ન હોય, તો મૂલ્યાંકનની નોટિસ કાં તો મેઈલ દ્વારા અથવા વ્યક્તિના CRA એકાઉન્ટમાં તેમના વળતરની પ્રક્રિયા થઈ ગયા પછી મોકલવામાં આવશે.

# શ્રાવણ : શિવજી પ્રત્યે કૃતજ્ઞતા પ્રકટ કરવાનો મહિનો

શિવ ભક્તો માટે ભગવાન શિવની ભક્તિમાં લીન થવાનો મહામુલો અવસર એટલે શ્રાવણ માસ. પંડિત વિજય કાશીવ અનુસાર વર્ષા ઋતુમાં ભગવાન વિષ્ણુ યોગનિંદ્રામાં જાય છે, તે સમયે પુરી સૃષ્ટિની જવાબદારી ભગવાન શિવના આધિન હોય છે. આ ચાર મહિનામાં ભગવાન શિવને પ્રસન્ન કરવા માટે ભક્તો દાન, પુણ્ય અને ભોલેનાથની પૂજા કરે છે.”

ધાર્મિક દ્રષ્ટિકોણ અનુસાર ભાગવત મહાપુરાણમાં સમુદ્રમંથનની કથા આવે છે. જ્યારે દેવતાઓ અને દાનવોએ સમુદ્ર મંથન કર્યું ત્યારે તેમાંથી હળાહળ વિષ નીકળ્યું. આ વિષ એટલું વિનાશક હતું કે, જો તેનું એક ટીપું પણ સૃષ્ટિ પર પડે તો પ્રલય આવી જાય. તેવામાં ભગવાન વિષ્ણુએ દેવતાઓને કહ્યું કે તેઓ સૌ શિવજીને મનાવે તેમજ વિષને દૂર કરવાનો ઉપાય સૂચવે. કારણ કે, માત્ર ભગવાન શિવ જ સૃષ્ટિને આ સંકટથી બચાવી શકે તેમ છે.

દેવતાઓની સમસ્યા દૂર કરવા શિવજીએ હળાહળ વિષ પી લઈને પોતાના ગળામાં ધારણ કરી લીધું. વિષ ગળામાં ધારણ કરવાના કારણે જ તેઓ “નીલકંઠ “તરીકે જગતમાં પ્રસિદ્ધ થયા.

શિવજીએ વિષ તો પી લીધું, પરંતુ તેનો પ્રભાવ તેમના શરીર ઉપર પડવા લાગ્યો. આ જોઈ પ્રભુને ઠંડક મળે તે માટે તેના પર જળ ચઢાવવામાં આવ્યું. જળ ચઢાવવાથી શિવજી પ્રસન્ન થયા અને ત્યારથી જ શિવજી પર જળ ચઢાવવાની પ્રથા પણ શરૂ થઈ. આ કારણથી જ શ્રાવણ માસ પણ શિવજીનો પ્રિય માસ છે.

બીજી દંતકથા અનુસાર દેવી સતીએ દરેક જન્મમાં ભગવાન શિવને તેના પતિ તરીકે રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી, તેના પિતાની વિરુદ્ધ જઈને ભગવાન શિવ સાથે લગ્ન કર્યા હતા, પરંતુ તેણે તેના પિતા દ્વારા શિવના અપમાનને કારણે પોતાનું શરીર ત્યજી દીધું હતું. શરીરનો ત્યાગ કર્યા પછી, માતા સતીએ હિમાલય અને મૈનાની પુત્રી પાર્વતી તરીકે જન્મ લીધો.

આ જન્મમાં તેણે ભગવાન શિવને પતિ તરીકે મેળવવા માટે શ્રાવણ મહિનામાં 16 સોમવારનું વ્રત(ઉપવાસ )કર્યું તેમજ આ વ્રત શરૂ કર્યું, ત્યારે શ્રાવણ માસનો પહેલો સોમવાર હતો.

આમ વ્રત કરીને તે ભગવાન શિવની અર્ધાંગિની બની. તેથી ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે આ મહિનાથી સોળ સોમવાર, પ્રદોષ અને સોમવારના ઉપવાસ શરૂ કરવામાં આવે છે.

શિવજીના પહેલા સોમવારે સદ્યોજાત દેવનું પૂજન. બીજા સોમવારે વાસુદેવ નામના શિવજીનું પૂજન, ત્રીજા સોમવારે અઘોર દેવ નામના શિવજીનું પૂજન અને ચોથા સોમવારે તત્પુરુષ નામના શિવજીનું પૂજન અને જે વર્ષમાં પાંચ સોમવાર આવતા હોય તો પાંચમાં સોમવારે ઈશાને સ્વરનું પૂજન અવશ્ય કરવું જોઈએ.

આમ દરેક રાશિના જાતકો જો શ્રાવણ માસમાં શિવજીની પૂજા કરે તો તેઓને શનિ ગ્રહની પનોતીની અસર ઓછી નડે છે. વળી તેઓ રાહુ અને કેતુ દોષ અને ચાંડાળ તથા વિષ યોગની ખરાબ અને બુરી અસરમાંથી બચી જાય છે.


## ઉપવાસનું આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક મહત્વ

પવિત્ર શ્રાવણ માસનો આરંભ થતા જ આપણે વ્રત, જપ, તપ, પૂજા, અર્ચન, કીર્તન, સત્સંગ અને ઉપવાસમાં લીન થઈએ છીએ. આ માસમાં ઉપવાસનું વિશેષ મહત્વ છે.

આ ઋતુ ચોમાસાની હોય છે એટલે સ્વાભાવિક રીતે પાચન શકિત થોડી મંદ પડતી અનુભવાય છે. વરસાદી માહોલમાં જનજીવન પણ થોડું ઓછું ચેતનવતું અને શિથિલ થઈ જાય છે. ત્યારે અલ્પ આહારનું આર્યુવેદ અને અધ્યાત્મમાં વિશેષ મહત્વ સ્વીકારાયેલ છે.

આરાધના કરવા માટે અલ્પ આહાર શ્રેષ્ઠ છે. તેજ રીતે દીર્ઘાયુષ્ય અને સ્વસ્થ જીવન માટે પણ “મિતાહાર” પણ એટલો જ આવશ્યક છે. તામસિક, બગડેલ, વાસી આહાર પ્રત્યે અરૂચિ રાખી તેનાથી દૂર રહેવાનું સંયમિત મનોબળ કેળવવાનું યોગ, આર્યુવેદ અને ધાર્મિક શાસ્ત્રોમાં મહત્વ છે. શ્રાવણ માસમાં શ્રવણ નક્ષત્રનું વિશેષ મહત્વ છે. નક્ષત્ર માળામાં કુલ 27 નક્ષત્રો છે તેમાં 22મું નક્ષત્ર શ્રવણ નક્ષત્ર છે.

શિવાલયમાં પ્રવેશ કરતી વખતે મનમાં શિવના પંચાક્ષરી મંત્ર” ૐ નમઃ શિવાય”નો નિરંતર જાપ કરો શિવાલયમાં પ્રવેશ કરતી વખતે મનમાં શિવના પંચાક્ષરી મંત્ર” ૐ નમઃ શિવાય”નો નિરંતર જાપ ચાલુ રહેવો જોઈએ. શિવલિંગ પર અભિષેક કરતી વેળાએ “ૐ નમઃ શિવાય” અને મહામૃત્યુંજય મંત્રનો તેમજ “ૐ ગં ગણપતયે નમઃ” મંત્રનો અખંડ જાપ કરવાથી આકસ્મિક મૃત્યુ આવતું નથી.



### આ માસમાં અનેક તહેવારો આવે છે

1 હરિયાળી ત્રીજ (ફૂલકાજલી) 2. બોળચોથ. 3 નાગપંચમી. 4 રાંધણ છઠ્ઠ. 5. શીતળા સાતમ. 6. જન્માષ્ટમી. 7 પવિત્ર એકાદશી. 8. રક્ષા બંધન. 9. હિંડોળા.

## શિવની પૂજામાં ધ્યાનમાં લેવાની મુખ્ય બાબત

મિત્રો, ભગવાન શિવની પૂજા કરતી વખતે તેમને કોઈ શ્રૃંગારની વસ્તુ ન ચડાવવી જોઈએ. કુમકુમ અને હળદરનો સંબંધ સૌભાગ્ય સાથે હોય છે. ભગવાન શિવની પૂજા કરતી વખતે ધ્યાન રાખવું જોઈએ કે, અક્ષત તૂટેલા ન હોવા જોઈએ. ભગવાન શિવજીને સફેદ રંગના ફૂલો અર્પણ કરવા જોઈએ.

ભગવાન શિવજીની પૂજા કરતી વખતે તેમાં નાળિયેરનો ઉપયોગ ન કરવો જોઈએ. નાળિયેર એ લક્ષ્મીજીનું સ્વરૂપ માનવામાં આવે છે. અને જેનો સંબંધ ભગવાન વિષ્ણુ સાથે હોય છે.

ભગવાન શિવને બીલીપત્ર અર્પણ કરતી વખતે ધ્યાન રાખવું જોઈએ કે ત્રણ પાના વાળા બીલીપત્ર હોવા જોઈએ. શિવજીના મંદિરમાં અર્ધ પ્રદક્ષિણા કરવી જોઈએ.

## મહા મૃત્યુંજય મંત્રનો મહિમા

આ મંત્રના રચયિતા માર્કંડેય ઋષિ છે. તેઓએ આ મંત્રનો જાપ કરીને અમરત્વ પ્રાપ્ત કર્યું હતું. મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાના કારણે આ મંત્રને “મહામૃત્યુંજય મંત્ર “કહેવામાં આવે છે.

“ૐ त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् |
उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ||

(હે ત્રિનેત્ર ધારી પરમાત્મા.. જેમ સંપૂર્ણ પરિપક્વ થયેલી કાકડી આપોઆપ તેના વેલાથી ખરી પડે, તે રીતે મને અમૃતમય આત્માથી અમરત્વ પ્રાપ્ત થાય તે માટે મૃત્યુના બંધનથી મુક્તિ પ્રદાન કરો.)

**ડો. જયેન્દ્ર નાયક (અમદાવાદ)**

# કમ્પ્યુટર વાયરસથી ગુજરાતની 21 બેંકના 700 કરોડના ડિજિટલ ટ્રાન્ઝેક્શન ખોરવાયા

## અત્યાર સુધીમાં કોઈ પ્રકારનો ફ્રોડ કે આર્થિક નુકસાન થયું નથી

**અમદાવાદ**

ટેક્નોલોજીના યુગમાં મોટાભાગની પૈસાની લેતીદેતી ડિજિટલ સ્વરૂપે કરવામાં આવે છે. દેશભરમાં નાણાકીય વ્યવહારમાં UPI સહિતના ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરવામાં આવે છે, ત્યારે છેલ્લા ત્રણ દિવસથી દેશની 356 બેંકના પાંચ હજાર કરોડના UPI સહિતના ડિજિટલ ટ્રાન્ઝેક્શનો બંધ થયા છે. જેમાં બેંકોમાં હાલ રેન્સમવેર એટેક સામનો કરી રહી છે. જ્યારે ગુજરાતની 21 બેંકના 700 કરોડના ટ્રાન્ઝેક્શન રેન્સમવેર એટેકની અસર થઈ છે. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં કોઈ પ્રકારનો ફ્રોડ કે આર્થિક નુકસાન થયું નથી. કમ્પ્યુટર વાયરસના કારણે મોટાભાગના બેંકિંગ સેવાને અસર પહોંચી છે. તેવામાં બેંકને આર્થિક નુકસાન સામે સાવચેતી રાખવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા અને નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આ સોફ્ટવેરનો ઉપયોગ કરતી બેંકોના ડિજિટલ ટ્રાન્ઝેક્શન હાલ પુરતા બંધી કરી દેવામાં આવ્યાં છે. બીજી તરફ, રેન્સમવેર એટેકના કારણે અત્યારસુધીમાં દેશની 138 બેંક સહિત ગુજરાતના 21 બેંકોના નાણાકીય વ્યવહાર ઠપ થઈ ગયા છે. જ્યારે સિસ્ટમ બંધ થયાના 48 કલાકથી ઉપર થયુ છતા ડિજિટલ ટ્રાન્ઝેક્શન સેવા શરુ ન થતા દેશની 138 બેંકોના 5 હજાર કરોડ અને ગુજરાતની 21 બેંકોના 700 કરોડના ડિજિટલ ટ્રાન્ઝેક્શન અટવાઈ ગયા છે.

# અમદાવાદ-ગાંધીનગરમાં CIDના દરોડા સ્પા-હોટલોના 42 સંચાલકોની ધરપકડ

### CID ક્રાઈમના દરોડા, 13 સ્પા-હોટલોના 42 આરોપીની અટકાયત,

**અમદાવાદ**

અમદાવાદમાં 35 જેટલા સ્પા અને હોટલોમાં ડમી ગ્રાહક મોકલીને CID ક્રાઈમની ટીમે ગાંધીનગર અને અમદાવાદના 13 સ્પા અને હોટલોમાં દરોડા પાડીને 42 આરોપીની અટકાયત કરી છે. આ સાથે CID ક્રાઈમે કુલ 22 જેટલા ગુના નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સ્પામાં ચાલતા ગોરખધંધા સામે પોલીસ દ્વારા સેક્સ રેકેટનો પર્દાફાશ કરવામાં આવે છે, ત્યારે આજે (31 જુલાઈ) CID ક્રાઈમની ટીમ દ્વારા અધિકારીઓની અલગ-અલગ ટીમ બનાવીને અમદાવાદ અને ગાંધીનગર શહેરના 35 જેટલા સ્પા અને હોટલોમાં ડમી ગ્રાહકો મોકલીને સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે, ત્યારે CID દ્વારા દરોડા પાડીને સ્પા અને હોટલોમાં ચલાવવામાં આવતા કુટણખાનાનો ખુલાસો કર્યો છે. જેમાં અમદાવાદ અને ગાંધીનગરના 13 જેટલા સ્પા અને હોટલોમાં દરોડા પાડીને 42 આરોપીની અટકાયત કરવામાં આવી છે.

# જયંતિ રવિની ફરી ગુજરાતમાં વાપસી : એક સાથે 18 IAS અધિકારીઓની બદલીના આદેશ

**અમદાવાદ**

લોકસભાની ચૂંટણી બાદ ગુજરાતમાં એક સાથે 18 IAS અધિકારીઓની બદલી કરી દેવામાં આવી છે. ગુજરાતમાં બદલીઓનો દોર શરૂ થયો છે, સિનિયર 18 IAS અધિકારીઓની બદલીના આદેશ કરાયા છે. અધિક મુખ્ય સચિવ સુનયના તોમરને શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલમાં મુકાયા છે. મહત્વની વાત એ છે કે જયંતી રવિને ગુજરાતમાં પરત લાવવામાં આવ્યા છે. ગુજરાતના 18 સિનિયર IAS અધિકારીઓની બદલીના આદેશ: અધિક મુખ્ય સચિવ સુનયના તોમરને શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલમાં મુકાયા, અધિક મુખ્ય સચિવ એમ કે દાસને મુખ્યમંત્રી કાર્યાલયમાં મુકાયા અને ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવનો ચાર્જ સોંપાયો છે.

# ગાંધીનગરમાં 207 મંદિરો તોડવાની નોટિસથી હિન્દુ સંગઠનો ભડક્યા

**ગાંધીનગર**

ગાંધીનગર શહેર અને જિલ્લાના 207 ધાર્મિક એકમોને પુરાવા રજૂ કરી જવા માટે તંત્ર દ્વારા નોટિસો આપવામાં આવી છે ત્યારે હવે હિન્દુ સંગઠન દ્વારા આ મામલે આંદોલન કરવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

સુપ્રીમ કોર્ટમાં ધામક દબાણને લઈને કરવામાં આવેલી એફિડેવીટ બાદ રાજ્ય અને જિલ્લાઓમાં હાલ ધામક દબાણ હટાવવાનો મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા પણ શહેર અને જિલ્લાઓમાં આવેલા 207 જેટલા ધામક એકમોને નોટિસ પાઠવીને તેમની પાસે આ જગ્યાના પુરાવા હોય તો રજુ કરવા માટે તાકીદ કરવામાં આવી હતી. આ મામલે શરૂઆતથી જ વિરોધ થઈ રહ્યો છે ત્યારે આગામી દિવસમાં હિન્દુ સંગઠનો દ્વારા આંદોલન શરૂ કરવાનું પણ આયોજન થઈ રહ્યું છે. આવેદનપત્ર અપાયા બાદ પણ તંત્ર દ્વારા ધામક સ્થાનોના દબાણો હટાવવાનું નક્કી કરવામાં આવશે તો ઉગ્ર આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે. પાટનગરમાં જ વર્ષ 2008માં સરકારની સૂચનાથી 300થી વધુ નાના મોટા મંદિરો તોડી પાડવામાં આવ્યા હતા ત્યારે આ વખતે સરકાર શું નિર્ણય લે છે તે જોવું રહ્યું.

# કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા દિગ્ગજ નેતા અર્જૂન મોઢવડિયાને મંત્રી બનાવાય તેવી અટકળો

**અમદાવાદ**

ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા અર્જુન મોઢવાડિયા ઘણાં વર્ષોથી કોંગ્રેસ પાર્ટીમાં અનેક હોદ્દા પર રહ્યાં છે. જ્યારે લોકસભાની ચૂંટણી પહેલા જ તેમણે કોંગ્રેસ પાર્ટી સાથે પોતાના સંબંધો તોડીને ભાજપ સાથે જોડાયા હતા. તેમણે વિધાનસભાની પેટા ચૂંટણીમાં પોરબંદરની બેઠક પરથી ભાજપની ટિકિટ પર વિજય હાંસલ કર્યો હતો.

દરમિયાન પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ દિલ્હી ખાતે પહોંચ્યા છે. તેમણે દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સી.આર. પાટીલ સાથે મુલાકાત કરી હતી. મોઢવાડિયાની આ મુલાકાત બાદ રાજ્યના રાજકારણને લઈને અટકળો છે કે, તેમને કોઈ મંત્રીપદ અપાઈ શકે છે.

# ગુજરાતમાં લોકસભાની 24 બેઠકના EVMના મતોમાં તફાવત, ચૂંટણીપંચ શંકાના દાયરામાં

**ભાવનગર**

એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ (ADR)ના રિપોર્ટ અનુસાર, દેશની તમામ બેઠકો પર કુલ મળીને 5 કરોડ મતના ફેરફાર જોવા મળતાં એક નવા વિવાદ ઊભો થયો છે. તેમાં ગુજરાતમાં લોકસભાની 26 બેઠકમાંથી 24 બેઠકમાં કુલ 15,521 મતનો ફેરફાર જોવા મળ્યો છે. કાં તો મત વધુ પડ્યા છે, કાં તો ઓછા પડ્યા છે. હવે ઈલેક્શન કમિશનની વિશ્વસનીયતા સામે સવાલો ઊઠ્યો છે.



લોકસભાની ચૂંટણી 2024માં ચૂંટણી પંચે જે આંકડા જાહેર કર્યાં હતા અને મતગણતરીના દિવસે મતોની ગણતરી થઈ તેમાં ઘણાં મતોમાં તફાવત જોવા મળ્યો છે. એડીઆરના રિપોર્ટ અનુસાર, ગુજરાતની વાત કરીએ તો, 26 બેઠકમાંથી 24 બેઠકોમાં 8 મતોથી માંડીને 3100 મતોનો તફાવત જોવા મળ્યો છે. કાં તો મત ઓછા છે. કાં તો જાહેર કરેલા મતો કરતાં વધુ મત છે.

ગુજરાતમાં 24 બેઠકો પર કુલ મળીને 15,521 મતનો તફાવત જોવા મળ્યો છે. ભાવનગરમાં 2096, ખેડામાં 2222, પાટણમાં 1577, બારડોલીમાં 3193 અને આણંદમાં 1337 મતનો ફરક જોવા મળ્યો છે. જો કે, મતમાં ફેરફાર એ પરિણામ બદલવા માટે જવાબદાર ન હોય પણ ચૂંટણીપંચની વિશ્વસનીયતા સામે આંગળી ચિંધાઈ છે.

# અમેરિકામાં મેક્સિકો બોર્ડરથી પ્રવેશ કરતી વેળા 150 ગુજરાતી પકડાયા

**મેક્સિકો**

દિન પ્રતિદિન અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં જવાની ઘેલછા વધી રહી છે જેના કારણે ઘણા લોકો કાયદો તોડીને પણ દેશમાં ઘૂસી જવાનો રસ્તો અપનાવી રહ્યા છે. આવી ગેરરીતિમાં એજન્ટો સૌથી વધુ પૈસાની કમાણી કરી રહ્યા છે. એવામાં ફરીથી અમેરિકામાં ઘૂસવાનો પ્રયાસ કરી રહેલા 150 ગુજરાતીઓ ઝડપાયા હોવાના મીડિયા અહેવાલ સામે આવ્યા છે.

મેક્સિકો બોર્ડરથી અમેરિકામાં ખોટી રીતે ઘૂસવાનો પ્રયાસ કરવામાં 150 ગુજરાતીઓ ઝડપાયા છે. આ તમામ ગુજરાતીઓને ભારત ડિપોર્ટ કરવામાં આવે તેવી શક્યતા છે. માનવામાં આવી રહ્યું છે કે આ 150 ગુજરાતીઓ મેક્સિકોથી અમેરિકામાં ચાલતા જ ઘૂસી રહ્યા હતા અને ઝડપાઈ ગયા. નોંધનીય છે કે મેક્સિકો બોર્ડરથી મોટી સંખ્યામાં અનેક દેશથી લોકો અમેરિકામાં ઘૂસવાનો પ્રયાસ કરે છે, ડોનાલ્ડ ટ્રમ્પ ઘણા સમયથી મેક્સિકો બોર્ડર પર કડકાઈ વધારવા માટે નિવેદન આપતા રહ્યા છે.

જે 150 ગુજરાતીઓ ઝડપાયા છે તે મૂળ કયા જિલ્લાના છે તે હજુ સુધી જાણી શકાયું નથી. મીડિયા અહેવાલ પ્રમાણે મોટાભાગના લોકો ઉત્તર ગુજરાતનાં છે.

# ભૂગર્ભ જળ રિચાર્જ યોજનાને મળી મંજૂરી, ખેડૂતોની આવક વધશે

**ગાંધીનગર**

રાજ્યમાં બિન ઉપયોગી અને બંધ અંદાજે 10,000 ખાનગી ટ્યુબવેલને વરસાદી પાણીથી રિચાર્જ કરાશે. તેનામાં 150 કરોડ રૂપિયાની ભૂગર્ભ જળ રિચાર્જ યોજનાને મંજૂરી મળી છે. ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવવાથી વીજ વપરાશ ઘટવાની સાથે ખેડૂતોની આવકમાં પણ વધારો થશે. ગુજરાતમાં ભૂગર્ભ જળના ઊંડા તળને વરસાદના પાણીથી ઊંચા લાવવા બંધ પડેલા ટ્યુબવેલને રિચાર્જ કરાશે. ભૂગર્ભ જળ રિચાર્જ યોજનાથી રાજ્યમાં 10,000 જેટલા બંધ ખાનગી ટ્યુબવેલ રિચાર્જ કરવામાં આવશે. આ ટ્યુબવેલના રિચાર્જ માટે 90 ટકા ખર્ચ રાજ્ય સરકાર આપશે. જ્યારે 10 ટકા ખર્ચ લોક ભાગીદારીથી આપવાનો રહેશે.

# ડેન્ગ્યૂનો કહેર : ગુજરાતમાં 6 માસમાં 893 કેસ, 32 મોત

## દિવસે કરડતા એડીસ મચ્છરોથી ફેલાતો ડેંગ્યુ ચોમાસામાં વધુ પ્રસરતો હોય છે

**રાજકોટ**

મચ્છરોથી ફેલાતા ડેંગ્યુ માટે ઈ.સ. 2024નું વર્ષ સૌથી ખરાબ રહ્યું છે. લાન્સેટના આજના રિપોર્ટ મુજબ તા. 23 જુલાઈની સ્થિતિએ 176 દેશોમાં 1 કરોડથી વધુ કેસો નોંધાઈ ગયા છે અને આ આંકડો ઈ.સ. 2023ને પણ પાર કરી ગયો છે. તો બીજી તરફ ગુજરાત સહિત ભારત ઉપર પણ ડેંગ્યુનો ખતરો વધ્યો છે અને ચાલુ વર્ષના 6 માસમાં જ ગુજરાતમાં 893 સહિત દેશમાં 32.091 પોઝીટીવ કેસ નોંધાયા છે જેમાં સત્તાવાર રીતે 32ના મોત જાહેર થયા છે. ડેંગ્યુ એ એડીસ



પ્રકારના મચ્છરો કરડવાથી ફેલાય છે અને આ મચ્છરની ચેપ ફેલાવવાની તીવ્રતા એવી છે કે તે જેટલા વ્યક્તિને કરડે એટલામાં ચેપ ફેલાવી શકે છે. વળી, આ મચ્છરો ઘર-ઓફિસમાં જ રહે છે અને તેથી ખતરો ઘરમાં જ વધારે છે. માત્ર દિવસના સમયે જ વધારે કરડે છે. એટલું જ નહીં, આ મચ્છરોમાં જે ચેપગ્રસ્ત થયું હોય તે ઈંડા મુકીને વસ્તી વધારો કરે તે નવા જન્મતા મચ્છર પણ ચેપ ફેલાવે છે. અને આ રોગ શિયાળા,ઉનાળામાં ઓછો પણ ચોમાસામાં વરસાદ પછી મચ્છરોની સંખ્યા વધવા સાથે ખૂબ વધે છે. આમ, ગુજરાત સહિત દેશમાં નોંધાયેલા કેસો ઓફ સીઝનના છે અને આ રોગચાળાની સીઝન તો હવે શરુ થઈ છે. ભારતમાં માત્ર કોરોના વાયરસની એન્ટ્રીના વર્ષમાં ડેંગ્યુ કેસો ઘટયા હતા, ગત ત્રણ વર્ષથી સતત વધી રહ્યા છે. રાજકોટ જેવા શહેરમાં ટેસ્ટીંગ ઓછુ થાય છે,કેસો પણ ઓછા દર્શાવાય છે તેવી ફરિયાદો પણ ઉઠતી રહી છે.

# પ્રાકૃતિક ખેતીની માત્ર વાતો! ગુજરાતમાં 1800 ટન દવાનો વપરાશ

## ઝેરી જંતુનાશક દવાથી ઉત્પાદિત ખાદ્યપેદાશો સ્વાસ્થ્ય માટે જોખમી : દેશના અન્ય રાજ્યોમાં પણ યથાસ્થિતિ

**ભાવનગર**

એક તરફ ગુજરાતમાં હજારો ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યાં છે, તેવો સરકાર દાવો કરી રહી છે. જ્યારે બીજી તરફ, ખુદ કેન્દ્ર સરકારે જ ખુલાસો કર્યો છે કે, ગુજરાતના ખેડૂતો ખેતી માટે કેમિકલયુક્ત જંતુનાશક દવાનો વ્યાપકપણે ઉપયોગ કરી રહ્યાં છે. દર વર્ષે ગુજરાતમાં સરેરાશ 1800 મેટ્રિક ટન કેમિકલયુક્ત જંતુનાશક દવાનો વપરાશ કરવામાં આવી રહ્યો છે. ઝેરી જંતુનાશક દવાથી ઉત્પાદિત અનાજ-ખાદ્યપેદાશો લોકો સ્વાસ્થ્ય માટે જોખમી બની રહી છે. તેમ છતાંય ગુજરાતના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ ઢળી શક્યા નથી.

ખેતરોમાં જીવજંતુથી પાકને બચાવવા માટે કેમિકલયુક્ત જંતુનાશક દવાનો ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને કપાસ, મગફળી અને ડાંગર જેવા પાકોમાં જંતુનાશક દવાનો વધુ પ્રમાણમાં ઉપયો થાય છે. એક રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં પ્રતિ હેક્ટર 331 ગ્રામ કેમિકલયુક્ત જંતુનાશક દવાનો ઉપયોગ થઈ રહ્યો છે.




કેન્દ્ર સરકારના રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં વર્ષ 2021-22માં 1839 મેટ્રિક ટન, વર્ષ 2022-23માં 1747 મેટ્રિક ટન અને વર્ષ 2023-24માં 1835 મેટ્રિક ટન કેમિકલયુક્ત જંતુનાશક દવાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મહત્ત્વની વાત એછે કે, બિહાર, ગોવા, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, કેરાલા, ઝારખંડ અને ઉતરાખંડની સરખામણીમાં ગુજરાતમાં કેમિકલયુક્ત જંતુનાશક દવાનો ચિંતાજનક હદે ઉપયોગ થઇ રહ્યો છે.જો કે, પંજાબ, મહારાષ્ટ્ર, યુપી, પશ્ચિમ બંગાળ, કર્ણાટકમાં જંતુનાશક દવાનો સૌથી વધુ વપરાશ થાય છે.

## ટંકારામાં ભાજપ આગેવાન યુવતીને ભગાડી જતાં ધારાસભ્ય સામે હંગામો

**મોરબી**

મોરબી જિલ્લાના ટંકારા તાલુકાનાં ઓટાળા ગામમાંથી ભાજપનો આગેવાન ગામની યુવતીને ભગાડી જતાં ગામલોકોએ એકઠા થઈને મોરબીના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાની ઓફિસે હંગામો મચાવ્યો હતો. આ મામલે પોલીસ ફરિયાદ ના લેતા ગામના લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. ઓટાળા ગામની યુવતીના પરિવારજનો, ગામની મહિલાઓ તેમજ લોકો આજે મોરબી રવાપર ચોકડીએ ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાના કાર્યાલયે દોડી ગયા હતા. ગામલોકોએ દેખાવો કરતા આક્ષેપ કર્યો હતો કે, ભાજપના રાજમાં દીકરી સલામત નથી અને ભાજપનો આગેવાન જ અમારી દીકરીને ભગાડી ગયો છે. જેથી પોલીસ તેને પકડતી ન હોવાનો આક્ષેપ કર્યો હતો.

## કેસરિયો ખેસ પહેરો અને બેફામ ભ્રષ્ટાચાર કરો : ચાવડાનો આરોપ

**ગાંધીનગર**

વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે મૃદુ મુખ્યમંત્રી ક્યારે થશે મક્કમ એવું ગુજરાતના મતદારો પૂછી રહ્યા છે. ગુજરાત ભાજપ સરકારના આશિર્વાદથી બેફામ બનેલા ગુંડાઓ અને ભ્રષ્ટાચારઓ થકી “ઉડતા ગુજરાત” બની ગયું છે, ગુજરાતના દરિયા કાંઠે છેલ્લા કેટલાક વર્ષોમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ લેન્ડ થયું છે. જેના કારણે ગુજરાત ડ્રગ્સનું લેન્ડીંગ હબ બની રહ્યું છે. જે રીતે ડ્રગ્સની મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીઓ પકડાઈ, ફાર્માસ્યુટીકલ કંપનીની આડમાં ડ્રગ્સની મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીઓ પકડાય એનાથી એમ કહેવાય છે કે ગુજરાત ડ્રગ્સનું મેન્યુફેક્ચરિંગ હબ બની ગયું છે. એક તરફ ડ્રગ્સનો કોઈ પેડલર પકડાય તે રાજ્યના ગૃહમંત્રી સાથે, રાજ્યપાલ સાથે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સાથે, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી સાથે ભાજપના અનેક મોટા નેતાઓ સાથે નજીકનો ઘરોબો ધરાવતા હોય તે રીતે ફોટા પડાવે છે. રાજ્યના ગૃહમંત્રીને ડ્રગ્સનો પેડલર જન્મદિવસની શુભેચ્છા આપતા લખે છે. મતલબ છે કે તમે કેસરિયો ખેસ પહેરો અને ભ્રષ્ટાચાર કરો, કાળા કામ કરો તમને કશું થશે નહીં.

## હવે ગુજરાતમાં બનશે સિંહ અને દીપડાના સફારી પાર્ક

**ગાંધીનગર**

ગુજરાતમાં પ્રવાસનને વેગ આપવા માટે સિંહ-દીપડાના સફારી પાર્ક બનાવવાની રાજય સરકારની દરખાસ્તને ઝૂ ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ સ્વીકૃતિ આપી દીધી છે. હરવાફરવાના શોખીનો અને આજીવન પ્રવાસી ગુજરાતીઓ માટે આનંદના સમાચાર છે. ગુજરાતમાં કચ્છના કચ્છના સફેદ રણ તથા દીવના દરીયા કિનારાના પ્રવાસે જતા લોકો હવે જંગલ સફારી પણ માણી શકશે. ગુજરાતમાં પ્રવાસનને વેગ આપવા માટે સિંહ-દીપડાના સફારી પાર્ક બનાવવાની રાજય સરકારની દરખાસ્તને ઝૂ ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ સ્વીકૃતિ આપી દીધી છે. સાસણમાં દેવળીયા પાર્કના ધોરણે આ પ્રકારની સફારી કચ્છમાં નારાયણ સરોવર તથા ગીર સોમનાથમા ઉના તાલુકાના નલીયા-માંડવીમાં વિકસાવાશે.

## અમદાવાદમાં 12 હજાર લોકો સાથે છેતરપિંડી સ્કોલરશીપ-તેલ આપવાના નામે ચૂનો લગાડાયો

**અમદાવાદ**

અમરાઈવાડી વિસ્તારમાં એક બ્લફમાસ્તર સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તેમજ મહિલાઓને તેલ આપવાનું જણાવી ફોર્મ ભરવાની ફીના નામે લાખો રૂપિયા પડાવી લેવાનું કૌભાંડ સામે આવ્યું છે. આરોપીએ અમરાઈવાડી વિસ્તારમાં સોચ ફાઉન્ડેશન નામની એનજીઓ 2020માં શરૂ કરી હતી. જેમાં અનેક લોકોને નોકરીઓ આપી હતી. આરોપીના ત્યાં થોડા સમય પહેલા ફરિયાદી રોહિણી મરાઠી ટીમ લીડર મહિને 25 હજાર પગારમાં નોકરી એ લાગ્યા હતા. રાહુલ પરમાર તેઓને સોચ સંસ્થા બાળકો અને મહિલાઓ માટે અલગ અલગ પ્રોજેક્ટ પર કામ કરતી હોવાનું જણાવ્યું હતું. જે બાદ રાહુલે ફરિયાદીને બે પ્રોજેક્ટ આપ્યા હતા.

આરોપીએ અમરાઈવાડી વિસ્તારમાં સોચ ફાઉન્ડેશન નામની એનજીઓ 2020માં શરૂ કરી હતી. જેમાં અનેક લોકોને નોકરીઓ આપી હતી. આરોપીના ત્યાં થોડા સમય પહેલા ફરિયાદી રોહિણી મરાઠી ટીમ લીડર મહિને 25 હજાર પગારમાં નોકરી એ લાગ્યા હતા. રાહુલ પરમાર તેઓને સોચ સંસ્થા બાળકો અને મહિલાઓ માટે અલગ અલગ પ્રોજેક્ટ પર કામ કરતી હોવાનું જણાવ્યું હતું. જે બાદ રાહુલે ફરિયાદીને બે પ્રોજેક્ટ આપ્યા હતા.

બ્લફ માસ્ટર આરોપી રાહુલ પરમારે બનાવેલા આ પ્રોજેક્ટની વાત કરીયે તો અભ્યાસ માટે સ્કોલરશીપ પ્રોજેક્ટમાં આંગણવાડીથી ધોરણ 6 સુધીના બાળકોને 1 હજાર રૂપિયા તેમજ ધોરણ 7 થી 10 સુધીના વિદ્યાર્થીઓ માટે 1500 રૂપિયા સ્કોલરશીપ પ્રોજેક્ટ આપવાની વાત કરી હતી.

## ‘તમે કંઈ કરતા નથી..’ સાબરમતીમાં પ્રદુષણ મુદ્દે AMC-GPCBનો ઉધડો

**અમદાવાદ**

સાબરમતી નદીમાં પ્રદૂષણ મામલે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી જાહેર હિતની રિટ અરજીની સુનાવણી દરમ્યાન ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ વૈભવી ડી.નાણાવટીની ખંડપીઠે બે દિવસ પહેલાં જ વિશાલા પાસે ફીણવાળુ પ્રદૂષિત એફલુઅન્ટ જાહેરમાં છોડી ત્યાંથી સાબરમતી નદીમાં ઠાલવવાના કૃત્યને બહુ ગંભીરતાથી લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને જોઈન્ટ ટાસ્ક ફોર્સનો રીતસરનો ઉધડો લઈ નાંખ્યો હતો. હાઈકોર્ટે બહુ ગંભીર માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, આ પીઆઈએલ સાબરમતી નદીને બચાવવાની છે અને તમે બધા સત્તાવાળાઓ સંતાકૂકડીની રમત રમી રહ્યા છો. અમ્યુકો, જીપીસીબી, જોઈન્ટ ટાસ્ક ફોર્સ બધા અદાલતની આંખમાં ધૂળ નાંખવાનો પ્રયાસ કરી રહ્યા છો. વાસ્તવમાં તમે બધા કંઈ કરતા જ નથી.

હાઈકોર્ટે તમામ ઔદ્યોગિક એકમોને લઈને પણ બહુ સાફ શબ્દોમાં ટકોર કરી હતી કે, તમામ ઔદ્યોગિક એકમો કાયદાકીય નોર્મ્સ અને નિયમોનું પાલન કરવા બંધાયેલા છે. પ્રદૂષિત પાણી ટ્રીટ કરીને જ છોડવાનું રહે છે. હાઈકોર્ટે આ મુદ્દે જીપીસીબી અને અમ્યુકો સત્તાધીશોને ખાસ પાલન કરાવવા તાકીદ કરી હતી.

## અમદાવાદ-વડોદરાના રૂટ પર KAVACHનું ટ્રાયલ સફળ

**અમદાવાદ**

અમદાવાદથી વડોદરા સુધીના ૯૬ કિમીના પટમાં ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ કવચનું ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. પશ્ચિમ રેલ્વેના અધિકારીઓએ જણાવ્યું હતું કે વિરાર-સુરત-વડોદરા સેક્શન પર કામ સારી રીતે ચાલી રહ્યું છે, જેમાં ૩૩૬-કિમીના સ્ટ્રેચમાંથી ૨૦૧૬નું કામ પૂર્ણ થઈ ગયું છે. અમદાવાદથી વડોદરા સુધીના ૯૬ કિમીના પટમાં ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (એટીપી) સિસ્ટમ કવચ(KAVACH)નું લોકો ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. પશ્ચિમ રેલ્વે (WR) અધિકારીઓએ જણાવ્યું હતું કે વિરાર-સુરત-વડોદરા સેક્શન પર કામ સારી રીતે ચાલી રહ્યું છે, જેમાં ૩૩૬-કિમીના સ્ટ્રેચમાંથી ૨૦૧૬નું કામ પૂર્ણ થઈ ગયું છે.

## મોડેલ રાજ્ય ગુજરાતમાં દર ચોથું બાળક કૂપોષિત

### કુપોષણ મામલે ગુજરાત છઠ્ઠા સ્થાને, 21.39 ટકા બાળકોનું વજન અપૂરતું હોવાના અહેવાલ

**ગાંધીનગર**

જૂન 2024માં કુપોષણની સૌથી વધુ સમસ્યા હોય તેવા રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા સ્થાને હતું. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ 46.36 ટકા, મહારાષ્ટ્રમાં 44.59 ટકા, આસામમાં 41.98 ટકા બાળક કુપોષિત છે. બાળકોમાં કુપોષણને મામલે ત્રિપુરા, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ જેવા રાજ્યો કરતાં પણ ગુજરાતની સ્થિતિ બદતર છે. બાળકોમાં કુપોષણમાં ગુજરાતની સ્થિતિ સુધરવાનું નામ જ લઈ રહી નથી. વર્ષ 2022માં 51.92 ટકા અને વર્ષ 2023માં 43.78 બાળકો કુપોષિત હતા.

કુપોષણની આ સ્થિતિ દૂર કરવામાં



સરકારને જ રસ નથી તેમ જણાય છે. ‘મિશન પોષણ 2.0’ હેઠળ ગુજરાતને છેલ્લા 3 વર્ષમાં રૂપિયા 2879.30 કરોડનું ફંડ અપાયું છે. તેમાંથી માત્ર રૂપિયા 1310.23 કરોડના જ ફંડનો ઉપયોગ થયો છે. રાજ્યના બાળકો માત્ર કુપોષણ જ નહીં ઓછા વજનની સમસ્યા પણ ધરાવે છે. 5 વર્ષ સુધીના 21.39 ટકા બાળકોનું અપૂરતું વજન છે. ગુજરાતમાં 2023માં 20.40 ટકા, 2022માં 23.54 ટકા બાળકોનું વજન અપૂરતું હતું. જેના પરથી જ આ મામલે પણ તંત્ર દ્વારા કોઈ પ્રકારના પગલા નહીં લેવામાં આવ્યા હોવાનું જણાય છે. જૂન 2024 સુધી દેશમાં 36.52 ટકા બાળકોને કુપોષણ અને 16.43 ટકા બાળકોને અપૂરતા વજનની સમસ્યા છે. આ સ્થિતિએ દેશની સરેરાશ કરતાં પણ ગુજરાતની સ્થિતિ નબળી છે. અપૂરતા વજનની સૌથી વધુ સમસ્યા હોય તેવા મોટા રાજ્યોમાં મધ્ય પ્રદેશ બાદ ગુજરાત બીજા સ્થાને છે.

# વાયનાડમાં ભૂસ્ખલનથી 256થી વધુના મોત : 300થી વધુ ગુમ

**વાયનાડ**

કેરળના વાયનાડમાં ભૂસ્ખલનથી ભારે તબાહી સર્જાઈ છે. અત્યાર સુધીમાં 256 લોકોના મોત થઈ ચુક્યા છે. હાલમાં, અસરગ્રસ્ત વિસ્તારોમાં સરકારી એજન્સીઓ દ્વારા બચાવ કામગીરી હાથ ધરાઈ છે. હજુ પણ ઘણા પરિવારો જણાવી રહ્યા છે, કે તેમના પરિવારના સભ્યોનો કોઈ પત્તો મળ્યો નથી.

ભારતીય સેનાએ વાયનાડમાં શોધ અને બચાવ કામગીરી માટે લગભગ 300 જવાનોને તહેનાત કર્યા છે. આ ઉપરાંત જો જરૂરિયાત ઊભી થાય તો તિરુવનંતપુરમમાં 140 જવાનોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે.

ગઈકાલે મોડી સાંજે NDRF અને આર્મીની મદદ માટે નેવલ ટીમો અને એરફોર્સ હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા હતા. સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આપદા રાહત ટીમો પણ મોકલવામાં આવી છે, અને રેસ્ક્યુ ડોગ્સની ટીમો હવાઈ માર્ગે મોકલવામાં આવી રહી છે. કેરળમાં સતત વરસી રહેલા વરસાદે તબાહી મચાવી છે. માર્ગ સંપર્ક તૂટી ગયો છે, જેના કારણે બચાવ અને રાહત કામગીરી મુશ્કેલી પડી રહી છે. રાજ્યમાં 24 કલાકમાં 372 મીમી વરસાદ નોંધાયો હતો, આ પહેલા વાયનાડ જિલ્લામાં ચાર કલાકમાં ત્રણ ભૂસ્ખલન થયુ હતું.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી દિવસોમાં વાયનાડ અને અન્ય કેટલાક જિલ્લાઓમાં વધુ વરસાદની શક્યતા છે. આ એલર્ટ ઈડુક્કી, થ્રિસુર, પલક્કડ, મલપ્પુરમ, કોઝિકોડ, વાયનાડ, કન્નુર અને કાસરગોડ જિલ્લાઓ માટે જારી કરવામાં આવ્યું છે. પથનમથિટ્ટા, અલપ્પુઝા, કોટ્ટયમ અને એર્નાકુલમ જિલ્લામાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વડાપ્રધાન કાર્યાલયે આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને 2 લાખ રૂપિયાના વળતર આપવાની જાહેરાત કરી છે, જ્યારે ઘાયલોને 50,000 રૂપિયાના વળતરની જાહેરાત કરવામાં આવી છે.



# બિહારમાં નર્સરી વિદ્યાર્થીએ ધો.3ના વિદ્યાર્થીને ગોળી મારતાં ઈજાગ્રસ્ત

**પટના**

બિહારમાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ત્યાં નર્સરીના વિદ્યાર્થીએ ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને ગોળી મારી દીધી છે.

કાળજું કંપાવનારી આ ઘટના સુપોલ જિલ્લાના ત્રિવેણીગંજ નગર પરિષદ ક્ષેત્રના વોર્ડ નંબર 16માં સ્થિત સેન્ટ જોન બોર્ડિંગ સ્કૂલમાં બની છે. અહીં નર્સરીના વિદ્યાર્થીએ પોતાની જ સ્કૂલના ત્રીજા ધોરણના વિદ્યાર્થી પર આજે ગોળી ચલાવી દીધી હતી. ગોળી વિદ્યાર્થીના હાથમાં લાગી છે. જો કે, ઘાયલ વિદ્યાર્થી ખતરાથી બહાર છે અને હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગોળી ચલાવનાર વિદ્યાર્થી પોતાની સ્કૂલ બેગમાં ઘરેથી હથિયાર લઈને આવ્યો હતો. સ્કૂલમાં પ્રાર્થના પહેલા જ તેણે 10 વર્ષના વિદ્યાર્થી પર ગોળી ચલાવી દીધી હતી.

પીડિત વિદ્યાર્થીએ જણાવ્યું કે, મારી તેની સાથે કોઈ દુશ્મની નહોતી. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. સ્કૂલ મેનેજમેન્ટની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે કે, અંતે આટલી મોટી લાપરવાહી કેવી રીતે થઈ.

# બિહારમાં વીજળી પડતાં 24 કલાકમાં 12 લોકોના મોત, CM નીતિશ કુમારે કરી વળતરની જાહેરાત

## જમુઈ-કૈમુરમાં 3-3, રોહતાસમાં 2-2, સારણ, સહરસા, ભોજપુર, ગોપાલગંજમાં 1-1 મોત

**પટના**

બિહારમાં છેલ્લા 24 કલાકમાં 7 જિલ્લામાં વીજળી પડવાથી 12 લોકોના મોત થયા છે. બિહાર સીએમ નીતિશ કુમારે કહ્યું કે આ દુઃખની ઘડીમાં અમે પરિવારની સાથે છે. જમુઈ અને કૈમુરમાં 3-3, રોહતાસમાં 2-2 ઉપરાંત સારણ, સહરસા, ભોજપુર અને ગોપાલગંજમાં એક-એક વ્યક્તિનું મોત થયું હતું. CM નીતિશે આજે જ મૃતકોના પરિવારને 4-4 લાખ રૂપિયા એક્સ-ગ્રેશિયા આપવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્યમંત્રીએ લોકોને ખરાબ હવામાન દરમિયાન સંપૂર્ણ સાવધાની રાખવા અપીલ કરી છે. તેમણે વીજળીથી બચવા માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા સમયાંતરે આપવામાં આવેલા સૂચનોનું પાલન કરવા કહ્યું. તેમજ લોકોને આવી સ્થિતિમાં ઘરની બહાર ન જવા પણ સૂચન કર્યું હતું. મહત્વનું છે કે છેલ્લા 24 કલાક દરમિયાન ભારે વરસાદ થતા કોસી, મહાનંદા, બાગમતી, ગંડક, કમલા બાલન અને કમલા સહિતની મુખ્ય નદીઓ ઘણી ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. જેને લઈને તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી પણ આપવામાં આવી છે કે આવી સ્થિતિમાં નદી કાંઠાના વિસ્તારો એલર્ટ રહે. હાલમાં સીતામઢી, મુઝફ્ફરપુર, શિયોહર, ઔરાઈ, સુપ્પી અને અન્ય નજીકના વિસ્તારોમાં બાગમતી નદીનું જળ સ્તર ખતરાના નિશાન પર પહોંચી ગયું છે. જેને પગલે કિનારાના વિસ્તારોના લોકોને નહીં જવા ફરમાન કરવામાં આવ્યું છે.

# આઈટી કંપની ઈન્ફોસિસને 32 હજાર કરોડની કરચોરી માટે જીએસટીની નોટિસ ફટકારાઈ

## વેરો ચૂકવવાને બદલે શાખાઓ ચલાવવાનો ખર્ચ દર્શાવી રિફંડ પણ માગ્યું

**નવી દિલ્હી**

ભારતની દ્વિતિય સૌથી મોટી આઈટી કંપની ઈન્ફોસિસને ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ દ્વારા ૩૨,૦૦૦ કરોડની કરચોરી માટે નોટિસ પાઠવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ઈન્ફોસિસે ડીજીજીઆઈની આ નોટિસને ફગાવી દીધી છે અને કહ્યું છે કે તેણે કાયદા અનુસાર લાગુ પડતા તમામ વેરા ચૂકવી દીધા છે.




આ નોટિસમાં જણાવાયું છે કે કંપનીએ તેની વિદેશની શાખાઓ પાસેથી મેળવેલા સેવાઓના બદલામાં આ શાખાઓને વિદેશમાં શાખા સંચાલનના ખર્ચ પેટે નાણાં ચૂકવ્યાં હતાં. આથી, બેંગ્લુરુની મેસર્સ ઈન્ફોસિસ લિમિટેડ ભારતની બહાર આવેલી શાખાઓ પાસેથી ૨૦૧૭-૧૮થી ( જુલાઈ ૨૦૧૭થી શરુ કરીને) ૨૦૨૧-૨૨ દરમિયાન મેળવેલા સપ્લાય પેટે રિવર્સ ચાર્જ મિકેનિઝમ સિસ્ટમ હેઠળ રુપિયા ૩૨૪૦૬.૪૩ કરોડનો આઈજીએસટી ચૂકવવા બંધાયેલી છે એમ આ નોટિસમાં જણાવાયું છે. આઈજીએસટીમાં રિવર્સ ચાર્જ મિકેનિઝમ એટલે એવી સિસ્ટમ છે જેમાં કોઈ વસ્તુ કે સેવાના સપ્લાયરે નહિ પરંતુ આ વસ્તુ કે સેવા પ્રાપ્ત કરનારે વેરો ચૂકવવાનો હોય છે.

# પરિમલ નથવાણી PM મોદીને પોતાનું નવું પુસ્તક 'કોલ ઓફ ધી ગીર' ભેટમાં આપ્યું

**નવી દિલ્હી**

રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ આજે પોતાના નવા પુસ્તક 'કોલ ઓફ ધ ગીર'ની પ્રથમ નકલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રધાનમંત્રી નિવાસ ખાતે એક નાનકડા પારિવારિક મિલન કાર્યક્રમમાં ભેટ કરી છે. વડાપ્રધાને આ પુસ્તકને ગરિમાપૂર્વક સ્વીકારવાની સાથે-સાથે નથવાણીના પરિવાર સાથે આનંદની પળો વિતાવી હતી. આ પ્રસંગે નથવાણીએ તેમનું આ પુસ્તક વડાપ્રધાનને 'પ્રોજેક્ટ લાયન અને Lion@2047: અમૃતકાળની પરિકલ્પના'ના આર્ષદૃષ્ટા તરીકે સમર્પિત કર્યું છે. આ પુસ્તકમાં વડાપ્રધાનનો



સંદેશ પણ સામેલ છે. પુસ્તક અર્પણ કર્યા બાદ નથવાણી સાથેના અનૌપચારિક સંવાદમાં PM મોદીએ ગીરના પ્રવાસન અંગે પૃચ્છા કરી હતી અને ગીરમાં વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો.

# LIC અને મેડિક્લેમના પ્રીમિયમનો18% જીએસટી રદ કરો : નીતિન ગડકરી

**કોલકાતા**

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ પ્રધાન નિતિન ગડકરીએ નાણા પ્રધાન નિર્મલા સીતારામનને પત્ર લખીને લાઈફ ઈન્સ્યુરન્સ તેમજ હેલ્થ ઈન્સ્યુરન્સના વીમા પ્રીમિયમ પર વસૂલ થતા 18 ટકા જીએસટીને રદ કરવા માગણી કરી છે. નીતિન ગડકરીએ કહ્યું છે કે જીવન વીમા પરનો જીએસટી જીવનની અનિશ્ચિતા પર ટેક્સ લગાવવા બરોબર છે. તેને કારણે સેક્ટરનો વિકાસ રૂંધાશે. નીતિન ગડકરીએ સીતારામનને લખેલા પત્રમાં કહ્યું છે કે, 'તમને અનુરોધ છે કે લાઈફ અને હેલ્થ ઈન્સ્યોરન્સ પર લાગતા જીએસટીને દૂર કરવાના સૂચન પર પ્રાથમિકતાથી વિચારણા કરશો, કેમ કે સિનિયર સિટિઝન માટે આ બોજરૂપ બની રહે છે.

# 15 ઓગસ્ટે આતંકી હુમલાને લઈ એલર્ટ હવાઈ ઉપકરણોના ઉપયોગ પર પ્રતિબંધ

**નવી દિલ્હી**

દિલ્હીમાં 15મી ઓગસ્ટે આતંકી હુમલાનું એલર્ટ છે. આને ધ્યાનમાં લઈને પોલીસે સુરક્ષા વ્યવસ્થા કડક કરી છે અને દરેક જગ્યાએ બંદોબસ્ત વધારી દીધો છે. આતંકવાદી ગતિવિધિઓના ઈનપુટને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસ કમિશનરે 15 ઓગસ્ટ પહેલા દિલ્હીમાં પેરાગ્લાઈડર, પેરામોટર જેવા હવાઈ ઉપકરણોના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે.

આ ઉપકરણોમાં હેંગ ગ્લાઈડર્સ, માનવરહિત હવાઈ વિમાન જેવા કે રમકડા વગેરેનો સમાવેશ થયા છે. માનવરહિત એરક્રાફ્ટ સિસ્ટમ, માઈક્રો લાઈટ એરક્રાફ્ટ, રિમોટલી પાયલોટ એરક્રાફ્ટ, ડ્રોન, હોટ એર બલૂન, નાના કદના પાયલોટ એરક્રાફ્ટ, ક્વોડકોપ્ટર અને પેરા જમ્પિંગ વગેરે પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. દિલ્હી પોલીસ કમિશનર દ્વારા આ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે નિયમનું ઉલ્લંઘન ભારતીય દંડ સંહિતાની કલમ 188 હેઠળ ગુનો ગણવામાં આવશે.

આ પ્રતિબંધ આગામી 15 દિવસ એટલે કે 2 ઓગસ્ટથી 16 ઓગસ્ટ સુધી રહેશે. આ આદેશનું ઉલ્લંઘન ભારતીય ન્યાયિક સંહિતા, 2023ની કલમ 223 હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# ચૂંટણીમાં અમારી સાથે અન્યાય થયો, NDAની પાર્ટીએ વધાર્યું ભાજપનું ટેન્શન

**નવી દિલ્હી**

લોકસભા ચૂંટણી બાદ એનડીએ ગઠબંધનમાં આંતરીક અસંતોષ જોવા મળી રહ્યો છે. વારંવાર ગઠબંધનના સહયોગી પક્ષો એકબીજા પર આરોપ-પ્રત્યારોપ લગાવતાં હોય છે. હવે પૂર્વ કેન્દ્રીય પ્રધાન પશુપતિ પારસે ભાજપ વિરૂદ્ધ પોતાનો અંસતોષ વ્યક્ત કર્યો છે. તેમણે દાવો કર્યો છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન તેમની પાર્ટી રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી સાથે અન્યાયી વર્તન કરવામાં આવ્યું હતું, પરંતુ તેમ છતાં તેમણે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન સાથે રહેવાનો નિર્ણય કર્યો હતો. બિહારમાં એનડીએના સાથી પક્ષો વચ્ચે બેઠકની વહેંચણીમાં રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટીને એક પણ સીટ ન અપાતાં નારાજ પશુપતિ પારસે કેન્દ્રીય મંત્રીના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

# ગુરુગ્રામ ખાતે વરસાદી પાણીમાં વીજળીનો કરંટ પ્રસરતાં ૩ના મોત, મિલેનિયમ સિટીમાં બેદરકારી

**નવી દિલ્હી**

ભારતના વિવિધ ભાગોમાં મોન્સૂન આફત બનીને આવ્યું છે. ગુરુગ્રામમાં વરસાદના પાણીમાં વીજળીનો કરંટ લાગતા ૩ લોકોના મોત થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ગુરુગ્રામમાં રાત્રે વરસાદ પડયા પછી વીજળી વિભાગની બેદરકારીથી પાણીમાં કરંટ ફરવા લાગ્યો હતો. ગુરુગ્રામમાં કેટલાક મિત્રો પોતાના ઘરે પાછા ફરી રહ્યા હતા ત્યારે સ્ટ્રીટ લાઇટની ખુલ્લી લાઇન જોવા મળી હતી. ખુલ્લી લાઇનનો કરંટ નજીકના પાણીમાં ફેલાયેલો હોવાથી પસાર થઈ રહેલામાંના ૩ લોકોના વીજળીના ઝાટકાથી મૃત્યુ થયા હતા.

મૃતકોની ઓળખ દિવેશ જયપાલ, વીજા અને ઉજમા તરીકે થઈ હતી. મૃતકોના સગાઓએ પણ વીજળી વિભાગ પર બેદરકારી રાખવાનો આરોપ મુકીને ઘટનાની તપાસ તથા



ન્યાયની માંગણી કરી હતી. ગુરુગ્રામને ભારતનું મિલેનિયમ સિટી કહેવામાં આવે છે પરંતુ મોન્સૂન પ્લાન ખૂબ નબળો હોવાથી ઠેર ઠેર પાણી ભરાઇ રહે છે. રસ્તાઓ જાણે કે તળાવ હોય એમ પાણી ભરાઇ જાય છે. ડ્રેનેજની સિસ્ટમ અને વીજળી વિભાગની બેદરકારીની લોકો ટીકા કરી રહયા છે.

# NEET પેપર લીક કેસમાં CBIની પ્રથમ ચાર્જશીટ દાખલ, 13 આરોપીના નામ

**નવી દિલ્હી**

નીટ પરીક્ષાના પેપર લીક મામલે કેન્દ્રિય તપાસ એજન્સી CBIએ પ્રથમ વખત ચાર્જશીટ દાખલ કરી છે. તપાસ એજેન્સીએ આ ચાર્જશીટમાં 13 લોકોને આરોપી બનાવ્યા છે અને તમામ આરોપીઓની ભૂમિકા વિશે પણ જણાવ્યું છે. નોંધનીય છે કે, મેડિકલ કોલેજોમાં એડમિશન મેળવવા માટે NEET એક્ઝામ ક્લિયર કરવી પડે છે, જેનું આયોજન નેશનલ ટેસ્ટ એજન્સી કરે છે. જો કે, પરીક્ષા પહેલા જ પેપર લીક થતાં હોબાળો મચ્યો હતો, ત્યારે આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચતા CBIને આ મામલે તપાસ સોંપવામાં આવી હતી. CBIએ કોર્ટમાં દાખલ કરેલી ચાર્જશીટમાં નીતીશ કુમાર, અમિત આનંદ, સિકંદર યાદવેંદુ, આશુતોષ કુમાર-1, રોશન કુમાર, મનીષ પ્રકાશ, આશુતોષ કુમાર-2, અખિલેશ કુમાર, અવધેશ કુમાર, અનુરાગ યાદવ, અભિષેક કુમાર, શિવનંદન કુમાર અને આયુષ રાજ આમ કુલ 13 લોકોને મુખ્ય આરોપી બનાવ્યા છે. ઉપરાંત CBIએ જણાવ્યું કે, આ મામલે અત્યાર સુધી કુલ 40 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાંથી 15 આરોપીઓની ધરપકડ બિહાર પોલીસે કરી છે.

# નવી દિલ્હીમાં 5 ઈંચ વરસાદ, રસ્તા બેટમાં ફેરવાયા, ત્રણ લોકોના મોત

**નવી દિલ્હી**

દિલ્હીમાં એક કલાકમાં 5 ઈંચ વરસાદ પડતા દેશની વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતાં અને હવામાન વિભાગના જણાવ્યા અનુસાર નેશનલ ફ્લેશ ફ્લડ ગાઇડન્સ બુલેટિનની ચિંતાજનક વિસ્તારોની યાદીમાં દિલ્હીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે નવી સંસદમાં પણ પાણી ટપકતું થઈ ગયું છે. ગરમી સહન કરતી દિલ્હીમાં બુધવારે સાંજે આશરે 1 કલાક સુધી ધોધમાર વરસાદ પડ્યો હતો. જેમાં 5 ઈંચ વરસાદમાં દેશની રાજધાની પાણી પાણી થઈ ગઈ હતી. અનેક જગ્યાએ રોડરસ્તા તો જાણે બેટમાં ફેરવાઈ ગયા હતા. જ્યારે ગાઝિયાબાદ નજીકના ગાઝીપુરમાં એક મહિલા નાળામાં ગરકાવ થતાં મૃત્યુ પામી. તેની સાથે તેનું બાળક પણ હતું જે મૃત્યુ પામી ગયો છે. બીજી બાજુ શાકમાર્કેટ વિસ્તારમાં એક દુકાન ધરાશાયી થઈ જતાં એક વ્યક્તિ દટાઈ જતાં મૃત્યુ પામી ગયા. ઇન્ડિયા મેટ્રોલોજિકલ ડિપાર્ટમેન્ટના ઓટોમેટીક વેધર સ્ટેશન નેટવર્ક અનુસાર મધ્ય દિલ્હીના પ્રગતિ મેદાનમાં એક જ કલાકમાં 112.5 મિમી વરસાદ પડયો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હીમાં પાંચ ઓગસ્ટ સુધી વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે.

# નેતાઓને સમજાશે પ્રજાની સમસ્યા! વિધાસનભામાં પાણી ઘૂસતાં CM યોગીએ બીજા ગેટથી જવું પડ્યું

**લખનઉ**

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં મૂશળધાર વરસાદ થયો છે. વરસાદના કારણે માત્ર રસ્તાઓ પર જ નહીં, પરંતુ વિધાનસભા પરિસરમાં પણ પાણી ઘુસી ગયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિધાનસભા પરિસરમાં પાણી ભરાતા મુખ્યમંત્રીને બીજા ગેટથી બહાર કાઢવામાં આવ્યા હતા. વિધાનસભા ગેટ નંબર સાત પર પાણી ભરાઈ ગયા હતા. તેમજ સચિવાલયના રૂમોમાં પણ પાણી ઘુસી ગયા હોવાના અહેવાલો મળ્યા છે. લખનઉ સીએમ આવાસની સામે પણ પાણી ભરાઈ ગયા હતા.

લખનઉ શહેરના અન્ય ઓફિસમાં પણ વરસાદના પાણી ભરાયા છે, જેમાં લખનઉ નગર નિગમની ઓફિસ પણ સામેલ છે. પાણી ભરાયા બાદ સપાના વરિષ્ઠ નેતા શિવપાલ સિંહ યાદવે યોગી સરકાર પર આક્ષેપો કર્યા



હતા. તેમણે X પર પોસ્ટ કરી હતી કે, બજેટની સૌથી વધુ આવશ્યકતા ઉત્તરપ્રદેશ વિધાનસભાને છે, મૂશળધાર વરસાદમાં આ સ્થિતિના કારણે રાજ્ય હવે ભગવાન ભરોસે છે.

# જુલાઈ 2024માં કુલ GST કલેક્શન 10 ટકા વધીને 1.82 લાખ કરોડ રૂપિયા થયું

**નવી દિલ્હી**

જુલાઈ 2024માં કુલ જીએસટી કલેક્શન 10 ટકા વધીને 1.82 લાખ કરોડ રૂપિયા રહ્યું છે જે જુલાઈ 2023માં 1.65 લાખ કરોડ હતું. ગત વર્ષના સમાન મહીનાની સરખામણીમાં જુલાઈ 2024માં 10.3 ટકા જેટલુ વધારે GST ક્લેક્શન થતાં સરકારના ભંડોળમાં ધરખમ વધારો થયો છે. જૂન 2024માં 1.74 લાખનું ક્લેક્શન થયું હતું.તેમ સૂત્રોએ આજે જણાવ્યું હતું. ઉલ્લેખનિય છે કે, 1 જુલાઈ, 2024ના રોજ નાણા મંત્રાલયે જીએસટી ક્લેક્શનનો ડેટા જાહેર કર્યું નહોતું. જો કે, આ મહિને જીએસટી કાઉન્સિલે તેના પોર્ટલ પર આ ડેટા અપલોડ કર્યું છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષ (એપ્રિલ-જૂલાઈ)માં અત્યાર સુધી કુલ જીએસટી કલેક્શન 7.39 લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જૂલાઈ, ૨૦૨૪ના 1.82 લાખ કરોડ રૂપિયાના કુલ જીએસટી કલેક્શનમાં ઈન્ટેગ્રેટેડ જીએસટી 47,009 કરોડ રૂપિયા અને સ્ટેટ જીએસટી 40,289 કરોડ રૂપિયા રહ્યું છે. એપ્રિલ, ૨૦૨૪માં જીએસટી કલેક્શન અત્યાર સુધીનું સૌથી વધુ ૨.૧૦ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. ચાલુ નાણાકિય વર્ષ 2024-25ના એપ્રીલ મહિનામાં 2.10 લાખ કરોડ જીએસટી કલેક્શન થયું હતું જે રેકોર્ડ છે. ગુડસ એન્ડ સર્વિસિઝ ટેક્સનો માસિક ડેટા હવેથી જીએસટીની વેબસાઇટ https://www.gst.gov.in ન્યૂઝ એન્ડ અપડેટ્સ સેક્શનમાં ઉપલબ્ધ થશે. હવેથી જીએસટી ક્લેક્શનનો ડેટા આ પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર જુલાઈ, ૨૦૨૪ના જીએસટી કલેક્શનના આંકડા મજબૂત અર્થતંત્રમાં તેજી દર્શાવે છે.

# ભારતે માલદીવને બે બંદરો ઉપરથી વસ્તુની નિકાસ કરવાની મંજૂરી આપી

**નવી દિલ્હી**

પાછલા થોડાક સમયથી ભારત અને માલદીવના સંબંધોમાં ખટાશ જોવા મળી રહી હતી, પરંતુ હવે ફરી બંને દેશો વચ્ચે સંબંધોમાં સુધારો જોવા મળી રહ્યો છે. ભારત સરકારે માલદીવને આ નાણાકિય વર્ષ દરમિયાન વધુ રાહત આપતા દેશના બે પ્રમુખ બંદરો પરથી આવશ્યક વસ્તુઓને નિકાસ કરવાની મંજૂરી આપી દીધી છે. આ બે પ્રમુખ બંદરો કંડલા અને વિશાખાપટ્ટનમ છે. આ બંને બંદરો પ્રતિબંધિત શ્રેણીના માનવામાં આવે છે. આમ હવે ભારતના કુલ છ બંદરો પરથી માલદીવને આવશ્યક વસ્તુઓની નિકાસ થઇ શકે છે. DGFTએ નિવેદન જાહેરકરી જણાવ્યું કે, વિશાખાપટ્ટનમ અને કંડલા બંદરોને નાણાકિય વર્ષ 2024-25 માટે માલદીવને આવશ્યક વસ્તુઓની નિકાસ માટે મંજૂરી અપાયેલા બંદરોની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. જે હાલ પ્રતિબંધિત શ્રેણીમાં સામેલ છે માલદીવ અને ભારત વચ્ચે આ વર્ષે દ્વિપક્ષીય વેપારમાં પણ વધારો થયો છે. વર્ષ 2022-23માં બંને દેશો વચ્ચે 973.37 મિલિયન અમેરિકન ડોલરનો વેપાર થયો હતો, જે વર્ષ 2023-24માં વધીને 978.56 મિલિયન અમેરિકન ડોલરે પહોંચ્યું છે. વર્ષ 2022-23માં ભારતની નિકાસ 476.75 મિલિયન અમેરિકન ડોલર હતી.

# મોદી સરકારે ચૂંટણીનાં પરિણામમાંથી બોધપાઠ નથી લીધો : સોનિયા ગાંધી

**પટના**

મહારાષ્ટ્ર સહિત ચાર રાજ્યમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પૂર્વે કોંગ્રેસ સંસદીય પક્ષનાં ચેરપર્સન સોનિયા ગાંધીએ સંવિધાન સદન (જૂના સંસદભવન)ના સેન્ટ્રલ હૉલમાં સંસદીય પક્ષની જનરલ બૉડીની બેઠકને સંબોધતા જણાવ્યું હતું કે એવી અપેક્ષા હતી કે લોકસભા ચૂંટણીના પરિણામમાંથી કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર યોગ્ય બોધપાઠ લેશે પણ તેઓ સમાજો વચ્ચે ભાગલાં પાડવાની અને ભય-દુશ્મનાવટનો માહોલ ફેલાવવાની તેમની નીતિને જ વળગી રહ્યા છે. માહોલ કોંગ્રેસની તરફેણમાં છે પણ આપણે આત્મસંતોષી કે વધુ પડતા આત્મવિશ્વાસુ નથી રહેવાનું. લોકસભા ચૂંટણીના પરિણામ બાદ કોંગ્રેસને જે ગતિ મળી છે તેને આપણે જાળવી રાખવાની છે.

# 5 ઓગસ્ટે બાબા મહાકાલની ત્રીજી સવારી દરમિયાન વિશ્વ રેકોર્ડ બનશે

## ઉજ્જૈનમાં 1500 ડમરુ વગાડીને વર્લ્ડ રેકોર્ડ બનાવવાની તૈયારી

**ઉજ્જૈન**

જો કે ધાર્મિક નગરી ઉજ્જૈનમાં અત્યાર સુધી ઘણા વિશ્વ રેકોર્ડ બન્યા છે, પરંતુ ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ બાબા મહાકાલની ત્રીજી સવારી દરમિયાન આવો વિશ્વ રેકોર્ડ બનશે. જેના માટે પ્રશાસને અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ વર્લ્ડ રેકોર્ડ માટે અત્યારથી જ તૈયારીઓ ચાલી રહી છે. આ કાર્યક્રમ ક્યાં યોજાશે, તેમાં કેટલા કલાકારો ભાગ લેશે અને કલાકારો ક્યાંથી આવશે. તેમની સંખ્યા નક્કી કરવા માટે કલેક્ટર દ્વારા એક કમિટી પણ બનાવવામાં આવી છે. શ્રાવણ-ભાદરવા મહિનામાં બાબા મહાકાલની સવારી વધુ ભવ્યતા સાથે નીકળે, આ ઈચ્છા સાથે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ.મોહન યાદવ આ સવારીને વધુ ભવ્ય બનાવવા સતત વ્યસ્ત છે. બાબા મહાકાલની અત્યાર સુધી કાઢવામાં આવેલી બે સવારીમાં લોકનૃત્યો સાથે, આ સવારીમાં ૩૫૦ સભ્યોના પોલીસ બેન્ડે પ્રથમ વખત પરફોર્મ કર્યું હતું, પરંતુ શ્રાવણ માસની ત્રીજી સવારીમાં ૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ કાઢવામાં આવનારી છે.

# અતીક અહેમદ અને અશરફ હત્યા કેસમાં પોલીસને ક્લીનચીટ મળી

**ભોપાલ**

અતીક અહેમદ અને અશરફની 15 એપ્રિલ 2023ના રોજ પ્રયાગરાજની કોલવિન હોસ્પિટલમાં હત્યા કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 87 સાક્ષીઓના નિવેદનો, સીસીટીવી અને વિડિયો ફૂટેજની સમીક્ષા કર્યા બાદ પંચને જાણવા મળ્યું કે આ ઘટના અચાનક બની હતી અને પોલીસ કર્મચારીઓની પ્રતિક્રિયા તાત્કાલિક અને સામાન્ય હતી. યુપી પોલીસને માફિયા અતીક અહેમદ અને અશરફ હત્યા કેસમાં ક્લીનચીટ મળી છે. ગુરુવારે વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા ન્યાયિક પંચના તપાસ અહેવાલમાં આ કેસમાં પોલીસને નિર્દોષ જાહેર કરવામાં આવી છે, અને એ પણ કહ્યું છે કે અતીક અહેમદ અને અશરફની હત્યા પૂર્વ આયોજિત નહોતી.

# શૂટિંગમાં ભારતના બ્રોન્ઝની હેટ્રિક, મનુ ભાકર, સરબજોત સિંહ, સ્વપ્નિલને બ્રોન્ઝ

## 124 વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત ભારતે એક જ ઓલિમ્પિકની શૂટિંગમાં ત્રણ મેડલ્સ જીત્યા : મિક્સ્ડ ડબલ્સ શૂટિંગમાં બ્રોન્ઝ જીત્યો

**પેરિસ**

મનુ ભાકરે ઈતિહાસ રચી દીધો છે. તે એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનાર પ્રથમ ભારતીય બની ગઈ છે. મનુ અને સરબજોત સિંહે એર પિસ્તોલ શૂટિંગ મિક્સ્ડ ડબલ્સ શૂટિંગમાં બ્રોન્ઝ જીત્યો છે.

પેરિસ ઓલિમ્પિકમાં મિક્સ્ડ ડબલ્સ શૂટિંગમાં બ્રોન્ઝ મળતા જ ભારતને બે મેડલ મળી ગયા છે. ઓલિમ્પિકમાં ચોથા દિવસે ભારતીય એથ્લિટસ દેશ માટે વધુ મેડલ લેવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતર્યા હતા.







શૂટિંગમાં ભારત પાસે એર પિસ્તોલ મિક્સ ડબલ્સ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતવાની આશા હતી. જે આશા ભારતીયોને ફળી છે. હરિયાણાની મનુ ભાકરે ભારતને બીજો મેડલ અપાવ્યો છે. સરબજોત સિંહ સાથે મળીને તેણે 10 મીટર એર પિસ્તોલ ઈવેન્ટની મિક્સ ડબલ્સ ઈવેન્ટમાં બ્રોન્ઝ જીતી બતાવ્યો છે અને આવું કરનાર તે પ્રથમ ભારતીય બની ગઈ છે. મનુ ભાકર અગાઉ 10 મીટર એર પિસ્તોલની વ્યક્તિગત ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતી હતી. ભારતીય શૂટર સ્વપ્નિલ કુસાલે પેરિસ ઓલિમ્પિકની મેન્સ 50 મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવીને ઈતિહાસ રચ્યો છે. પેરિસ ગેમ્સન શૂટિંગમાં ભારતનો આ ત્રીજો મેડલ છે. કુસાલે મેન્સ અથવા વિમેન્સ 50 મીટર રાઈફલ થ્રી પોઝિશનમાં ઓલિમ્પિક મેડલ જીતનાર પ્રથમ ભારતીય શૂટર બન્યો છે. ઈવેન્ટ પહેલાં કુસાલે મેડલ જીતશે તેવી કોઈને અપેક્ષા નહોતી. ઈવેન્ટ્સમાં કુસાલે નીલિંગ અને પ્રોન સુધી પાછળ રહ્યો હતો પરંતુ સ્ટેન્ડિંગ પોઝિશનમાં કુસાલેએ શાનદાર કમબેક કરીને મેડલ પોતાના નામે કરી લીધો હતો.

### ઓલિમ્પિકની સાથે સાથે

- ભારતની બોક્સર નિખત ઝરીન પેરિસ ઓલિમ્પિકની વિમેન્સ 50 કિલોગ્રામ વેઇટ કેટેગરીની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં હારતા તેનું અભિયાન પૂરૂં થઈ ગયું હતું.
- ભારતીય શૂટર અંજુમ મૌદગિલ અને કૌર સામરા પેરિસ ઓલિમ્પિકની મહિલા 50 મીટર રાઈફલ થ્રી પોઝિશન્સમાં ફાઈનલ માટે ક્વોલિફાય થવામાં નિષ્ફળ રહ્યા હતા.
- ભારતનું પેરિસ ઓલિમ્પિકની મેન્સ ડબલ્સ ઇવેન્ટમાં ભારતીય શટલર સાત્વિક સાઇરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ક્વાર્ટર ફાઇનલમાં હારીને ઓલિમ્પિકની બહાર થઇ ગઇ છે.
- વિશ્વની પ્રથમ ક્રમાંકિત પોલેન્ડની ઇગા સ્વિયાતેક પેરિસ ઓલિમ્પિકની વિમેન્સ સિંગલ્સની ટેનિસ ઇવેન્ટમાં હારતા મેજર અપસેટ સર્જાયો હતો. ચાઇનીઝ ખેલાડી ઝેંગ કિનવેને સ્વિયાતેકને સેમિફાઇનલ મેચમાં 6-2, 7-5થી હરાવી હતી.
- હાફ ટાઇમ સુધી એક ગોલની લીડ જાળવી રાખી હોવા છતાં ભારતને પેરિસ ઓલિમ્પિકની મેન્સ હોકી ઇવેન્ટમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન બેલ્જિયમની ટીમે ગ્રૂપ-બીની મેચમાં 2-1થી પરાજય આપ્યો હતો.
- અકુલા કેરિસ ઓલિમ્પિકમાં અંતિમ 16 રાઉન્ડમાં પહોંચનારી બીજી મહિલા ટેબલ ટેનિસ સિંગલ્સ ખેલાડી બની ગઈ છે. અકુલા પહેલા મનિકા બત્રાએ પણ આ સિદ્ધિ હાંસલ કરી હતી.



### લવલીના ક્વાર્ટર ફાઇનલમાં, મેડલથી એક વિજય દૂર

પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય મહિલા બોક્સર લવલીના બોરગોહેને વિમેન્સ 75 કિલોગ્રામ કેટેગરીના રાઉન્ડ ઓફ-16માં નોર્વેની સુનિવા હોફસ્ટાડને 5-0ના સ્કોરથી હરાવી હતી. આ સાથે લવલીનાએ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો અને તે મેડલથી એક વિજય દૂર છે. ઓલિમ્પિકમાં સેમિફાઇનલમાં હારનાર બે બોક્સરને બ્રોન્ઝ મેડલ આપવામાં આવે છે. લવલીનાને પ્રારંભિક રાઉન્ડમાં તમામ જજે 10-10 અને સુનિવાને 9-9 પોઇન્ટ આપ્યા હતા. લવલીનાએ સર્વાનુમતે આ રાઉન્ડ પોતાના નામે કરી લીધો હતો. લવલીનાનો ક્વાર્ટર ફાઇનલમાં ચીનની લી કિયાન સામે મુકાબલો થશે જે બે વખતની ઓલિમ્પિક મેડાલિસ્ટ છે. બંને વચ્ચે હવે ચોથી ઓગસ્ટે મુકાબલો થશે.

### પેરિસ ગેમ્સ મેડલની યાદી

| દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ચીન | ૧૧ | ૦૭ | ૦૩ | ૨૧ |
| ફ્રાન્સ | ૦૮ | ૧૦ | ૦૮ | ૨૬ |
| જાપાન | ૦૮ | ૦૩ | ૦૪ | ૧૫ |
| ઓસ્ટ્રેલિયા | ૦૭ | ૦૬ | ૦૪ | ૧૭ |
| અમેરિકા | ૦૬ | ૧૩ | ૧૨ | ૩૧ |
| બ્રિટન | ૦૬ | ૦૭ | ૦૭ | ૨૦ |
| સા.કોરિયા | ૦૬ | ૦૩ | ૦૩ | ૧૨ |
| ઈટાલી | ૦૩ | ૦૬ | ૦૪ | ૧૩ |
| ભારત (૪૨મું) | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૩ |

### લેડેસ્કીએ નવા રેકોર્ડ સાથે આઠમો ગોલ્ડ જીત્યો



અમેરિકાની મહિલા સ્વિમર કેટી લેડેસ્કીએ વિમેન્સ 1,500 મીટર ફ્રી સ્ટાઇલ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ રચ્યો છે. લેડેસ્કીએ કારિકર્દીમાં આઠમો ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીત્યો છે. લેડેસ્કીએ માત્ર 15 મિનિટ 30.02 સેકન્ડના સમય સાથે રેસ પૂરી કરવાની સાથે રેકોર્ડ પણ નોંધાવ્યો હતો.

## સમર મેકિન્ટોશે કેનેડા માટે પહેલો સ્વિમિંગ ગોલ્ડ જીત્યો

### વ્યક્તિગત સ્પર્ધામાં 4 મિનિટ અને 27 સેકન્ડમાં 400 મીટરનું અંતર કાપ્યું



પેરિસ : કેનેડિયન ફેનોમ સમર મેકિન્ટોશે સોમવારે રાત્રે પેરિસ ઓલિમ્પિકમાં 400 મીટર વ્યક્તિગત સ્વિમિંગમાં ભવ્ય વિજય સાથે તેની કારકિર્દીનો પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. 17 વર્ષીય મેકિન્ટોશે સ્વિમિંગની શરૂઆતની રાત્રે 400 મીટર ફ્રી સ્ટાઈલમાં રજતપદક મેળવતા એરિયાર્ન ટાઈટમ્સની પાછળ અને કેટી લેડેકીથી આગળ તેણીની કારકિર્દીનો પ્રથમ ચંદ્રક મેળવ્યો હતો. હવે મેકિન્ટોશ પાસે શ્રેષ્ઠ ગોલ્ડ મેડલ છે. મેડલ મેળવ્યા બાદ તેણે કહ્યું હતુ કે, હું દરેક ઈવેન્ટને ખૂબ જ વ્યક્તિગત રીતે લેવાનો પ્રયત્ન કરું છું અને માત્ર મારું કામ કરું છું. અમેરિકન કેટી ગ્રીમ્સ સિવાય દરેકને પાછળ છોડી દેવા માટે તેણીએ કપરી રેસના પહેલા ભાગમાં બટરફ્લાય અને બેકસ્ટ્રોક દ્વારા ખૂબ મહેનત કરી હતી.

### લક્ષ્ય સેન મેન્સ સિંગલ્સની કવાર્ટર ફાઇનલમાં



પેરિસ : પેરિસ ઓલિમ્પિકની બેડમિન્ટન મેન્સ સિંગલ્સમાં ભારત વિ. ભારતનો મુકાબલો જોવા મળ્યો હતોત આ મુકાબલો લક્ષ્ય સેન અને એચએસ પ્રણોય વચ્ચે રમાયો હતો. આ મેચમાં લક્ષ્ય સેને બાજી મારીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. લક્ષ્ય સેને પ્રણોયને 2-0ના સ્કોરથી હરાવ્યો હતો.

### પીવી સિંધુની હાર, મેડલની હેટ્રિકનું સપનું તુટ્યું

બેડમિન્ટન રાઉન્ડ ઓફ 16 મેચમાં પીવી સિંધુને 19-21, 14-21થી હારનો સામનો કરવો પડ્યો હતો. તેને હરાવીને ચીનની એથ્લેટ બિંગ જાઓએ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો છે. આ સાથે જ ઓલિમ્પિક 2024માં સિંધુની સફર સમાપ્ત થઈ ગઈ છે.



### ક્લિન સ્વીપમાં માસ્ટર બની ટીમ ઈન્ડિયા... આ ઐતિહાસિક રેકોર્ડમાં પાકિસ્તાનને પણ પછાડ્યું

નવીદિલ્હી : સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમે શ્રીલંકાને તેના જ ઘર આંગણે ત્રણ મેચોની T-20 સિરીઝમાં ક્લિન સ્વીપ કર્યું છે. આ સાથે જ ભારતીય ટીમે ક્લિન સ્વીપના મામલે ઐતિહાસિક રેકોર્ડ સર્જીને પાકિસ્તાનને પછાડી દીધું છે. હકીકતમાં ભારતીય ટીમ ત્રણ મેચોની T-20 સિરીઝમાં સૌથી વધુ 9 વાર ક્લિન સ્વીપ કરનારી પ્રથમ ટીમ બની ગઈ છે. બીજા નંબર પર પાકિસ્તાન છે જેની આ સિદ્ધિ 8 વખત હાંસલ કરી છે. ભારતીય ટીમએ શ્રીલંકા સામે તેના જ ઘર આંગણે બે વાર ત્રણ મેચોની T-20 સિરીઝ રમી અને તેમાં પ્રથમ વખત ક્લિન સ્વીપ કર્યું છે. તમને જણાવી દઈએ કે ભારત શ્રીલંકા વચ્ચે ત્રીજી મેચ ટાઈ રહી હતી. સુપર ઓવરમાં ભારતે શ્રીલંકા પરાજય આપ્યો હતો.

## IPL ટીમના માલિકોની મીટિંગમાં શાહરૂખ ખાન અને નેસ વાડિયા વચ્ચે ગરમાગરમી

**મુંબઈ**

આઈપીએલ 2025ના મેગા ઓક્શન પહેલાં જ ગઈકાલે 31 જુલાઈએ બીસીસીઆઈ અને આઈપીએલ ફ્રેન્ચાઈઝીના માલિકો વચ્ચે મીટિંગ યોજાઈ હતી. આ મીટિંગમાં કોલકતા નાઈટ રાઈડર્સના માલિક શાહરૂખ ખાન અને પંજાબ કિંગ્સના નેસ વાડિયા વચ્ચે ચડસાચડસી થઈ હતી. બંને વચ્ચે વિવાદનો મુદ્દો આઈપીએલ મેગા ઓક્શન પહેલાં ખેલાડીઓના રિટેન્શન સંખ્યાનો હતો. ફ્રેન્ચાઈઝી બેસ્ટ ટીમ તૈયાર કરવા માટે પ્રયાસ કરી રહી છે, પરંતુ દર ત્રણ વર્ષે બીસીસીઆઈ મેગા ઓક્શન કરે છે. જેના કારણે ફ્રેન્ચાઈઝીના 3-4 ખેલાડીઓ જ રિટેન અર્થાત જાળવી રાખશે. જો કે, પૂરી ટીમનું ફરીથી રિસ્ટ્રક્ચરિંગ કરવામાં મુશ્કેલીઓ નડે છે. જેથી શાહરૂખ ખાને મેગા ઓક્શનની સિસ્ટમ દૂર કરવા



સમર્થન આપ્યું હતું. મીડિયા રિપોર્ટ અનુસાર, મીટિંગમાં સામેલ બીસીસીઆઈ સૂત્રોએ જણાવ્યું હતું કે, શાહરૂખ મેગા ઓક્શન વિરૂદ્ધ સમર્થન આપી રહ્યો હતો. ત્યારે કેકેઆરના માલિકની પંજાબ કિંગ્સના કો-ઓનર નેસ વાડિયા સાથે રિટેન્શનની સંખ્યા અંગે ઉગ્ર બોલચાલી થઈ હતી. શાહરૂખ રિટેન્શનના પક્ષમાં હતો, જ્યારે વાડિયા રિટેન્શનની વિરૂદ્ધ હતો.

### ચોપડાનો જબરો ફેન! 2 વર્ષમાં '22 હજાર કિ.મી.' સાઇકલ ચલાવી મળવા પહોંચ્યો પેરિસ

પેરિસ : નીરજ ચોપડા પેરિસ ઓલિમ્પિક 2024માં પોતાના ગત ટોક્યો ઓલિમ્પિક ઈતિહાસને બેવડાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. એક ભારતીય ચાહક તેને ચીયર



કરવા પેરિસ પહોંચી ચૂક્યો છે. આ ચાહક પ્લેનથી નહીં પરંતુ પોતાની સાઈકલથી નીરજ ચોપડાને ચીયર કરવા પેરિસ પહોંચ્યો છે. તે ચાહકનું નામ ફાયિસ અસરફ અલી છે. ફાયિસ અસરફ અલીએ 15 ઓગસ્ટ 2022એ પોતાની યાત્રા શરૂ કરી અને 17 દેશો થઈ પેરિસ પહોંચવામાં બે વર્ષનો સમય લાગ્યો હતો. તેમનો હેતું 'ભારતથી લંડન સુધી સાઈકલ ચલાવીને શાંતિ અને એકતા ફેલાવવાનો' હતો.

# બ્રિટનમાં યોગ ક્લાસ પર હુમલો, ૩ બાળકોના મોતઃ મસ્જિદ પર પથ્થરમારો

**સાઉથપોર્ટ**

બ્રિટનના પશ્ચિમોત્તર વિસ્તારના શહેર સાઉથપોર્ટમાં યોગ ક્લાસ દરમિયાન ચાકુથી એક હુમલાખોરે હુમલો કરી દીધો હતો. તેણે બે માસૂમ બાળકોની ચાકુથી હત્યા કરી દીધી. મંગળવારે આ ઘટનામાં ઈજાગ્રસ્ત વધુ એક બાળકીએ અંતિમ શ્વાસ લીધા. આ ઘટના અંગે બ્રિટનમાં તણાવની સ્થિતિ પેદા થઈ ગઈ છે. મંગળવાર રાતથી જ સાઉથપોર્ટમાં હુલ્લડ મચી ગયું છે. તેમાં અત્યાર સુધી 53 પોલીસ કર્મચારી ઈજાગ્રસ્ત થઈ ચૂક્યા છે તો ત્રણ પોલીસ ડોગ પણ હિંસામાં ઘાયલ છે. આ હુલ્લડ તે વિસ્તારમાં થયું, જ્યાં 13 લોકો પર ચાકુથી હુમલો થયો હતો. મંગળવારની રાત્રે પોણા આઠ વાગ્યાથી શરૂ થયું, જ્યારે એક મસ્જિદની બહાર ભીડ એકઠી થઈ. ઈંગ્લિશ ડિફેન્સ લીગ સંગઠન સાથે જોડાયેલા અમુક લોકોએ મસ્જિદ પર પથ્થર ફેંક્યા અને પછી જોતજોતામાં સ્થિતિ બગડી ગઈ. આ દરમિયાન પોલીસ પહોંચી તો તેની પર પણ હુમલો કરવામાં આવ્યો. પોલીસ પર બોટલો અને ઈંટોથી હુમલો કરવામાં આવ્યો. જેમાં ઘણા લોકો ખરાબ રીતે ઈજાગ્રસ્ત થઈ ગયા. ઘણા ઉપદ્રવીઓએ તો પોલીસની વાનમાં પણ આગ લગાડી દીધી. સામાન્યરીતે બ્રિટનમાં આવી ઘટનાઓ થતી નથી પરંતુ ગત દિવસોમાં લીડ્સમાં ભડકેલી હિંસા અને હવે સાઉથપોર્ટની સ્થિતિએ તંત્રની ચિંતા વધારી દીધી છે.

પોલીસ પર હુમલો કરવા માટે ઉપદ્રવીઓએ એક દિવાલ ધ્વસ્ત કરી નાખી અને પછી તેમાંથી ઈંટો કાઢીને હુમલો કરવા લાગ્યા. આ દરમિયાન લોકો એ સૂત્રોચ્ચાર કરી રહ્યાં હતાં કે આપણે દિકરીઓને બચાવવાની છે. આ હિંસાના મામલે 4 લોકોની ધરપકડ થઈ ચૂકી છે. આ દરમિયાન સાઉથપોર્ટ મસ્જિદના ચેરમેન ઈબ્રાહિમ હુસૈને કહ્યું કે આ હિંસા પરેશાન કરનારી છે. તેમણે કહ્યું કે અમને તો એવું લાગતું હતું કે આ લોકો અંદર સુધી જતાં રહેશે અને મસ્જિદને પણ આગ લગાડી શકે છે. તેમણે પોલીસને પણ અપીલ કરી કે તેઓ કહી દે કે ચાકુબાજી કરનાર મુસ્લિમ નહોતો. તેનાથી ભડકેલા લોકો થોડા શાંત થઈ જશે અને મુસ્લિમોને ટાર્ગેટ કરશે નહીં.



# તહેરાનમાં હમાસ ચીફ હનીયેહ અને તેમના બોડીગાર્ડની હત્યા

**તહેરાન**

ગાઝામાં હજી પણ હમાસના હાથમાં રહેલી પેલેસ્ટાઈનીયન પ્રદેશના નેતા ઈસ્માઈલ હનીયેહ અને તેઓના અંગરક્ષકની તહેરાનમાં તેઓના ઉતારાના સ્થાન ઉપર થયેલા મિસાઈલ હુમલામાં મૃત્યુ થયા હતા. તેમ હમાસનાં જ નિવેદને બુધવારે જણાવ્યું હતું. સહજ રીતે જ ઈરાને આ હત્યા પછી એક દિવસનો શોક પણ જાહેર કર્યો હતો અને ઈરાનનો રાષ્ટ્રધ્વજ અર્ધકાઠીએ ફરકયો હતો. આ હત્યા અંગે ઈરાનના ઈસ્લામિક રીવોલ્યુશનરી ગાર્ડઝ કોર્પ્સ (આઈઆરજીસી)નું નિવેદન જણાવે છે કે, આ સાથે અમે બહાદૂર પેલેસ્ટાઈની દેશ અને ઈસ્લામિક રાષ્ટ્રને સાંત્વના પાઠવીએ છીએ. તેમજ ઈરાનના ઉમદા ઈસ્લામિક દેશ તથા તેના રેઝિસ્ટન્ટ ફોર્સ દ્વારા ઈસ્લામિક દેશ હમાસની રાજકીય કચેરીના વડા ઈસ્માઈલ હનીયેહ તથા તેમના અંગરક્ષકની શહીદી અંગે દુઃખ અને શોક વ્યક્ત કરીએ છીએ. હનીયેહ ઈરાનના નવા પ્રમુખ મસૂદ પેઝેશ્કીયાનના શપથ વિધિ સમારોહમાં ઉપસ્થિત રહેવા તહેરાન ગયા હતા. આ હત્યા અંગે કોઈએ જવાબદારી લીધી નથી પરંતુ સહજ છે કે શંકાની સોય ઈઝરાયલ તરફ જ વળે.

# તમારે જે કહેવું હોય તે કહેજો, કમલા હેરીસનો ડોનાલ્ડ ટ્રમ્પને ડિબેટ કરવા ખુલ્લો પડકાર

## અમેરિકાના ઉપપ્રમુખ પદ માટેની જાહેરાત હવે પાર્ટીના ખુલ્લાં અધિવેશનમાં કરાશે

**એટલાન્ટા**

અમેરિકાનાં ઉપપ્રમુખ અને આ વખતની પ્રમુખપદની ચૂંટણી માટેનાં ભારતવંશીય ઉમેદવાર કમલા હેરીસે તેઓના રીપબ્લિકન પ્રતિસ્પર્ધી અને પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના રનિંગ મેઈટ જે.ડી.વાન્સને ડીબેટ માટે ખુલ્લું આહવાન આપ્યું છે, અને કહ્યું છે કે ત્યારે તમારે જે કૈં કહેવું હોય તે કહેજો. તેઓએ અહીં આપેલાં તેઓનાં પ્રવચનમાં રીપબ્લીકન્સે હજી સુધી રોકાવી રાખેલું. બોર્ડર સિક્યોરિટી બિલ



તેમજ વધતા જતા ભાવને નાથી, કિંમતો ઘટાડયાનું પણ જનતાને વચન આપ્યું હતું. જ્યોર્જીયા રાજ્યનાં આટલાન્ટા શહેરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં આપેલાં પ્રવચનમાં આગળ કહ્યું હતું તેઓ (ટ્રમ્પ) ડીબેટમાં આવશે જ નહીં પરંતુ એમ લાગે ચે કે તેઓને મારા વિષે જ ઘણું કહેવાનું છે, પરંતુ, તેઓને તેમ નથી લાગતું કે, તેમાંની ઘણી ઘણી વાતો અર્થહીન અને નકામી છે ? અરે ડોનાલ્ડ અને ડીબેટનાં સ્ટેજ ઉપર ન મળવા બાબતે ફરી વિચારો કારણ કે કહેવત છે કે તમારે જે કૈં કહેવું હોય તે મારી સામે જ કહી દો. આ પ્રવચનમાં તેઓએ હિંમતપૂર્વક જણાવ્યું હતું કે તેઓની પ્રમુખ પદના ઉમેદવાર તરીકે વરણી થયા પછી સ્પર્ધામાં ચાર માત્રા (મુમેન્ટમ) ફરી ગયું છે.

# વેનેઝુએલામાં ચૂંટણી બાદ ગૃહયુદ્ધ ફાટી નીકળ્યું ઠેર-ઠેર હિંસા-વિરોધ પ્રદર્શન, 11 લોકોનાં મોત

## ચૂંટણીમાં ગેરરીતિ થયાની આશંકા, પરિણામ સરવેથી વિપરિત નીકળતા વિવાદ

**કારાકસ**

દક્ષિણ અમેરિકાના દેશ એવા વેનેઝુએલામાં પ્રદર્શન અને હિંસા ઠેર-ઠેર શરૂ થઈ ગઈ છે. તાજેરમાં વેનેઝુએલામાં રાષ્ટ્રપતિ માટે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ફરીથી રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો સતત ત્રીજીવાર જીત્યા હતા. જો કે, આ ચૂંટણીમાં કશુંક ખોટું થવાનો પણ આરોપ લાગ્યો છે. જે બાદ પ્રદર્શન શરૂ થઈ ગયા છે. મળતી માહિતી પ્રમાણે નિકોલસ માદુરો વિરુદ્ધ આ વિરોધ પ્રદર્શનમાં અત્યાર સુધી 11 લોકોનાં મોત થઈ ગયા છે. જેથી વેનેઝુએલામાં આ વિરોધ પ્રદર્શનને ગૃહયુદ્ધનું રૂપ ધારણ કરી લીધું છે.

ગત 28 જુલાઈએ વેનેઝુએલામાં રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણી પહેલા મોટાભાગના



સરવેમાં વિપક્ષ ઉમેદવાર એડમન્ડ ગોંજાલેજને સરળતાથી જીતતા દર્શાવ્યા હતા. જો કે, પરિણામ આવ્યા ત્યારે સરવેમાં ઠીક ઉલટા હતા. ત્યારબાદ વેનેઝુએલાના જુદાજુદા ક્ષેત્રોમાં વિરોધ ફાટી નીકળ્યો છે.

# રશિયામાં ટ્રેન ટ્રક સાથે અથડાતા પાટા ઉપરથી ઉતરી પડી, 140ને ઈજા પહોંચી

**મોસ્કો**

૮૦૦ પેસેન્જર્સ સાથેની એક ટ્રેન સોમવારે મધ્ય એશિયાના તાર્તારસ્થાનના કાઝાનથી બ્લેક-સી ઉપરના એડલર જઈ રહી હતી ત્યારે વોલ્ગોગ્રાડ વિસ્તારમાં આ દુર્ઘટના બની હતી. રશિયન રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું કે, તે ટ્રેનના ડ્રાઈવરે એક કામાઝ ટ્રકને ધસમતો આવતા જોઈ એન્જિન-ડ્રાઈવરે સીટી ઉપર સીટી મારી તે ટ્રક-ડ્રાઈવરને સાવચેત કરવા પ્રયત્ન કર્યો પરંતુ ડ્રાઈવરે કશું ધ્યાન જ ન આપ્યું. પરિણામે આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માત થતાં ડ્રાયવર તો ટ્રેનમાંથી નીચે કુદી પડયો છે. આ



વિસ્તારમાં આવેલા કોટેલનિસ્કોલ શહેર નજીક જ આ અકસ્માત થતા સહાય તુર્ત જ મોકલવામાં આવી હતી. આ કોટેલનિસ્કૉવ શહેર મોસ્કોથી ૧૨૦૦ કિ.મી. દૂર આવેલું છે. આ અકસ્માતમાં ૧૪૦ને ઈજાઓ થઈ હતી જે પૈકી ૩ બાળકો સહિત કુલ ૧૫ જણાને તો વધુ ઈજાઓ થઈ હતી. તેમને હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

# ટેલીગ્રામના સ્થાપક અને સીઈઓ પાવેલ ડુરોવેનો 100 બાળકોના પિતા હોવાનો દાવો

**લંડન**

ટેલીગ્રામના સ્થાપક અને સીઈઓ પાવેલ ડુરોવે તાજેતરમાં પોતે 100થી વધુ બાળકોનો બાયોલોજિકલ પિતા હોવાનો દાવો કર્યો હતો. આશરે પંદર વર્ષ અગાઉ ડુરોવને પ્રજનનક્ષમતાની સમસ્યા ધરાવતા તેના એક મિત્રએ વીર્યદાન કરવાની વિનંતી કરી હતી. શરૂઆતમાં આશ્ચર્ય પામેલા ડુરોવે આખરે પ્રજનન ક્લિનિક ડાયરેક્ટર સાથે વધુ ચર્ચા પછી સહમતી આપી હતી. ક્લિનિક ડાયરેક્ટરે ડુરોવને વિશ્વમાં ઉચ્ચ ગુણવત્તાના વીર્યની જરૂરીયાત તેમજ વીર્યદાન એક સામાજિક ફરજ હોવા વિશે સમજણ આપી હતી. આ બાબતમાં વધુ રસ પડતા ડુરોવે વીર્યદાન કરવાનું શરૂ કર્યું જેના કારણે વિશ્વના બાર દેશોમાં તેના એકસોથી વધુ બાળકો છે.

# પાકિસ્તાનમાં સાંબેલાધાર વરસાદથી એક જ પરિવારનાં 11 સભ્યોનાં મોત

## ભારે વરસાદથી નદીઓ અને બેરેજમાં પાણીનો પ્રવાહ વધ્યો

**ખૈબર પખ્તૂનખ્વા**

પાડોશી દેશ પાકિસ્તાનમાં અત્યારે મૂશળાધાર વરસાદ ખાબકી રહ્યો છે. જેથી અનેક વિસ્તારમાં વરસાદી હાલાકી સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં ભારે વરસાદને લીધે પાણી ઘરના બેઝમેન્ટમાં ઘુસી જવાથી છ બાળકો સહિત એક જ પરિવરનાં 11 સભ્યોનાં મોત થયા હતા. આ અંગે બચાવ ટીમના અધિકારીએ જણાવ્યું કે આ ઘટના પેશાવરના દક્ષિણમાં 35 કિલોમીટર દૂર કોહાટ જિલ્લામાં ખેલ તાલુકના દર્રા



આદમમાં થઈ છે. પાકિસ્તાનમાં આવેલા નેશનલ ડિઝાસ્ટર એજન્સીના જણાવ્યા પ્રમાણે વરસાદનું પાણી ઘરના બેઝમેન્ટમાં ઘુસી ગયું હતું. જેનાથી પરિવાર ત્યાં ફસાઈ ગયો હતો. પરિણામે છ બાળકો, ત્રણ મહિલા અને બે પુરુષોનાં મોત નિપજયા હતા.

# બાંગ્લાદેશમાં જમાત-એ-ઈસ્લામી પર પ્રતિબંધ લદાયો

**ઢાકા**

બાંગ્લાદેશ સરકારે જમાત-એ-ઈસ્લામી પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે. તાજેતરમાં, દેશભરમાં ક્વોટા સંબંધિત વિરોધ પછી, સરકારે આ જાહેરાત કરી. શેખ હસીના સરકારે કટ્ટરવાદી પાર્ટી પર આંદોલનનો ફાયદો ઉઠાવવાનો આરોપ લગાવ્યો છે. વિરોધ પ્રદર્શનમાં ઓછામાં ઓછા ૧૫૦ લોકો માર્યા ગયા હતા અને જાહેર સંપત્તિને વ્યાપક નુકસાન થયું હતું.

જમાત-એ-ઈસ્લામી પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય શેખ હસીનાની પાર્ટી અવામી લીગના નેતૃત્વમાં ૧૪-પક્ષીય જોડાણની બેઠકમાં લેવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન કથિત રીતે સહયોગી પક્ષોએ પણ કટ્ટરપંથી પક્ષ પર પ્રતિબંધ મૂકવાની અપીલ કરી હતી. ઉદાહરણ તરીકે, આ એક રાજકીય પક્ષ છે, જેને બાંગ્લાદેશમાં કટ્ટરવાદી માનવામાં આવે છે.

# વાહન ચોરી અટકાવવા માટે ઓન્ટેરિયો સરકાર $ 134 મિલિયનનું રોકાણ કરશે

## ઓટાવા અને ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં નવા પાંચ હેલિકોપ્ટરની ખરીદી કરાશે

**મિસિસાગા**

કાર ચોરોને પકડવા અને સંગઠિત અપરાધ સામે લડવા માટે ઑન્ટેરિયો સરકાર ગ્રેટર ટોરોન્ટો એરિયા અને ઓટાવામાં ઉપયોગ માટે પાંચ નવા પોલીસ હેલિકોપ્ટર ખરીદવા $ 134 મિલિયનનું રોકાણ કરી રહી છે. નવીનતમ તકનીકથી સજ્જ, હેલિકોપ્ટર હાઈવે અને રોડવેને હિંસક કારજેકિંગ, ઓટો ચોરી, સ્ટ્રીટ રેસિંગ અને અશક્ત ડ્રાઈવિંગથી સુરક્ષિત રાખવામાં મદદ કરશે. પ્રીમિયર ડગ ફોર્ડે જણાવ્યું હતું કે, પોલીસ પાસે ઓટો ચોરી અને કાર ચોરો ઉપર કાર્યવાહી કરવા માટે જરૂરી સાધનો અને સંસાધનો છે તેની ખાતરી કરવા માટે અમારી સરકાર જરૂરી રોકાણ કરી રહી છે. નવા જોઈન્ટ એર સપોર્ટ યુનિટના ભાગ રૂપે ઓન્ટેરિયો પ્રોવિન્સિયલ પોલીસ ઓટ્ટાવા અને ટોરોન્ટો પોલીસ સેવાઓને સમર્થન આપવા માટે બે નવા H 135 હેલિકોપ્ટર હસ્તગત કરશે. વધુમાં ડરહામ, હેલ્ટન અને પીલ પ્રાદેશિક પોલીસ સેવાઓ દ્વારા ત્રણ હેલિકોપ્ટરની ખરીદી, માલિકી અને સંચાલન કરવામાં આવશે.

# ટોરોન્ટો એરિયાનાં કોન્ડોના ભાડા 3 વર્ષમાં પ્રથમવાર ઘટ્યા : અહેવાલ

**ટોરોન્ટો**

કેનેડાના મોટાભાગની ગીચ વસ્તીવાળા પ્રદેશમાં કોન્ડોના ભાડા ત્રણ વર્ષમાં પ્રથમ વખત ઘટ્યા છે તેવો ઉલ્લેખ અર્બનેશન ઈન્ક.ના અહેવાલમાં કરાયો હતો. અહેવાલ મુજબ ગ્રેટર ટોરોન્ટો અને હેમિલ્ટન વિસ્તારમાં નવા ભાડા પટ્ટા ઉપર સરેરાશ કોન્ડો ભાડું ગયા વર્ષની સરખામણીમાં બીજા ક્વાર્ટરમાં 1.2 ટકા ઓછું હતું. એપ્રિલથી જૂનના ગાળા માટે ભાડું સરેરાશ $ 3.97 પ્રતિ ચોરસ ફૂટ અથવા 686-સ્કવેર-ફૂટ એપાર્ટમેન્ટ માટે $ 2,723 હતું, જે ગયા વર્ષના સમાન સમય દરમિયાન પ્રતિ ચોરસ ફૂટ $ 4.02 હતું, જે 2021 પછીના પ્રથમ ઘટાડો દર્શાવે છે. અર્બનેશનના પ્રેસિડેન્ટ શોન હિલ્ડેબ્રાન્ડ કહે છે કે, ભાડામાં થોડો પુલબેક મુખ્યત્વે કોન્ડો પૂર્ણતામાં વધારો થવાને કારણે છે. પરંતુ તે વલણ ટકી રહેવાની શક્યતા નથી. કારણ કે નવા કોન્ડોનું વેચાણ અને શરૂઆત નોંધપાત્ર રીતે ઘટી ગઈ છે. 2000થી પૂરા થયેલા હેતુ-નિર્મિત ભાડાના એપાર્ટમેન્ટ્સ માટેના ભાડા ગયા વર્ષ કરતાં 2.2 ટકા વધીને સરેરાશ $ 4.08 પ્રતિ ચોરસ ફૂટ થયા, જેમાં ટોરોન્ટોના ભાડામાં 0.5 ટકાનો ઘટાડો અને વિશાળ પ્રદેશમાં 7.7 ટકાનો ઉછાળો સામેલ છે.

# SUPER STRIKERના ૨ વિકેટથી વિજય સાથે HRBC ક્રિકેટ પ્રીમિયર લીગનું સમાપન

## ટૂર્નામેન્ટ માટે સહયોગ આપનારા તમામને બિરદાવાયા, આતશબાજી બાદ ખેલાડીઓને ટ્રોફી એનાયત





**નોર્થ યોર્ક**

નોર્થ યોર્ક, ટોરોન્ટોમાંથી ક્રિકેટ માટેની સ્થાનિક પ્રતિભાને પ્રોત્સાહિત કરવાના લક્ષ સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ નોર્થ યોર્ક ગુજરાતી કૉમ્યૂનિટી ગ્રૂપે ગ્રુપના પ્રમુખ પ્રજ્ઞેશ પટેલ તેમજ ઉપપ્રમુખ ચેતન અમીનની આગેવાની હેઠળ જુલાઈ ૨૦થી ૨૭ વચ્ચે HRBC ક્રિકેટ પ્રીમિયર લીગનુ ભવ્ય આયોજન કર્યું હતુ. સમગ્ર નોર્થ યોર્ક રિજીયનમાંથી કુલ ૧૨ ટીમોએ ભાગ લીધો હતો. અને ટુર્નામેન્ટના અંતમાં SUPER STRIKERS અને LEUVA KINGS વચ્ચેની રસાકસી ભરેલી ફાઈનલ મેચમાં SUPER STRIKERSનો ૨ વિકેટે વિજય થયો હતો. અંતે શનિવાર જુલાઈ ૨૭ના રોજ ફાઈનલ મેચ દરમિયાન, નોર્થ યોર્ક ગુજરાતી ગ્રૂપે સમગ્ર સમુદાય માટે BBQનો પ્રોગ્રામ યોજાયો હતો. સૌએ ફાઈનલ મેચ દરમિયાન સ્વાદિષ્ટ ફૂડનો ખુબ જ આનંદ માણ્યો હતો. ફાઈનલ મેચ પછી POST PRESENTATION CEREMONYની શરૂઆતમાં સૌ પ્રથમ ગ્રુપના પ્રમુખ પ્રજ્ઞેશ પટેલે ટુર્નામેન્ટને સફળ બનાવવા માટેના અથાક પુરુષાર્થ બદલ ગ્રુપના સંજય શાહ, ભાવિન પટેલ, રિતેશ શાહ, વિક્રમ પટેલ, સચિન પટેલ, સ્વપ્નિલ પટેલ, અલ્પેશ પંડ્યા, નીતિન પટેલ, કૃણાલ પટેલ, હસમુખભાઇ પટેલ અને રમેશ પટેલનો આભાર માન્યો હતો અને તેમના કામની ખુબજ પ્રશંસા કરી હતી. ત્યાર બાદ તેઓએ ટૂર્નામેન્ટના ટાઇટલ સ્પોન્સર્સ GRILLO LAW PERSSONEL INJURY LAWYERS, BMO REPESENTATIVE MANISH PATEL, LAWYER CHINTAN PATEL, IMMIGRATION CONSULTANT SHIVANI HITKARI, KRISH PATEL FROM KK3 WINDOW COVERING, JIGNESH SHAH FROM PAL PHYSIO & REHAB INC તેમજ PIXEL 9 MEDIA ના BHAVIN PATELને સ્ટેજ ઉપર આમંત્રિત કરી તેમનું સન્માન કર્યું હતું. સાથે સાથે કો-સ્પોન્સર્સ SMIT PATEL, DHIRESH SHAH અને KAPIL HITKARIનુ પણ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ RAJ CATERING વાળા BHARGAVIBEN SHAHને તેમના કૉમ્યૂનિટી તરફના વિશેષ યોગ દાન બદલ COMMUNITY HEROનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. સમારોહના અંતે આતશબાજી વચ્ચે, મેન ઓફ ધ સિરીઝ, બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ બોલર, ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચના પુરસ્કારો તેમજ વિજેતા ટીમ SUPER STRIKERS અને રનર અપ ટીમ LEUVA KINGSના કેપ્ટનને ટ્રોફી આપવામાં આવી હતી.



JK EVENTS

JK EVENT INNOVATORS
PRESENTS



SEPT 13TH 2024
BRAMPTON
BRAMALEA GO STATION,
SOUTH LOT

SEPT 14TH 2024
NORTH YORK
DOWNS VIEW PARK,
70 CANUCK AVE

Radhiyali Raat

WITH
AAMIR MIR | OSMAN MIR | PARTHI VYAS
PERFORMING LIVE

SUPPORTED BY
Kunj Shah REAL ESTATE +1 647-966-3974
HUMANS FOR HARMONY

CO TITLE SPONSOR
YAGNESH SHAH
MORTGAGE AGENT LEVEL 1
PHONE : 647-500-9274
EMAIL : yshahmort@gmail.com
LIC : M14001372
ISCON THAAL

DOOR OPENS AT 6 PM | TICKET PRICE $30

FOR GROUP TICKET PLEASE CONTACT US
VIA WHATSAPP OR CALL THE NUMBERS BELOW

KUNJ SHAH +1 647-966-3974 | DHAVAL RATHOD +1 437-984-2318

FREE PARKING AVAILABLE

SHARP INTERNATIONAL
IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CATEGORY FOR INSIDE OR OUTSIDE
CANADA CANDIDATE

DO YOU HAVE IELTS WITH 5 BAND ?

DO YOU HAVE GRADE 12 PLUS ANY
DIPLOMA OR DEGREE ?

DO YOU KNOW YOU ARE
ELIGIBLE FOR PR BASED -
CARE GIVER CATEGORY?

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST



AMI MEHTA
CANADIAN AUTHORIZED
IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

CONTACT TODAY TO KNOW MORE

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita
Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ;
Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex,
Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911